Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी ।
विवेकः सोदर्यः प्रतिदिनमनीहा च भगिनी ॥
प्रिया क्षांतिः पुत्रो विनय उपकारः प्रियसुहृत् ।
सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ॥ १ ॥

પુસ્તક ૩૩ મું. ] પોસ-મહા સંવત ૧૯૭૪. વીર સંવત ૨૪૪૪. [ અંક ૧૦-૧૧ મો.

## नामदार हिंदी वजीर मी. मॉन्टेग्युने धी जैन एसोशीएशन ऑफ इन्डीया तरफथी आपवामां आवेल मानपत्र.

હિંદુસ્તાને ચાલતા મહાન્ વિગ્રહમાં જે મોટો ફાળો આપ્યો છે તેનાથી પ્રસન્ન થઈને હિંદીપ્રજાને 'હવે પછી કેવા કેવા હકો આપવાની જરૂરીઆત છે તે બાબતનો સ્થાનિક સરકાર તથા લોકમાન્ય પ્રતિનિધિઓ વિગેરે સાથે વિચાર ચલાવવા અત્રે આવેલ નામદાર હિંદી પ્રધાન ફરતાં ફરતાં નામદાર હિંદુસ્તાનના વૉઈસરાય સાથે મુંબઈ આવે ત્યારે જૈનકોમ તરફથી એક માનપત્ર આપવાની હીલચાલ મુંબઈમાં પ્રથમથી થઈ હતી. આવી ઘણી હીલચાલોમાંથી ફક્ત જૈનોમાં માનવંતી પદવી ધરાવતી જૈન એસોશીએશન ઑફ ઈન્ડીયાનુંજ માનપત્ર લેવાની નામદાર હિંદી સરકારે મંજુરી આપી હતી. આ માનપત્ર લેવાનું પ્રથમથીજ તા. ૨૬. ડીસેમ્બર ૧૯૧૭-હિંદી તારીખ માગશર સુદ ૧૩ સં. ૧૯૭૪ ના બપોરે એક વાગે નક્કી કરવામાં આવ્યું હતું. જૈનકોમના પ્રતિનિધિરૂપ આ મંડળને બનાવવા જુદા જુદા ભાગમાંથી દશ સદ્‌ગૃહસ્થોને પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં ( ૧ ) બાબુ જીવણલાલ પનાલાલ, ( ૨ ) રાવબહાદુર હીરાચંદ નેમચંદ જે. પી. ( ૩ ) શેઠ મણીભાઈ ગોકળભાઈ, ( ૪ ) શેઠ ગુલાબચંદ દેવચંદ ઝવેરી, ( ૫ ) શેઠ ખીમજી હીરજી કાયાણી, ( ૬ ) ડૉ. મુનશી હીરજી મૈસરી, ( ૭ ) શેઠ કુંવરજી આણંદજી, ( ૮ ) શેઠ લખમીચંદજી ધીયા, ( ૯ ) શેઠ દલસુખભાઈ વાડીલાલ વીરચંદ, (૧૦) શેઠ રતન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદ તલકચંદ હતા. આ પ્રમાણે ત્રણ સુરતી, બે અમદાવાદી, એક બંગાળી, એક કાઠીયાવાડી, બે કચ્છી અને એક મારવાડી-તે પ્રમાણેનું પંચરંગી પાઘડીઓનાં સુંદર દેખાવથી શોભે તેવું આ મંડળ ચુંટવામાં આવ્યું હતું. આ ગૃહસ્થોને સરકારી મહેલમાં ટાઇમ પહેલા વીશ મીનીટે હાજર થવાનું સૂચવવામાં આવ્યું હતું. બધા ગૃહસ્થો સાડા અગીઆર લગભગે શેઠ મણિભાઇ ગોકુળભાઇને બંગલે એકઠા થયા હતા. જ્યાં પ્રથમ એકઠા થયેલા હશે ગૃહસ્થોનો ભેગો ફોટો લેવરાવવામાં આવ્યો હતો, અને પછીથી પાંચ મોટરમાં ગોઠવાઇ તેઓ સરકારી મહેલ-ગવર્મેન્ટ હાઉસમાં ગયા હતા; જ્યાં પોલીસ કમીશનરે તેમને આવકાર આપ્યો હતો. ત્યાર પછી સાડાબાર વાગ્યે બીજાં માનપત્રો ખલાસ થવાથી જૈન ગૃહસ્થોને બોલાવવામાં આવ્યા હતા. અને નામદાર હિંદી વાઇસરોય અને નામદાર હિંદી વજીર સન્મુખ તેમને લઇ જવામાં આવ્યા હતા. એસોશીએશનના સેક્રેટરી શેઠ રતનચંદ તલકચંદે નીચે પ્રમાણે માનપત્ર વાંચી સંભળાવ્યું હતું, જેમાં અત્યારની ઇન્ડીયન નેશનલ કોન્ગ્રેસ અને મોસ્લેમ લીગે મંજુર કરેલી સ્વરાજ્યની યોજનાની સાથે સહાનુભૂતિ દર્શાવતાં જૈનકોમ માટે અલાયદા પ્રતિનિધિત્વની માગણી કરી હતી. તે માનપત્ર મૂળ તથા તેનું ભાષાંતર આ પ્રમાણે હતું:—

To

His Excellency The Right Hon'ble
FREDERIC JOHN NAPIER THESIGER,

BARON CHELMSFORD,
P.C., G.M.S.I., G.M.I.E., Ec.,
Viceroy and Governor-General of India.

*and*

To

The Right Hon'ble

EDWIN SAMUEL MONTAGU,
P.C., M.P.,
Secretary of State for India.

May it please Your Excellency,
Most Respected Sir,

We, the President and representatives of the Jain Association of India, a Swetamber Body, beg to offer our most cordial welcome on behalf of our Community, and wish you, Sir, every success in the statesmanlike step you have taken, in coming here personally

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



to deliberate with the various representative bodies and individuals that constitute the public opinion of India.

We take this opportunity of requesting Your Excellency and you, Sir, to kindly convey to His Majesty the king Emperor our deep and abiding sense of loyalty to the Crown, as also our most heartfelt gratitude along with the other communities of India, for the declaration that the ultimate goal of the Policy of the British Rule in India is the grant of responsible Self-Government. We trust and pray that victory will soon crown the British Arms, and the British Empire will emerge from the struggle, stronger, more glorious, and firmly united as ever.

We beg humbly to submit that we entirely support and approve the scheme of reforms suggested by the Indian National Congress and Muslim League, as one to be carried out for the immediate requirements of the constitution. We are, however, confident that any scheme of constitutional reforms, that you devise after full and mature deliberation, will be so large and liberal as to make a substantial step forward towards meeting the growing aspirations of the people of this land, as also to so re-shape the constitution as to assure them speedy and secure advance along modern lines.

In a country of varied population like ours the interest of the certain important minorities have to be safeguarded without introducing any possible discord in the unity of India. The Jain Community of India is by its faith a distinct entity, and, if important minorities are to have representation in the future electoral system, we humbly submit that the claims of the Jain Community, whose loyalty has been proved unswerving, will be given a due weight and consideration.

Praying once again that the unprecedented step that you, Sir, as the Secretary of State for India, on the invitation of His Excellency the Viceroy, have taken, will prove a land-mark in the constitutional annals of this country.

We beg to remain,
Your Excellency's and Your
Most Obedient Servants,

For Private And Personal Use Only

( માનપત્રનું ભાષાંતર. )

## હીઝ એક્સેલન્સી ધી રાઇટ ઓનરેબલ ફેડરીક જોન નેપીઅર થેસીજર બેરન ચેમ્સફોર્ડ.

પી. સી., જી. એમ. એસ. આઇ., જી. સી. એમ. જી., જી. એમ. આઇ. ઈ વિગેરે વિગેરે.

### હિંદુસ્તાનના વાઇસરોય અને ગવર્નર જનરલ,

તથા

### ધી રાઇટ ઓનરેબલ એડવીન સેમ્યુઅલ મોન્ટેગુ, પી. સી. એમ. પી.

### હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી.

માનવંતા સાહેબ,

અમો શ્વેતાંબર સમૂહ, હિંદુસ્તાનની જૈન એસોસીએશનના પ્રમુખ અને પ્રતિનિધિઓ અમારી કોમ તરફથી આપ નામદારને અમારા અંતઃકરણથી આદર-સન્માન કરીએ છીએ; અને હિંદુસ્તાનની પ્રજાના ભિન્ન ભિન્ન સમૂહ અને વ્યક્તિઓ સાથે વિચાર કરવાને જાતે આવવામાં આપ નામદારે રાજનીતિજ્ઞતાવાળું જે પગલું લીધું છે તેમાં દરેક ફત્તેહ ઇચ્છીએ છીએ.

આપ નામદાર, નામદાર શહેનશાહ બહાદુરને બ્રિટીશ રાજ્ય પ્રત્યેની અમારી ઉંડી અને જાથુની વફાદારીની લાગણી તેમજ અમારા હૃદયનો આભાર જણાવવા મહેરબાની કરશો.

હિંદુસ્તાનના બ્રિટીશ અમલનો અંતિમ હેતુ જવાબદારીવાળું સ્વરાજ્ય બક્ષવાનો છે એ બાબત જાહેર કરવા માટે હિંદુસ્તાનની બીજી કોમો સાથે અમો પણ આપ નામદારનો ઉપકાર માનવાની આ તક લઇએ છીએ.

અમો ભરોસો રાખીએ છીએ અને પ્રાર્થના કરીએ છીએ કે આ લડાઇમાં બ્રિટીશ શસ્ત્રોને ફત્તેહ મળે, અને બ્રિટીશ રાજ્ય આ લડાઇમાંથી વધારે મજબુત રીતે, વધારે પ્રતાપભરેલી રીતે અને વધારે દઢતાપૂર્વક એકત્રપણે બહાર નીકળે.

અમો નમ્રતાપૂર્વક અરજ કરીએ છીએ કે રાજ્યબંધારણને અંગે તાત્કાળિક જરૂરીયાતોને માટે અમલમાં લાવી શકાય તેવી જે યોજના ઇન્ડીયન નેશનલ કોન્ગ્રેસ અને મુસ્લીમ લીગે સૂચવેલી છે, તે સુધારાની યોજનાને અમો સંપૂર્ણપણે પુષ્ટિ આપીએ છીએ અને વખાણીએ છીએ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમોને વળી પ્રતીતિ છે કે રાજ્યબંધારણની કોઇ પણ યોજના જે આપ નામદાર પૂર્ણ અને પુખ્ત વિચાર કર્યા પછી યોજશો તે એવી વિસ્તીર્ણ અને ઉદારશીલ થશે કે જેથી આ દેશના લોકોની વધતી જતી મહત્વાકાંક્ષાઓને તેથી સંપૂર્ણ સંતોષ મળશે; તેમજ એવી જાતનું રાજ્યબંધારણ તમે પુનઃ રચશો કે જેનાથી તેઓ આધુનિક પદ્ધતિમાં ત્વરિત અને ચોક્કસ વધારો કરી શકશે.

અમારી જેવી જુદી જુદી કોમોવાળા દેશમાં, હિંદુસ્તાનની એકત્રતામાં કુસંપનાં કોઇ પણ તત્ત્વ દાખલ થયા સિવાય અમુક અગત્યની પ્રજાના નાના સમૂહના લાભો સાચવવાની જરૂર છે. હિંદુસ્તાનની જૈનકોમ ધર્મની રીતિએ એક જુદી કોમ છે; અને ભવિષ્યના પસંદગીના ધોરણોમાં જો પ્રજાના અગત્યના નાના સમૂહો પ્રતિનિધિત્વ મેળવવાના હોય તો અમો નમ્રતાપૂર્વક અરજ કરીએ છીએ કે જૈનકોમ કે જેમની વફાદારી નિશ્ચલ પૂરવાર થઇ છે, તે કોમના હકોના સંબંધમાં યોગ્ય વજન અને વિચાર કરવામાં આવશે.

છેવટે પુનઃ પ્રાર્થના કરીએ છીએ કે નામદાર વાઇસરોયના આમંત્રણને માન આપી આપ નામદારે હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી તરીકે જે અપૂર્વ પગલું લીધું છે તે આ દેશના બંધારણના ઇતિહાસમાં સ્મરણિય ચિન્હ તરીકે પૂરવાર થાય.

અમે છીએ,

**આપ નામદારના નમ્ર સેવકો.**

ઉપર પ્રમાણેનું માનપત્ર વંચાઇ રહ્યા બાદ નામદાર વેઇસરોય તથા હિંદી વજીરને રૂપાના કાસ્કેટમાં તે અર્પણ કરવામાં આવ્યું હતું, અને ડેપ્યુટેશનના દરેક ગૃહસ્થોની તે નામદારો સાથે ઓળખાણ કરાવવામાં આવી હતી. જૈનકોમ કેટલી અગત્યની કોમ છે તે બાબત ઉપર ઓનરેબલ મી. બાસુએ તે નામદારોનું ધ્યાન ખેંચ્યું હતું, અને યોગ્ય નોટ તે બાબતની કરી લેવામાં આવી હતી. નામદાર વાઇસરોય તથા હિંદી વજીરે પધારેલ ગૃહસ્થોનો આભાર માન્યો હતો અને દરેકની સાથે હસ્તે મુખે શેકહેન્ડ કરી હતી. ત્યારબાદ ડેપ્યુટેશનના ગૃહસ્થો મોટરમાં શેઠ મણિભાઇ ગોકળભાઇને બંગલે પાછા ફર્યા હતા. ત્યાં બધાએ ચા ટીફીન લીધા બાદ ડેપ્યુટેશનના ગૃહસ્થો વીખરાઇ ગયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अग्यारमी श्री जैन श्वेतांबर कोन्फरन्स.

## કલકત્તા શહેરનું હર્ષપ્રદ અધિવેશન.

### સમાલોચના અને સંક્ષિપ્ત મુદ્દાસર હેવાલ.

**તા. ૩૦-૩૧-૧ ડીસેમ્બર-જાન્યુઆરી, માગશર વદી ૨-૩-૪ રવિ, સોમ, મંગળ.**

અગ્યારમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું એક અધિવેશન તા. ૩૦ મી, ૩૧ મી ડીસેંબર ૧૯૧૭ અને તારીખ પહેલી જાન્યુઆરી ૧૯૧૮ ને રોજ કલકત્તા મુકામે કરવામાં આવ્યું હતું. કલકત્તાનિવાસી આપણા બંધુઓએ કોન્ફરન્સનું એક અધિવેશન ત્યાં કરવાનો નિર્ણય નવેંબરની આખરે જાહેર કર્યો હતો અને તેમ હોવા છતાં ટુંકા વખતમાં ઘણી સુંદર તૈયારી કરી હતી. આ વખતે ત્યાં કોન્ગ્રેસનો મેળાવડો થવાનો હોવાથી સારી સંખ્યામાં દૂર દેશથી ડેલીગેટો આવવાનો સંભવ હતો અને તેને લગતી યોગ્ય તૈયારીઓ તત્રસ્થ બંધુઓએ કરી હતી. કલકત્તા-નિવાસી સર્વ બંધુઓમાં પ્રસંગને યોગ્ય આતિથ્ય ભાવ, પ્રેમ અને હર્ષ સ્પષ્ટ જણાઈ આવતો હતો. મંડપ તથા ઉતારાની સગવડ રાય બદ્રીદાસ મુકીમના દાદા-વાડીના બગીચામાં કરવામાં આવી હતી અને ભોજન માટે સગવડ પણ ત્યાંજ કરવામાં આવી હતી. આ વિશાળ સૌંદર્યવાળી જગ્યાની અનુપમ રચના અને સુંદર દેવચૈત્યનું બારીક કામ જૈનેતરને પણ આકર્ષણ કરે તેવું છે. કલકત્તાની મુલાકાત લેનાર ભાગ્યેજ કોઈ વ્યક્તિ આ ભવ્ય ચૈત્યની મુલાકાત લીધા વગર રહે છે. કળા અને કારીગીરીના ઉત્તમ નમુનારૂપ ચૈત્યની સમીપમાં એક વિશાળ ચોક છે અને તેની બાજુમાં એક બીજો ચોક છે ત્યાં વિશાળ મંડપની રચના કરવામાં આવી હતી અને બાબુના મુકામના વિશાળ વરંડાને વધારીને સુંદર પ્લેટફોર્મ બનાવ્યો હતો. ત્યાં સુંદર મંડપની શોભા એટલી ભવ્ય રીતે કરવામાં આવી હતી કે તેમાં સાદાઈ છતાં ભવ્યતા દેખાતી હતી, અલ્પ ધનવ્યય છતાં પૂરતી સગવડ દેખાતી હતી અને યોગ્ય વિશાળતા છતાં વિભાગની વ્યવસ્થા યોગ્ય દેખાતી હતી. બે હજાર પ્રેક્ષકો સારી રીતે લાભ લે એવા આ વિશાળ સભાસ્થાનમાં ખુરશીઓ ગોઠવી દઈને એવી સુંદર ગોઠવણ કરી હતી કે તેની મનોહરતા, સ્વચ્છતા અને સ્પષ્ટતાને જોઈને કળા-વિધાયકોને પણ આનંદ થતો હતો અને ટુંક સમય હાથમાં હોવા છતાં વ્યવસ્થા-સરની ગોઠવણ માટે કલકત્તાના બંધુઓની કાર્યદક્ષતા અને વ્યવહારૂપણા માટે હર્ષનો ઉદ્ગાર સ્વતઃ નીકળી પડતો હતો.

કલકત્તા અને બંગાળનિવાસી બંધુઓએ સન્માનકારિણી સંસ્થા (રિસેપ્શન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કમીટિ ) ના અધ્યક્ષ તરીકે સર્વમાન્ય શેઠ રામચંદભાઇ જેઠાભાઇની નીમણુક કરી હતી અને મંત્રી તરીકે કોન્ફરન્સના જનરલ સેક્રેટરી રાયકુમારસિંહજીની નીમણુક કરી હતી. આ બન્ને લોકપ્રિય બંધુઓએ પોતાના મહત્વપૂર્ણ હોદ્દાને પૂરતો ન્યાય આપ્યો હતો અને તેમની હાજરી સર્વ દિશાએ સર્વ પ્રસંગે વ્યક્ત થતી હતી. એ ઉપરાંત મંડપ ભોજન અને વોલંટીયર કમીટિના અંગભૂતો પોતપોતાનું કાર્ય બહુ સારી રીતે બજાવતા હતા.

આ વખતે અધિવેશનના પ્રમુખ તરીકે મુંબઇનિવાસી શેઠ ખેતશી ખીયશીની પસંદગી કરવામાં આવી હતી. અનેક ધાર્મિક સખાવત કરનાર આ વયોવૃદ્ધ શ્રીમાન્ શેઠની નિમણુક એકી અવાજે પ્રશંસાપાત્ર નીવડી હતી. તેમની હાર્દિક નિખાલસ વૃત્તિ અને ધર્મભાવના આ અધિવેશનને ફત્તેહમંદ બનાવવામાં બહુ અંશે કારણભૂત થયા હતા. કેટલીક બાબતમાં ગુજરાતી બંધુઓ અને કચ્છીભાઇઓ વચ્ચે વરસો થયા જે અંતર પડી ગયું હતું તે ઓછું થવાનું આ નિમણુકથી પ્રબળ કારણ પ્રાપ્ત થયું હતું અને પ્રમુખ તરીકે શેઠશ્રીએ જે દક્ષતાથી કાર્ય કર્યું હતું, તેથી આ નિમણુકની યોગ્યતા સ્પષ્ટ થઇ હતી.

કલકત્તાનિવાસી બંધુઓએ બહારગામથી આવતા ડેલીગેટોની સગવડ સાચવવા માટે બની શકતી સર્વ તૈયારી કરી હતી અને ટુંક વખત હોવા છતાં ૨૨૫ વોલંટીયરોની એક નાની સરખી સેના તૈયાર કરી હતી, જેમણે પોતાનું કાર્ય ઘણા ઉત્સાહથી બજાવ્યું હતું. વોલંટીયરના સુપ્રીન્ટેન્ડન્ટ તરીકે રાયબદ્રીદાસજીના નાના પુત્ર રાજકુમારસિંહજીએ બહુ ઉત્તમ કાર્ય કર્યું હતું, અને શેઠ નરોત્તમદાસ જેઠાભાઇ જેઓ રિસેપ્શન કમીટિના ચેરમેનના નાના બંધુ થાય છે તેમણે પણ આ કમીટિમાં સેક્રેટરી તરીકે ઘણો ભોગ આપી કોમ અને ધર્મ તરફનો પોતાનો આંતર રાગ બતાવી આપ્યો હતો. વોલંટીયરોએ એકંદરે ઘણાં ઉત્સાહથી કામ કરી સર્વના હૃદયનું આકર્ષણ કર્યું હતું. રાતદિવસ સખ્ત પ્રયાસ કરીને આ અધિવેશનને ફત્તેહમંદ બનાવવામાં તેઓએ મોટો ફાળો આપ્યો હતો.

પ્રમુખશ્રીની પધરામણી તા. ૨૮ મી ડીસેંબરે સવારે અગીઆર વાગે થઇ હતી. તેમના માનમાં સ્ટેશન ઉપર રીસેપ્શન કમીટિના મેંબરો અને વોલંટીયરની આખી ફોજ હાજર થયા હતા અને એક આકર્ષણીય વરઘોડાના આકારમાં તેમને હેરીસન રોડ ઉપરના રાયસાહેબ બદ્રીદાસજીના મુકામમાં લઇ જવામાં આવ્યા હતા. આખે રસ્તે તેમને અસાધારણ માન મળ્યું હતું અને વરઘોડો મુકામે પહોંચતાં લગભગ બે કલાક જેટલો વખત થયો હતો. હાજર રહેલા સર્વ બંધુ-

For Private And Personal Use Only

ઓની મુખમુદ્રા તે વખતે ઉત્સાહથી પ્રફુલ્લિત જોવામાં આવી હતી. અનેક જગ્યાએ પ્રમુખસાહેબની ગાડીને ઉભી રાખી હારતોરા પહેરાવવામાં આવ્યા હતા અને આખે રસ્તે આરકાઓ અને કમાનોમાં શાસન ઉન્નતિના અને હૃદયના ઉભળકાના આલેખો વાંચવામાં આવતા હતા.

આ પ્રસંગે બહારગામથી લગભગ ૩૦૦ ઉપરાંત ડેલીગેટો આવ્યા હતા. બંગાળાના સર્વ ગૃહસ્થો રીસેપ્શન કમીટિના મેંબરો તરીકે દાખલ થયા હતા તેથી ડેલીગેટોની જે સંખ્યા ગણાતી હતી તે ઘણીખરી બંગાળા બહારની હતી. દૂરદેશ અને વખતનો સંકોચ હોવા છતાં આટલી સંખ્યા ડેલીગેટની થઇ તે ઘણી વિશેષ હતી. વળી આ વખતે રેલવે તરફથી કોઇપણ પ્રકારની છુટછાટ ન હોવા છતાં અને સખ્ત ઠંડીનો સમય હોવા છતાં રસ લઇ મોટી સંખ્યામાં ડેલીગેટો હાજર થયા, તેથી લોકોનો સંસ્થા તરફ સદ્‌ભાવ સ્પષ્ટ થતો હતો. મંડપમાં રીસેપ્શન કમીટિના મેંબરો, ડેલીગેટો અને પ્રેક્ષકોની કુલ સંખ્યા ૧૮૦૦ થી ૨૦૦૦ લગભગ થઇ હતી અને ચિત્ર વિચિત્ર પાઘડીઓથી મંડપ મોહક દેખાતો હતો. સ્ત્રીપ્રેક્ષકો પણ મોટી સંખ્યામાં હાજર થવાથી તે સ્થાન ખાસ ધ્યાન ખેંચનાર લાગતું હતું. મંડપમાં વોલંટીયરોની મોટી સંખ્યા પોતાના પીળા ફેંટા અને સોટી સાથે બહુ સુંદર સેવા બજાવતી હતી. કોઇપણ પ્રકારની સેવા બજાવવા માટે તેઓ તૈયાર રહેતા હતા.

રીસેપ્શન કમીટીના ચેરમેનનું ભાષણ મુદ્દાસરનું અને વખતને યોગ્ય હતું. પ્રમુખનું ભાષણ અગાઉના ભાષણોના પ્રમાણમાં ટુંકું પણ મુદ્દાસરનું હતું. તેમાંનો કેટલોક ભાગ પ્રેરક હતો અને કેટલીક જરૂરની ટીકા પણ તેમાં જોવામાં આવી હતી. વિદ્યા—કેળવણી અને સંપના મુદ્દા ઉપર તેમાં ખાસ લક્ષ્ય ખેંચેલું જણાતું હતું. પ્રથમ દિવસે આ બન્ને ભાષણો વાંચવા ઉપરાંત કોન્ફરન્સનો રિપોર્ટ વાંચવામાં આવ્યો હતો. આ બન્ને ભાષણો આ સાથે વિગતવાર આપવામાં આવ્યા છે તે વાંચી જવા ખાસ ભલામણ છે.

કોન્ફરન્સના બીજે અને ત્રીજે દિવસે જરૂરી ઠરાવો કરવામાં આવ્યા હતા અને તે પર વિવેચન થયાં હતાં. આ વરસના ઠરાવો જોતાં જણાય છે કે અગાઉના અધિવેશન પેઠે આ વરસે પણ કેળવણીના સવાલોને ખાસ અગ્રસ્થાન આપવામાં આવ્યું હતું. કેળવણીને લગતા સર્વ ઠરાવો ઘણા વિચારપૂર્વક ઘડવામાં આવ્યા હતા અને તે પર વિવેચનો પણ સારાં થયાં હતાં. ઠરાવોનો અમલ કરવા માટે પ્રેરણાત્મક ભાષણો બહુ સારાં થયાં હતાં. સર્વ ઠરાવો એટલી સુંદર રીતે ઘડવામાં આવ્યા હતા કે તેનો બારીક અભ્યાસ કરવાની જરૂર છે. વિશેષ રીતે વાંચી વિચારી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવા માટે તે ઠરાવો આગળ વિગતવાર આપવામાં આવ્યા છે. દરેક ગામમાં એ ઠરાવો અને પ્રમુખના ભાષણો વંચાય અને તેનો યોગ્ય અમલ થઇ શકે તો ઘણો લાભ થાય, તેથી તે સંબંધમાં યોગ્ય કરવા જૈન બંધુઓને ખાસ વિજ્ઞપ્તિ છે.

પ્રથમ દિવસનું કાર્ય પૂર્ણ થયા પછી વિભાગવાર સબજેક્ટસ કમીટિની ચુંટણી કરવાનું વિભાગોને સૂચવવામાં આવ્યું હતું અને ચુંટાયલાં નામો ચીફ સેક્રેટરી તરફ મોકલવાનું જણાવવામાં આવ્યું હતું. આ સૂચનાનો અમલ ૨૦ મિનિટમાં થઇ ગયો હતો અને બંધારણ પ્રમાણે કામ કરવામાં આવ્યું હતું. આ કાર્ય જે સરલતાથી બે અધિવેશનમાં થઇ શક્યું હતું તે ઉપરથી જણાય છે કે નિયમસર કાર્ય કરવાથી સરલતા વધારે થાય છે અને કચવાટના પ્રસંગ ઘટતા જાય છે. સબજેક્ટસ કમિટિના મેળાવડા રાત્રે રાય બ. બદ્રીદાસજીના હેરીસન રોડ પરના મુકામમાં જ્યાં પ્રમુખશ્રીને ઉતારો આપવામાં આવ્યો હતો ત્યાંજ એકઠા થયા હતા.

આ વરસના મેળાવડામાં એક ખાસ લક્ષ્ય ખેંચનાર હકીકત તે લોકમાન્ય જૈનેતર ગૃહસ્થોની હાજરી અને ભાષણો હતાં. લોકમાન્ય તીલક સાહેબે હાજરી આપી જૈનોને જાગૃત કર્યા હતા. લોકમાન્ય સત્યાગ્રહ મૂર્ત્તિ સ્વરૂપ શ્રીયુત્ મોહનદાસ ગાંધીએ કોમના વિભાગો વચ્ચે ચાલતા કલેશો દૂર કરવા ખાસ ભલામણ કરી હતી અને પંડિત મદનમોહન માલવીયાએ જૈનકોમના સમૂહબળપર ભાર મૂકી જાહેર પ્રવૃત્તિમાં વિશેષ ભાગ લેવા સૂચવન કર્યું હતું. પંડિતજી લગભગ એક કલાક બોલ્યા હતા અને આખા ભાષણ દરમ્યાન સર્વેને અનેક બાબતોનો રસ ચખાડ્યો હતો. કોન્ગ્રેસના અધિવેશન સાથે આપણું અધિવેશન થાય તો આપણા બંધુઓ બહુ સુંદર રીતે રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેતા થાય એ ઉપરાંત આવા આત્મભોગ આપનાર માનનીય આગેવાનોના પ્રસંગમાં પણ આવી શકાય એ મોટો લાભ છે એમ આ વખતના અનુભવે બતાવી આપ્યું હતું. આયંદે આ પ્રશ્ન ઉપર વિચાર કરી કોન્ગ્રેસના મેળાવડા પ્રસંગે કોન્ફરન્સનું અધિવેશન કરવાની સૂચના ઉપાડી લેવા કાર્યવાહકો વિચાર કરશે એવી ખાસ સૂચના છે.

આ વરસના કાર્યમાં બીજી એક અગત્યની બાબત જોવામાં આવી તે આપણા સંચાલકોની કાંઇ વ્યવહારૂ કાર્ય કરવાની તીવ્ર ઇચ્છા જોવામાં આવતી હતી. શરૂઆતથીજ કલકત્તાવાસી બંધુઓ ઠરાવ કરવા ઉપરાંત કાંઇપણ વ્યવહારૂ કાર્ય કરવાની ભલામણ કરતા હતા. હિંદુ યુનિવર્સીટીમાં જૈન સાહિત્ય શિક્ષણ અને રેસીડન્સીને અંગે કાયદામાં એવું લખાઇ ગયું છે કે જૈનો ખાસ ખર્ચ આપે તો તેમને માટે અલગ Jain chair જૈન અભ્યાસની ગોઠવણ કરી આપવી એને માટે કુલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગુ બાબતોનો ખર્ચ થવાનો હિસાબ થતાં તે બાબતમાં રૂ. ૮૮૦૦૦) જેટલી રકમ આપણા ફાળા તરીકે આપવાની વ્યવસ્થા થઇ ગઇ છે. તે સંબંધી કાર્ય કરવા એક કમીટિ નીમવામાં આવી છે, બાકીની રકમનો કેટલોક ભાગ સ્થાનકવાસીઓ આપશે. કાંઇક ભરાયેલી રકમમાં વધારો થશે અને અરધી રકમ દીગંબર બંધુઓ આપશે એ વિગેરે વિગતો મુકરર કરવાનું કાર્ય એ કમીટિ કરશે. આ કાર્ય બહુ વ્યવહારૂ થયું છે.

પ્રમુખ સાહેબે સારી રકમ સખાવત માટે જાહેર કરી એ પ્રસંગે લોકોમાં ઘણો હર્ષ જોવામાં આવતો હતો. વિગતવાર સખાવતનું લીસ્ટ છેવટે આપવામાં આવ્યું છે. અંતિમ ઉદ્‌ગારમાં પ્રમુખશ્રીએ ધર્મ સંબંધી ઝઘડા કોરટમાં ન જાય તે માટે ઇચ્છા બતાવી અને કલકત્તા તથા બંગાળાવાસી બંધુઓનો બહુ આભાર માન્યો હતો. એ ઉપરાંત તેમણે શેઠ કુંવરજી આણંદજીને ખાસ ઉદ્દેશીને કહ્યું હતું કે કચ્છી અને ગુજરાતી ભાઇઓ વચ્ચે જે કચવાટ છે તે દૂર કરવા તેમણે ખાસ પ્રયત્ન કરવો જોઇએ અને આપણા બંધુઓ આગળ વધે તે માટે અંદર અંદરના કલેશો દૂર થવા જોઇએ. એના જવાબમાં આનંદ પ્રદર્શિત કરવા સાથે પ્રમુખશ્રીને જવાબ આપતાં શા. કુંવરજી આણંદજીએ સૂચવેલ બાબતમાં પોતાથી બનતું કરવા હોંશ બતાવી હતી.

તા. ૧ લીની રાત્રે સાડાસાત વાગે મેળાવડો બરખાસ્ત થવા પહેલાં અરસ્પરસ આભાર માનવામાં આવ્યા હતા, તે વખતે ઘણા હર્ષોદ્‌ગાર નીકળ્યા હતા; તે આપણી સહાનુભૂત્તિ બતાવતા હતા. વોલંટીયરોનો તથા રીસેપ્શન કમીટીનો ખાસ આભાર માનવામાં આવ્યો હતો અને પ્રમુખનો આભાર મનાયા બાદ શ્રી વીરપરમાત્માની જય બોલાવી અત્યંત હર્ષ સાથે અગીયારમું અધિવેશન પૂરૂં થયું હતું. મેળાવડાનો વિગતવાર હેવાલ નીચે આપવામાં આવ્યો છે.

## પ્રથમ દિવસ.

માગશર વદ ૨-રવિવાર, તા. ૩૦-૧૨-૧૭

### આરંભનું મંગળાચરણ.

अर्हन्तो भगवन्त इन्द्रमहिताः सिद्धाश्च सिद्धिस्थिताः
आचार्य्या जिनशासनोन्नतिकराः पूज्या उपाध्यायकाः।
श्री सिद्धान्त सुपाठका मुनिवराः रत्नत्रयाराधकाः
पञ्चैते परमेष्ठिनः प्रतिदिनं कुर्वन्तु वो मङ्गलम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કોન્ફરન્સનું વિજયગીત.

વિજય વિજય વિજય આજ કોન્ફરન્સ પામો (૨)
વીરશાસન વિજય નાદ અખીલ વિશ્વે જામો—વિજય૦ ૧
વીર સંઘના સરદારો પ્રેમથી પધારો,
ફૂલડે વધાવીએ જૈન કોમને સુધારો (૨)—વિજય૦ ૨
સંપ ખંત ધૈર્યનાં બખ્તર સજો સજાવો,
જ્ઞાન પાન શિક્ષણોથી અંખી દૂર હઠાવો—વિજય૦ ૩
કુસંપ મૂળ કાપવા, સુધારા અમલ લાવો,
કર્તવ્યને સમજી જઈ, વીર વાવટા ઉડાવો—વિજય૦ ૪
પ્રાચીન પ્રભાવિકતાનું, સ્મરણ દિલ ધારો,
વિમલ, વસ્તુ, તેજ, જગતશેઠને અવધારો—વિજય૦ ૫
અગ્યારમું અધિવેશન આજ, શાસન જ્યોત જામો,
ભારતમાં જૈન નામને, કરો અમર કરી કામો—વિજય૦ ૬

**અમૃતલાલ માવજી શાહ.**

### દાદરા.

આજ હૈ આનન્દ બહાર, બહાર મેરે પ્યારે;
વીર પ્રભુ શાસનકે નાયક, મહિમા હૈ અપરમપાર. ૧
શ્વેતામ્બર કાન્ફ્રેન્સકા જગમેં, હો રહા જૈ જૈ કાર. ૨
કાન્ફ્રેન્સકે પ્રમુખ પધારે, સબકો હૈ હર્ષ અપાર. ૩
શેઠ સાહેબ શ્રી ખેતશીભાઈ, બડે હૈં દાતા ઉદાર. ૪
જૈનધર્મકા વિજયકા ડંકા, જગમેં બજે હરબાર. ૫
જયવન્તા રહો શ્રી જિનશાસન હોવે સમાજ સુધાર. ૬
જ્ઞાન બઢે જીસસે શ્રી સંઘમેં, વિદ્યાકા કીજે પ્રચાર. ૭
ધાર્મિક વ્યવહારિક ઔર નૈતિક, રીતોંકા કીજે પ્રચાર. ૮
માનિકચન્દ સબ નરનારી મિલ, ગાતે હૈં મંગલાચાર. ૯

**માણિકચન્દ શેઠ.**

ઉપરનાં ગાયનો બહુ મધુરતાથી ગવાઈ રહ્યા બાદ કોન્ફરન્સના સેક્રેટરી રાય કુમારસિંહજીએ આમંત્રણપત્ર વાંચી બતાવ્યું હતું. ત્યારબાદ અગીઆરમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના રીસેપ્શન કમીટીના પ્રમુખ શેઠ રામચંદ જેઠાભાઇએ નીચે પ્રમાણે ભાષણ વાંચી સંભળાવ્યું હતું.

For Private And Personal Use Only

लोकानंदकरी भवोदधितरी श्रेयस्तरोर्मंजरी ।
श्रीमद् धर्ममहानरेंद्रनगरिव्यापल्लताधूमरि ॥
हर्षोत्कर्षशुभप्रभावलहरि रागाद्विषांजित्वरी ।
मूर्त्ति श्रीजिनपुंगवस्य भवतु श्रेयस्करी देहिनां ॥

માન્યવર સદ્‌ગૃહસ્થો તથા સુશીલ બહેનો !

શ્રી પરમકૃપાળુ પરમાત્મા શ્રી મહાવીર તીર્થંકર ભગવાનનાં વંદનીય ચરણ-કમળોમાં પંચાંગ પ્રણામ કરી, શ્રીમાન્ શાસનશિરોમણી પ્રાતઃસ્મરણીય શ્રી સુધર્માસ્વામીને વિનીતભાવે વંદન કરી, શ્રીમાન્ અરિહંતસ્વામિએ પણ પૂજ્ય ગણી પ્રાર્થેલા તીર્થરૂપ શ્રી સકળ સંઘને સપ્રેમ આંતર્ભાવપૂર્વક નમસ્કાર કરી, અત્ર વિરાજિત સર્વ સહધર્મી ભાઇઓને શ્રી કલકત્તાનિવાસી જૈન શ્વેતાંબર સકળ સંઘની આજ્ઞાનુસાર, તેમના આંતરિક આવકાર સવિનય સાદર કરતાં, આરંભમાંજ વિદિત કરવાની મારી પ્રથમ ફરજ છે કે, તે શ્રી સંઘ તરફથી આ રીતે આપ સજ્જનોને માટે આપવામાં આવતા આવકાર માટે હું તેઓ તરફથી નીમાયેલો હોવાથી તેમનો અત્યંત આભારી છું, એટલુંજ નહિ પણ મારા પુર્વોક્ત સદ્‌ભાગ્યે પ્રાપ્ત થયેલા આ શુભાવસરથી આપ સર્વ સહધર્મીઓનાં દર્શનના લાભે કૃતાર્થ થયેલો માનું છું.

મને પોતાને વિશેષ જણાતી મારી અપૂર્ણતા, તથા મારા ઘણાએક બાંધવોની મારા કરતાં વિશેષ યોગ્યતા એ બંને તરફ લક્ષ આપતાં મને પોતાનેજ એમ સ્પષ્ટ હૃદયભાન થાય છે કે, જે મહત્વપૂર્ણ કાર્ય મને સોંપાયું છે તેનો અતોલ ભાર જો બીજા યોગ્ય માન્યવર ગૃહસ્થ પર મુકવામાં આવતે તો મારૂં ધારવું છે કે વિશેષ ઠીક થતે; તેમ છતાં શ્રી.સંઘની આજ્ઞા, સર્વથા વંદનીય અને શિરોમાન્ય, ગણી સંઘ તરફથી સોંપેલા કાર્યને માટે ઉદ્યત થવાની મારી ફરજ છે.

આપણા આ પ્રાયઃ પ્રતિવાર્ષિક કોન્ફરન્સના અનેકાનેક લાભ પૈકી પ્રથમ મહત્વનો લાભ, દેશદેશાંતરોથી અનેક પ્રકારની અગવડો તથા શ્રમ વેઠી, દ્રવ્યાદિનો ભોગ આપી, ઠેઠથી આટલે અંતરે પધારવાની કૃપા કરનાર સમસ્ત આર્યદેશના પૂજનીય શ્રી સંઘના દર્શનનો છે, કે જેને શ્રી તીર્થંકર પરમાત્માએ પણ મહાપવિત્ર કહેલો છે. વળી તે લાભનું વિશેષ મહત્વ તો એ છે કે ખુદ ભગવાને પણ તે કલ્યાણકારી સંઘોને " નમો તીથ્થસ્સ " કહી સર્વોત્તમ ગણ્યા છે. આ મહાન્ શ્રી સંઘો આપણા સદ્‌ભાગ્યના યોગે પોતાના પ્રતિનિધિઓદ્વારા દર્શન આપવા આપણા શહેરમાં પધાર્યા છે, એટલુંજ નહિ પણ આપણા ઉપર અધિક ઉપકારરૂપે આપણા સર્વ પ્રકારના અભ્યુદયના મહત્પ્રશ્નોની વિવેચના કરવાની પણ તસ્દી સ્વીકારી છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે જોતાં આપણા ઉપરની તેમની કૃપા તરફ કાર્યવાહકો જેટલી કૃતજ્ઞતા દર્શાવે તેટલી ઓછી છે.

આપને સુવિદિત છે કે જે પ્રદેશમાં પરમાત્માની કૃપાથી આપનું આગમન થયું છે, તે પ્રદેશ પણ ધર્મમાહાત્મ્યની બાબતમાં ઓછો અગત્યનો નથી. આ દેશ તરફ આપણા ચરમ તીર્થંકર શ્રી મહાવીર પરમાત્માના જન્મકલ્યાણક આદિ સર્વે કલ્યાણકો થયા છે. વળી આ શહેરના ઘણાજ નિકટ સાનિધ્યવાળા પવિત્ર ધામ શ્રી સમેતશિખરજીમાં આપણા પરમ વંદનીય ચતુર્વિંશ તીર્થંકરો પૈકી વીશ મહાપ્રભુની નિર્વાણભૂમિ છે, એટલુંજ નહિ પણ શ્રી ચમ્પાપુરી, શ્રી પાવાપુરી આદિ પંચતીર્થ પણ નિકટમાં છે. આપણા મહાન્ પૂજ્યલબ્ધિના ભંડાર શ્રી ગૌતમસ્વામી પણ આજ દેશ તરફ જન્મ્યા હતા. તેમની દિક્ષાભૂમિ તેમજ નિર્વાણભૂમિ પણ આ બંગાલદેશ તરફજ હસ્તી ધરાવે છે. આપણા જૈનધર્મના સર્વોત્તમ પ્રસારક માનનીય શ્રીમાન્ શ્રેણિક નરેશ્વર જેવા મહા પ્રતાપી રાજ્યકર્ત્તાઓની નાના પ્રકારની ધર્મોદ્ધારક લીલાઓનું આ પ્રદેશ કેન્દ્રસ્થાન ગણાય છે. આવાં શહેરોમાં આવેલું રાય બદ્રીદાસજી મુકીમ બહાદુરનું બંધાવેલું મહા રમણીય અને સ્વર્ગના દેરાસરો સાથે વાદ કરનારૂં શ્રી શીતલનાથજીનું પ્રસાદ અત્રે પધારેલા ગૃહસ્થોનું મન કંઇ ઓછું આકર્ષ કરતું નથી. એજ પ્રમાણે રાજ્યકીય અને વ્યાપારી દ્રષ્ટિએ પણ કલકત્તા કાંઇક વિશેષ મહત્વનું સદ્‌ભાગ્ય ધરાવે છે. સમસ્ત ભારતવર્ષમાં આ શહેર પ્રથમ પંક્તિનું હોવા ઉપરાંત તેના વ્યાપારી સંબન્ધો પણ લગભગ આખી દુનિયા સાથે નિકટ થયેલા છે; એટલુંજ નહિ પરન્તુ પરમાત્માની કૃપાથી પ્રાપ્ત થયેલા પ્રાકૃતિક સૌન્દર્યતાના પરિણામે તેની શોભામાં અધિકાંશે વૃદ્ધિ થાય છે. વિશેષમાં બંગાલદેશની સર્વ પ્રકારની સાંસારિક, ધાર્મિક, રાજકીય, વ્યાપારી એ વિગેરે અનેક પ્રગતિઓનું કલકત્તા મધ્યસ્થળ હોવાથી તેની મહત્તા અને પ્રતિષ્ઠા અન્ય શહેરો કરતાં કોઇ રીતે ઉતરતી નહીંજ કહી શકાય. આ પ્રમાણે સર્વ રીતે મહિમાપૂર્ણ સ્થળમાં આપ સર્વ સત્પુરૂષોના પવિત્ર દર્શનોનો લાભ મારે મન તો સુવર્ણ-સુગન્ધના અલૌકિક યોગરૂપે અત્યન્ત આનંદવર્ધક છે.

આવી રીતે સર્વ આનન્દોત્સવ અને મનોલ્લાસના આ શુભાવસરમાં હર્ષની ઉર્મિઓમાં ઉછળતાં અમારાં અન્તઃકરણોના અભ્યંતરથી સ્ફુરાયમાન થતા આવકાર સ્વભાવિકરીતેજ પ્રદર્શનની દષ્ટિએ કાંઇક અપૂર્ણ જણાશે, તેમ છતાં હું આપ સર્વને એટલું તો નિશ્ચયપૂર્વક કહેવાનું સાહસ કરીશ કે અમારો આ સત્કાર ગમે તેવો હોય, તો પણ તે અમારા આંતરિક પ્રેમથી પૂર્ણ હોવાથી આપના કૃપામય અનુગ્રહ માટે અપાત્ર છતાં પણ પાત્ર માનવાની આપની મહેરબાનીની અમને પુરેપુરી પ્રીતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંધુઓ ! હવે આપણે જે કરવાનું છે તે વિષયોનું અવલોકન પ્રારંભ કરીશું. આપણા જૈન ધર્મની ભૂતપૂર્વક પ્રભા અને પ્રતિષ્ઠા સમસ્ત આર્યાવર્ત ઉપરાંત એશિયા, યુરોપ વિગેરે પૃથ્વીના મહાન ખંડોમાં સર્વત્ર જાણીતી હતી. ધર્મસિદ્ધાંતોને જાણનાર મહાન્ આચાર્યો મહાત્માઓ તથા પંડિતો સ્થલે સ્થલે વિહાર કરી સદુપદેશદ્વારા જૈનધર્મની વિજયપતાકા સારી રીતે વિસ્ફુરીત રાખતા હતા; એટલુંજ નહિ પરન્તુ મહાપરાક્રમી રાજરાજેશ્વરો પણ અત્યન્ત યત્નશીલ થઇ આ ધર્મ પાલતા; ટુંકામાં કહેતા એક સમય એવો હતો કે જ્યારે જૈનધર્મ સિદ્ધાંતનો સર્વમાન્ય મહિમા દેશદેશાંતરમાં જાજ્વલ્યમાન હતો, તથા અન્યધર્મીઓ પણ તે સિદ્ધાંત તરફ માનની ભાવનાથી મમતા ધરાવતા. રોમ, ગ્રીસ, ઇંગ્લાંડ, ફ્રાન્સ એ વિગેરે દેશોના તત્કાલીન વિદ્વાનોએ આપણા ધર્મની પ્રશંસા કરેલી હોવાનાં દ્રષ્ટાંત આજે પણ તેઓનાં ગ્રંથોદ્વારા આપણે જાણી શકીએ છીએ.

પરંતુ ઉદયનો સૂર્ય ઉપર પ્રમાણે પૂર્ણાંશે પ્રકાશ્યા પછી, તેના અસ્તનો સમય પણ કાળના પ્રભાવે થવા લાગ્યો. નાના પ્રકારના વિગ્રહ, દુરાગ્રહ, મતમતાંતર એ વિગેરે કારણોને લઇ, જૈનમાર્ગાનુસારી પ્રજા સંખ્યા અને મહિમાના સંબંધમાં કાંઇક ગૌણતાની અવસ્થામાં આવી પડી. સાથે સાથે ધર્મશિક્ષણની શિથિલતા, કર્મનીષ્ઠપણા તરફ દુર્લક્ષ, સામાજિક દુરાવસ્થા, રાજ્યાશ્રયનો અભાવ, અન્ય ધર્મીઓના વિરોધ એ વિગેરે અનેક અણધાર્યાં અને ભયંકર વિઘ્નોને લીધે આપણો ધર્મ નષ્ટપ્રાય થવા લાગ્યો. આપણાં ધર્મગ્રંથો અભ્યાસકો તથા અધ્યાપકોને અભાવે દુર્લભ થઇ જવા લાગ્યા; પ્રભાવિક આચાર્યો વિગેરેની ખામી જણાવા લાગી અને ધર્મવૃત્તિઓ મંદ અને નિર્બળ થવા માંડી.

આજ એકાદ સૈકાથી તે દુઃખમય સ્થિતિનું પરિવર્તન થઇ ધર્મનો પુનરોદય થતો નિહાળવાને જૈનસમાજ ભાગ્યશાળી થાય છે એ પરમાત્માની પૂર્ણતમ કૃપાનું શુભ ચિન્હ છે. આપણા સૌભાગ્યે અંધકારભરેલું વાદળ સ્હેજ સ્હેજ વેરાતું જાય છે, આપણી દ્રષ્ટિ સન્મુખ વિશેષ અને વિશેષ વેરાતા વાદળામાંથી પ્રભા જોવાનું સદ્‌ભાગ્ય આપણને દિનપર દિન અધિકાધિક પ્રાપ્ત થતું દીસે છે.

આ આનંદમય પરિસ્થિતિને માટે આપણા વર્તમાન રાજ્યકર્ત્તાઓના આપણે અનેકાંશે આભારી છીએ. જો કે જે રાજ્યાશ્રયદ્વારા આપણા ધર્મને પ્રાચીન કાળમાં અપૂર્વ સમર્થન પ્રાપ્ત થતું હતું તે રાજ્યાશ્રયનો આ કાળમાં અભાવ છે; તો પણ ધર્મસ્વાતંત્ર્યના રક્ષણ નીચે આપણને ભૂતકાળમાં નડેલાં અનેક વિઘ્નોમાંથી આપણો બચાવ થયો છે. બલ્કે આપણને એવાં અનેક સાધન–સંપત્તિઓ પ્રાપ્ત થઇ છે કે જેનો આપણે યોગ્ય પ્રમાણમાં ઉપયોગ કરી, આપણી સમાજના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદ્ધારાર્થે, તથા આપણા ધર્મના પુનઃપ્રસાર માટે આપણે યત્નશીલ થઈએ તો જે પ્રતિભા આજ અત્યંત દુર્બળ અવસ્થામાં જોઈએ છીએ, તેજ થોડાં વર્ષોમાં તેની પૂર્વપ્રભાએ પહોંચી, તેથી પણ વિશેષ જળહળતી તેજોમય દશાને પ્રાપ્ત કરવા સમર્થ થઈશું. જે પ્રમાણે રાજ્યાશ્રયના સંબંધમાં આપણે નિર્વિઘ્ન થયા છીએ તેજ પ્રમાણે અન્ય દિશાઓમાં પણ આપણને વિશેષ સાનુકૂળતા પ્રાપ્ત થઈ છે. દેશવિદેશ પર્યટનના જળમાર્ગ અને ભૂમાર્ગ અધિકાંશે અનુગમ્ય થવા સાથે વ્યાપાર રોજગારની વિસ્તૃતાને અંગે જૈન બાંધવોના પરસ્પર મિલન દર્શન પણ સહજસાધ્ય થયાં છે, જે બીના પરસ્પરની પરિચયવૃદ્ધિ માટે ઓછી લાભદાયક નથી. ભૂતકાળમાં વખતોવખત સંઘ—પર્યટનોને કષ્ટરૂપ થયેલા દુરાચારીઓના ત્રાસ પણ બ્રિટિશ છત્ર નીચે ઘણે અંશે નષ્ટપ્રાયઃ થયા છે. ધર્મવિષયક ઈષ્ટ શિક્ષણપ્રણાલીનું અવલંબન કરવામાં આડે આવતી મુશ્કેલીઓ દૂર થઈ છે. અંશે અંશે સમગ્ર સમાજમંડળોમાં ધર્મસિદ્ધાંતોનાં યથાર્થ સ્વરૂપો જાણવા સમજવાની અભિલાષા દિનપર દિન તીવ્રતર થતી જાય છે. આપણો મહિલાસમાજ પણ પોતાના ભૂતપૂર્વ ગૌરવ તરફ મમતા અને દ્રઢ નિષ્ટા પ્રદર્શિત કરતો જાય છે. ધાર્મિક રહેણી કરણી વિગેરેમાં પણ સુસંસ્કાર પ્રાપ્ત થવા માંડ્યા છે. વાસ્તવિક રીતે જોતાં આપણને ધર્માવલંબન, ધર્મપ્રચાર અને તેની અભિવૃદ્ધિ માટે જે જે અનુકૂળતાની જરૂર છે, તે અધિક નહિ તો યોગ્ય અંશે પણ પ્રાપ્ત થવાનો અવસર આવી લાગ્યો છે. એવા આ ઇષ્ટ જમાનામાં આપણી જૈનસમાજના ઉત્કર્ષ માટે ભરાતાં સંમેલનો ઘણાંજ અભિનંદનીય અને કલ્યાણકારક છે.

ઉપર પ્રમાણે જૈનધર્મની મહત્તા, તેનો પ્રાચીન મહિમા, વર્તમાન સમયની તેની મન્દ અવસ્થા, તેના પુનરોદ્ધાર માટેના અનુકુળ સંયોગો, તેના અત્યુત્તમ સિદ્ધાંતો સમજવા જાણવાની વર્તમાન જૈન પ્રજાની ઉત્કંઠા, એ વિગેરેનું સૂક્ષ્મ દિગ્દર્શન કર્યા પછી પ્રથમતઃ એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, આ સર્વવિધ સાનુકુળતાનો લાભ કેવી રીતે અને કેવા ઉપાયો દ્વારા લેવો, અને એજ મહત્પ્રશ્નનો નિર્ણય કરવો, એ સર્વ સંઘ–સમારંભોનું પ્રથમ લક્ષ્ય હોવું જોઇએ. આપણા સદ્ભાગ્યે આજના આપણા મહા સંમેલનમાં એવા એવા પ્રતાપશાળી, બુદ્ધિવન્ત અને અનુભવી અગ્રેસરો પધાર્યા છે કે જેઓ પોતાને સોંપાયલા કર્તવ્યમાં અત્યંત કુશળ અને સમદર્શી હોવાથી તેઓ પૂર્વોક્ત મહત્પ્રશ્નનો સમાધાનકારક નિર્ણય જરૂર લાવશે, એટલે અત્રે તદ્વિષયક કથન અનાવશ્યક છે.

પરન્તુ એક જૈની તરીકે મારી શી શી અભિલાષાઓ છે, મારી ધર્મભગિનિઓ તથા ધર્મબાન્ધવોને કેવી ઉચ્ચત્તમ અવસ્થાએ પહોંચેલા જોઈ હું રાજી થાઉં અને મારા જૈનધર્મના પ્રચાર માટે કઈ કઈ પ્રગતિઓ સ્ફુરાયમાન થતી જોઈ મારૂં મન હરખાય, એ જણાવવામાં હું આપ સાહેબોનો થોડો સમય લઉં તો તે નિરર્થક

For Private And Personal Use Only

ગયેલો ન ગણવાની કૃપા કરશો. મારી મનોવાંચ્છનાઓ આપના મનન-વિચારને માટે રજુ કરતા પહેલાં આપણી જૈનસમાજની વર્તમાન પરિસ્થીતિનું અલ્પ સુચન અસ્થાને નહિ ગણાય એમ માની હું કહેવાની રજા લઇશ કે આજનો જમાનો એવો વિચિત્ર છે કે, આગળ કહ્યા પ્રમાણે જેટલે અંશે તે અનુકુળ છે, તેટલેજ અંશે તેની પ્રતિકૂળતા પણ ઓછી નથી. આપણા પોતાના ઇષ્ટ મંતવ્ય પ્રમાણે વર્તવાની સ્વતંત્રતા જે પ્રમાણમાં લાભદાયક છે, તેટલાજ પ્રમાણમાં નુકશાનકારક પણ છે. સાધન સંપત્તિઓ જેટલે અંશે ધર્મપ્રચારાર્થે લાભદાયક છે તેટલેજ અંશે ભયકારક પણ છે. સહજસાધ્ય પર્યટન માર્ગનો આશ્રય લઇ જૈન નરવીર વીરચંદ રાઘવજી ગાંધી જેવા મહાત્માઓએ જૈનધર્મની વિજયપતાકા અમેરિકા જેવા દૂર દેશાવરોમાં પ્રવર્તાવી છે, એ જેટલે અંશે આપણને અભિમાન લેવા લાયક છે, તેટલેજ અંશે કાળજી રાખવા જેવી બીના એ પણ છે કે વિદેશ-વિહારી બાંધવો ધાર્મિક રહેણી, કરણીથી પરિપક્વ થયા વિના પરદેશ પર્યટન કરશે તો પોતાના પરિપક્વતાના અભાવે પોતાનું ખોવા વિશેષ ભય રહેશે.

આ પ્રકારના વિપરીત જમાનામાં આપણી વર્તમાન અવસ્થા કેવી છે તેનો સહજ વિચાર કરતાં જણાશે કે મને પોતાને સાથે ગણતાં આપણાં ઘણાંએક ભાઈ બ્હેનો જૈનધર્માભિમાની હોવાનું સમત્વ રાખતાં હોવા છતાં "જૈન ધર્માવલંબી અર્થાત્ જૈન" એટલે કોણ એ ભાગ્યેજ સમજતાં હશે. આપણાં ધર્મશાસ્ત્રોમાં વર્ણવ્યા પ્રમાણેનું શુદ્ધ વર્તવું તો મહાદુષ્કર છે, પણ તે તરફ પૂર્ણ જીજ્ઞાસાના અભાવે આપણે ઘણું ઓછું જાણીએ છીએ. આમ કહેવામાં હું કોઇની યોગ્યતાની ટીકા કરવાની ઇચ્છા રાખું છું એમ આપ માનશો નહિ. મારી આપ સર્વને એજ પ્રાર્થના છે કે પુર્વોક્ત કસોટી લક્ષમાં રાખી સર્વેએ પોતપોતા માટે નિશ્ચય કરી લેવાનું છે કે જે ધર્મને માટે આપણે આગ્રહ પૂર્વક મમતા ધરાવીએ છીએ તે ધરાવવા જેટલી યોગ્યતા આપણામાં છે કે નહિ, અને નથી તો શું શું અપૂર્ણ છે, એ વાત એક વખત અંતઃકરણમાં દ્રઢ થયા પછી, આપણા સંખ્યાબંધ મહત્પર્વો આપોઆપ નિર્ણિત થશે, એટલુંજ નહિ પણ સમાજોન્નતિ ધર્મવૃદ્ધિ આદિ ઇષ્ટ અભિલાષાઓ પણ સહજ સાધ્ય થશે. શ્રદ્ધા, નિર્મોહ, નિરૂદ્વેગ, સમદ્રષ્ટિ, એકાગ્રતા, વાત્સલ્ય, પ્રભાવના, નય, સમ્યક્‌ચારિત્ર, મૈત્રીભાવ, ઇત્યાદિ અનેક પ્રકારના નાનાવિધ સદ્‌ગુણોથી પૂર્ણ વ્યક્તિબોધ જ જૈનનું ભૂષણ છે. બાંધવો! ઉપરોક્ત અલ્પરેખા આપણને કેટલી બધી મહત્વતા આપે છે, એ જો આપણે આપણા અંતઃકરણમાં ધટાવી શકીએ તો આપણું જીવન ઉચ્ચતમ કોટીનું થઇ આપણા સમાજની વૃદ્ધિ પણ સત્વર જોવાને આપણે ભાગ્યશાળી થઇશું.

સામાજિક પરિસ્થિતિ તરફ લક્ષ આપતાં પણ આપણી નિરાશા ઓછી નથી. સમાજોન્નતિનાં પ્રાથમિક મૂળતત્વોથી પણ હજી આપણે ઘણે અંશે પછાત છીએ

એમ કહેવામાં ખોટું નહિ ગણાય. આપણી વ્યાવહારિક રીતભાત, રીતિરિવાજ, રહેણીકરણી, આચારવિચાર, સંસારવ્યવહાર એ વિગેરેની બાબતમાં પણ સૂક્ષ્માવલોકન કરવું ઉપયોગી થશે એમ માની હું જણાવીશ કે ઉપરોક્ત સર્વ દિશાઓમાં ઘણાએક સુધારા, વ્યવસ્થા, અને પ્રવૃત્તિ થવાની જરૂર ઓછી નથી. આપણા પૃથક્ પૃથક્ વિભાગોમાં, ભિન્ન ભિન્ન પ્રાંતોમાં અને જુદી જુદી જ્ઞાતિઓમાં હજી ઘણાંએક રીતિરિવાજો આચાર વિચાર એ વિગેરે પરસ્પરથી ઘણે અંશે વિભક્ત જેવાં છે. તે સર્વમાં સમયાનુસાર અને કુશળતાપૂર્વક એવા સુધારા વધારા થતા રહેવા જોઇએ કે જેથી પ્રતિદિન તે સમદૃષ્ટિ અને પ્રેમવર્ધક થતાં જાય, કે જેને પરિણામે કાળે કરીને સમસ્ત વિભાગો એકજ મહાસમાજના એકસરખા અંશે દેદીપ્યમાન થાય. આ સુધારા વધારાની બાબતમાં આપણે લક્ષમાં રાખવું જરૂરનું છે કે આપણામાંના કેટલાએક વિભાગો, કેટલીએક બાબતોમાં અંતિમ મર્યાદાથી પણ આગળ વધી ગયા છે. જ્યારે કેટલાએક અતિશય પાછળ પડી ગયેલા છે. સંઘ-સમારંભનું એ કર્તવ્ય છે કે એ પ્રમાણે આગળ પાછળ વિખરાઇ ગયેલાં અંગો માટે પૃથક્ પૃથક્ વિષયોની સમદૃષ્ટિપૂર્વક યોગ્ય મર્યાદા બાંધી તે મર્યાદાને કેન્દ્ર-લક્ષ્ય ગણી તેની આસપાસ સર્વ અંગોએ આવી મળવા માટે યોગ્ય પ્રમાણમાં આવશ્યક પ્રગતિઓને પ્રવર્ત કરવી.

સમાજ સંગઠન માટે સમાજબાંધવોની આર્થિક સ્થિતિ અને આજિવિકા-પ્રાપ્તિ માટેનાં યોગ્ય સાધનો એ પણ વિચારણીય વિષયો છે. જે સમાજમાં સમાજહિતૈષી શ્રીમંત ગૃહસ્થોની વૈભવસંપત્તિના લાભ સમાજના અન્યતર સમાજબંધુઓને યથાયોગ્ય અંશે પ્રાપ્ત ન થાય, તે સમાજમાં સમભાવ, સહાનુભૂતિ અને બંધુપ્રેમની વૃદ્ધિ થવી દુર્ગમ્ય છે. આપણાં મહાજનો, સંઘો, એ વિગેરેનાં ઇતિહાસો આપણને શિખવે છે કે ધર્મબાંધવ અને સમાજબાંધવ કદાચ આપણાથી ઉતરતી પંક્તિમાં હોય, તો પણ તેને એવા નિકટ પ્રેમ અને સહાનુભૂતિદ્વારા પોતાના તરફ આકર્ષવો, કે જેથી તેની ઉતરતી પંક્તિ હોવાના અંગની ક્લેશજનક સ્મૃતિને ભૂલી જઇ સમાન ભાવની હર્ષોર્મિથી આનંદિત થાય, એટલુંજ નહિ પણ ભેદભાવથી ઉત્પન્ન થતી ઇર્ષ્યા વિગેરેથી નિર્મુક્ત થઇ સમાજસેવાના મહત્કાર્યમાં તનથી, ધનથી યા મનથી સેવા બજાવવાને એકસરખી ઉલટ રાખી તત્પર થાય. વાસ્તવિક રીતે કહેતાં આપણા સમાજ સંગઠન માટે સર્વ પ્રકારની ઇષ્ટ પ્રવૃત્તિઓ જાગ્રત કરી પ્રચલીત કરવામાં, આપણા માનનીય અગ્રેસરોની કર્તવ્યનિષ્ઠા ઉપર જ આધાર રહેલો હોય છે; અને તે તરફ જે કાંઈ કરવાની જરૂર છે તે હવે વધુ વખત મુલતવી રાખવા જતાં સામાજિક બંધનો અને મમતા દિનપર દિન નબળાં અને નિષ્ફળ થતાં જશે, એ આપણે સર્વ જૈન ભાઈ બ્હેનોએ અવશ્ય લક્ષમાં રાખવું જોઇએ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક જૈન વ્યક્તિ અને સમાજ ક્યારે ઇષ્ટ સ્થિતિએ પહોંચેલ ગણાય તે મુદ્દાસરૂપે આપ સાહેબોને વિદીત કર્યા પછી મારી વાંચ્છનાઓ વિષયવાર રજુ કરતાં તેઓને હું સરલતા માટે છ મુખ્ય વિભાગમાં વ્હેંચી નાખીશ, અને તે એ કે ( ૧ ) ધર્મ અને ધર્મજ્ઞાન, ( ૨ ) શરીર-સંપત્તિ અને તેની સાધના, ( ૩ ) વ્યવહાર અને તેની યથાર્થતા, ( ૪ ) જીવન-વિગ્રહ અને તેની સફળતા, ( ૫ ) દૈવી સંપત્તિ અને તેની સુગમતા, ( ૬ ) સમાજસેવા.

ઉપર જણાવેલા વિભાગોમાં પ્રથમ વિભાગ 'ધર્મ અને ધર્મજ્ઞાન' ની બાબત અત્યંત મહત્વની અને અતિ ગહન છે એ આપ સર્વેને સુવિદીત છે; છતાં દીલગીરી સાથે એ પણ કહ્યા વિના ચાલતું નથી કે, આપણું તે વિષયનું વર્તમાન જ્ઞાન કેવળ નજીવા જેવું છે. જે ધર્મજ્ઞાનના પ્રતાપે પ્રાચીન સમયમાં અનેકાનેક મહાત્માઓ જીવન-વિગ્રહમાં યશસ્વી થઇ નિર્વાણપદના અધિકારી થતા, તે ધર્મજ્ઞાનનો અંશ પણ ધરાવનારા સમર્થ વિદ્વાનો આ જમાનામાં માત્ર ગણ્યાગાંઠ્યા અને જુજ જવલ્લેજ જોવામાં આવે છે. જે ધર્મજ્ઞાનની પ્રાપ્તિ દ્વારા પરમ પૂજ્ય મહાત્માઓ તીર્થંકરપદને પામ્યા તે ધર્મજ્ઞાનનો અલ્પાંશ પણ જાણનારા, આ કાળને વિષે વીરલા જ નીકળશે. આવી સ્થિતિ આવી પડવાનાં કારણોનો દોષ ફક્ત અધોગત કાળ પર મુકી બેસી રહેવાનું નથી. આપણા મુનીશ્વરો, આપણા સમર્થ વિદ્વાનો, ટુંકામાં આપણા સહધર્મી ભાઇઓ કયાં કયાં કેવી કેવી અવસ્થામાં પડેલા છે તે જાણવાની, તેમને જરૂરની સગવડો અને સહાયતા કરી આપવાની, આપણી પવિત્ર ફરજો તરફ આપણે દુર્લક્ષ કરીએ છીએ.

આ સર્વ આપણા ધર્મજ્ઞાન તરફના અભાવનું પરિણામ છે. આપણને સ્થળે સ્થળે એવી સંસ્થાઓની જરૂર છે કે જેમના એકનિષ્ટ પ્રયત્નોદ્વારા આપણા સહધર્મીઓની ધર્મજીજ્ઞાસા પ્રબળપણે જાગ્રત અને ઉત્તેજીત રહે. પ્રત્યેક ગામ યા શહેરમાં એક યા વધુ ધર્મોપદેશકોની યોજના કરી આપણી બાળપ્રજાને ધર્મની કેળવણી ઇષ્ટ પ્રમાણમાં અપાવવાની પ્રવૃત્તિઓ આરંભવી જોઇએ. પુખ્તવયી ભાઇ બ્હેનો પણ ધર્મજ્ઞાનનો લાભ અનુકુળતાપૂર્વક મેળવી શકે તે માટે બોધ્યશાળા સ્થાપવી જોઇએ. તદુપરાંત વિદ્વાન સાધુ પુરૂષો તથા વિદુષી બ્હેનો સ્થળે સ્થળે કૌટુંબિક સંમેલનો ભરી ઉપદેશ પ્રચાર કરે એવી યોજનાઓની પણ ઓછી જરૂર નથી.

તે ઉપરાંત સાર્વજનિક વિદ્યા પ્રચારક સંસ્થાઓમાં પણ એવી ગોઠવણો કરવી જોઇએ કે જેથી ત્યાં અધ્યયન કરતા જૈન યુવકો આપણા સિદ્ધાંત ગ્રંથોનું ઇષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરી શકે. તેમને તે કાર્યમાં પ્રોત્સાહન રૂપે ઇનામો, સ્કોલરશીપો પદકો એ વિગેરેની યોજના કરી, જેટલે અંશે સાધી શકાય તેટલે અંશે આપણા યુવકોનું લક્ષ ધર્મગ્રંથોના અધ્યયન તરફ ખેંચવું જરૂરનું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાચીન ગ્રંથોનાં સંશોધન તથા પ્રચારાર્થે પણ મહાભગીરથ પ્રયત્નો થવાની જરૂર ઓછી નથી. આપણે પરંપરાથી જાણીએ છીએ કે "વનસ્પતિમાં જીવ છે." "વાણીમાં પણ પુદ્ગલ છે." આ પ્રકારના આપણા વડીલોપાર્જીત જ્ઞાનને ધર્માભિમાનીઓ વળગી રહેલા હોવા છતાં, આગલા જમાનાના જડવાદના બળે આપણને 'તે મિથ્યા કલ્પનાઓ' હોવાનું કહેવામાં આવતું, અને પ્રમાણ-ગ્રંથોના અભાવે આપણે તે અપવાદનો પ્રતિકાર કરી શકતા નહિ. આપણા સદ્ભાગ્યે એ જડવાદીઓનાં પોતાનાં જ રસાયનશાસ્ત્રો આપણી મદદે આવ્યાં, અને આજે એજ શાસ્ત્રના સમર્થ વિદ્વાનો ડોકટર સર જે. સી. બોઝ અને ડૉ. એડીસન-એ વિગેરે એ ઉપરોક્ત "મિથ્યા કલ્પનાઓ"ને શાસ્ત્ર અને અનુભવપૂર્ણ સત્ય ઠરાવ્યાં છે. અનેક શુદ્ધ સિદ્ધાંત-રત્નો આપણાં પ્રાચીન જૈન સાહિત્યમાં એક બે નહિ પણ સેંકડોની સંખ્યામાં રહેલાં છે. પણ અફસોસ! આપણે તે તરફ જરા પણ લક્ષ આપતા નથી. કીડાને ભોગ પડતા અમુલ્ય ગ્રંથો સેંકડોની સંખ્યામાં વિનાશભાવને પ્રાપ્ત થયા છે. બાકી રહેલુ હજુ પણ ઘણું છે અને તેની રક્ષા થવી પણ ઘણી અગત્યની છે. સજ્જનો! સમાજવિચારણા માટેનો બીજો મહત્વનો વિષય "શરીરસંપત્તિ અને તેની સાધના"નો છે. આપણી સમાજના શ્રેય અર્થે મુળતત્વોના સંશોધનથી આપણને સમજાશે કે શરીરસંપત્તિ એ આપણાં લક્ષ્યોમાં મહત્વનું સ્થાન ધરાવે છે. આપણી સર્વ પ્રકારની ધર્મક્રિયાઓમાં શરીર સહાયકારી છે; વૃત્ત ઉપવાસ ઇત્યાદિ ચિત્તવૃત્તિના નિરોધની ક્રિયાઓની સફળતા માટે તેની ખાસ જરૂર પડે છે. ક્ષમા, શાંતિ, ઉપરતિ એ વિગેરે અનેક સદ્ગુણોના ધારણ માટે, તેમજ નાનાપ્રકારની અંગત તથા સામાજિક પ્રગતિઓમાં ઉત્સાહપૂર્ણ ભાગ લેવા માટે, પળે પળે સર્વોત્તમ શરીર-સંપત્તિની જરૂર ઓછી નથી. આ સંપત્તિની ખરી કદર આપણે કેટલી ઓછી કરીએ છીએ તે આપણી યુવક અને બાળપ્રજાની દિન પર દિન મંદ પડતી શક્તિઓથી સ્પષ્ટ દૃશ્યમાન થાય છે; આ સર્વનું કારણ આજના જમાનાની કુરહેણી તથા કુરિવાજો છે. આપણી શરીર-સંપત્તિની દુર્બળતા, બાળવિવાહ, વૃદ્ધવયે લગ્ન, શરીર પુષ્ટિના યોગ્ય સાધનની ખામી, નાની ને અસ્વચ્છ જગ્યામાં રહેવાનાં સંકટ એ વિગેરે છે. હજી પણ પોતાના યોગ્ય પ્રયત્નદ્વારા શરીરસંપત્તિની દુર્બળતા કેવી રીતે અટકે તે પર લક્ષ આપવાની ખાસ આવશ્યકતા છે, એટલુંજ નહિ પણ તેના અપૂર્વ લાભ અન્યને સમજાવી તે મેળવવા તરફ તેમને દોરવાની જરૂર છે. સમાજ-સંઘોનું પણ એ કર્તવ્ય છે કે તે તરફ સામાજિક પ્રગતિઓ અને પ્રોત્સાહની વૃદ્ધિ કરવી. શરીરની સારી તન્દુરસ્ત અવસ્થા સિવાય, કોઇ પણ કાર્યમાં યશસ્વી થવાની આશા રાખવી વ્યર્થ છે; એટલે તે દિશામાં યથાસાધ્ય પ્રયત્ન શરૂ કરવાની આપણી ખાસ ફરજ છે. આ સ્થળે એટલુંજ લક્ષમાં રાખવાનું છે કે આપણાં ધર્મશાસ્ત્રોમાં, શરીર સંપત્તિ જે જે કાર્યો માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવશ્યક ગણાવી છે, તે સામાન્ય કાર્ય માટે નથી; અર્થાત્ ખાનપાનાદિના શોખ અને ભોગ વૈભવોના વિલાસ માટે નથી; પણ તે દ્વારા વૃત્તાદિથી નાના પ્રકારની ઇંદ્રિયોનો નિરોધ કરી આત્માનું શ્રેય કરવાનું છે. આપણી શરીરસંપત્તિનાં સાધનો ઉત્તમોત્તમ પૌષ્ટિક ખાદ્ય પદાર્થોદ્વારા નહિ, પણ સાદા અને નિયમિત આહાર વ્યવહારથી પ્રાપ્ત કરવાનાં છે.

સજ્જનો ! બીજા વિષયો પર આવતાં, વ્યવહારમાં પણ શુદ્ધતા રાખવી એ સર્વોત્તમ છે. તેમાં ખામી રહી તો સર્વે કાર્યોમાં વિઘ્ન આવી નડશે એ ચોક્કસ છે. શુદ્ધ વ્યવહાર શાથી પ્રાપ્ત થાય એ જાણવાના જીજ્ઞાસુને સારી વ્યવહારકુશળતા મેળવવા માટે આપણા શાસ્ત્રોમાં આપેલી શિક્ષા, દાખલા અને દલીલો પર લક્ષ આપવા કહેવું. નાના પ્રકારના અનિવાર્ય વ્યવહારોનો વિરોધ ન થાય, જીવન-નિર્વાહનાં ઉપાધિ ન આવે, આત્મોન્નતિમાં મન વચન અને કર્મની નિર્લેપનામાં જરાએ બાધ ન આવે, એવી રીતના વ્યવહારને જ શુદ્ધ અપ્રતિબંધક વ્યવહાર ગણવો જોઇએ. આપણાં ઘણાંએક ભાઈ બ્હેનો આ વિષયમાં એવા અનુમાન ઉપર દોરાય છે કે ઉપરોક્ત વ્યવહાર ફક્ત સાધુઓથી જ સાધી શકાય તેમ છે; પરન્તુ વસ્તુતઃ તેમ નથી. એ વ્યવહાર સામાન્ય જનસમાજને માટે છે; સાધુ પુરૂષોનો વ્યવહાર તો એથી પણ ઉચ્ચતર પ્રકારનો છે, જે વિષય પર આ પ્રસંગે વધુ કહેવાની જરૂર દેખાતી નથી. વળી કૌટુંબિક વ્યવહાર પણ પરસ્પરને સહાયક, મમતાપૂર્ણ અને વાત્સલ્યપ્રેરિત હોવો જોઇએ. પોતાના ભ્રાતૃભગીનીઓમાં એકમેક તરફ પ્રેમ, પૂજ્ય વડીલો તરફ વિનીતભાવ, દયાવૃત્તિ, સહનશીલતા, એ કૌટુંબિક વ્યવહારમાં આવશ્યક સદ્ગુણો છે. કલેશ, ઇર્ષા, દ્વેષ, એ વિગેરે મનુષ્ય માત્રને ત્યાજ્ય છે; પરન્તુ જૈનબંધુને તો તે અવશ્ય વર્જવા યોગ્ય છે. પરસ્પરમાં બંધુપ્રેમ, આદર સત્કાર, વાણી માધુર્ય, નિષ્કલંક પ્રતિષ્ટા એ સર્વ સમાજસેવામાં મહત્વની યોગ્યતા પ્રાપ્ત કરાવે છે. રાજકીય વ્યવહારો પણ તેટલાંજ સ્વચ્છ, પવિત્ર અને ઉચ્ચ અભિલાષાવાળા હોવા ઉપરાંત યોગ્ય પ્રમાણમાં સ્વાર્થરહિત હોય તો પ્રતિષ્ઠામાં અધિક અંશ વધારો કરે છે. આ પ્રમાણે જૈની તરીકે જૈનને શોભે તેવો સર્વ રીતનો વ્યવહાર આપણા સમાજમાં સંતોષકારક પ્રમાણમાં પ્રવર્તાયેલો જોવાને કયો જૈન બાંધવ હર્ષમગ્ન નહિ થાય ? વસ્તુતઃ ઉપર કહ્યા મુજબનો વ્યવહાર આપણે સર્વેએ આદરવો જોઇએ, એટલુંજ નહિ પરન્તુ સમાજની ઉન્નતિ માટે તથા ધર્મની પુષ્ટિ માટે આપણા સ્વધર્મી ભાઇઓ બહેનો કયા કયા વિઘ્નોને લઇ તેઓ શુદ્ધ વ્યવહાર સાચવી શકતાં નથી, તેની યોગ્ય તજવીજ કરી તેમને આશ્રય આપવાના ઉદ્દેશથી એવી પારમાર્થિક સંસ્થાઓ તથા શાળાઓ અસ્તિત્વમાં લાવવી જોઇએ કે જેના આશ્રયદ્વારા તેમની ઇષ્ટાભિલાષાઓ પૂર્ણ થાય. ધર્મશાસ્ત્ર તથા ઉચ્ચ કેળવણીની પ્રાપ્તિનાં સાધનો પૂર્ણ થતાં, જડ પ્રકૃતિનો નાશ થઇ સહેજ સ્વભાવે ધારેલા કામો અલ્પ મહેનતે ફળીભૂત થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજિવિકાપ્રાપ્તિનાં સરલ અને સાર્વજનિક સાધનો અને સંસ્થાઓ, જૈન બાંધવોના લાભાર્થે સત્વર અસ્તિત્વમાં આવવાની ઘણી જરૂર છે. પ્રાચીન ઈતિહાસ અને દન્તકથાઓ આપણને સ્પષ્ટ રીતે બોધે છે કે આપણા તત્કાળીન પૂર્વજો આ વિષયમાં સંપૂર્ણ જાગ્રત અને પ્રસંગને અનુસરતો ભોગ આપવાને સર્વકાળ તત્પર રહેતા; પોતાના ધર્મબાંધવોની આર્થિક કંચ નીચ સ્થિતિની તેઓ કાળજીપૂર્વક તપાસ રાખતા; એટલુંજ નહિ પણ નિષ્કલંક આજીવિકા પ્રાપ્ત કરવામાં વ્યથીત બાંધવને મદદ કરવા દયાર્દ્રતા અને ઉદારતા સાથે ઉત્સુક રહેતા. આજે આપણામાં તે ભાવના નષ્ટપ્રાય થઇ છે. આપણાજ બંધુઓને વિપત્તિમાં પડેલા જોતાં છતાં પણ જરાએ અસર ન થાય એટલે અંશે આપણાં અંતઃકરણે નિષ્ઠુરતા પ્રાપ્ત કરી છે. આપણે સર્વે એ "જૈન" નામનો આગ્રહ ધરાવતા પહેલાં અંતઃકરણમાં એ નિશ્ચયપૂર્વક ઠસાવવું જોઇએ કે, ખરો જૈન તેજ છે કે જે પરદુઃખે દાઝે અને પારકાના સુખમાંજ આનન્દ માને. પોતાના સુખ, પોતાની વૃદ્ધિ અને પોતાની અભિલાષાઓ માટે તો કીડીથી કુંજર પર્યંત સર્વ પ્રાણી માત્ર યત્નશીલ હોય છે; પરંતુ સ્વામીભક્તિપણું ત્યારેજ આપણું સાચું કહેવાય કે જ્યારે તેમને સ્વહિત સાધવામાં યથાશક્તિ સહાય કરીએ. વનસ્પતિમાંના જીવોની દયા ખાનાર આપણે જૈનમાર્ગીઓ પોતાના ધર્મબાંધવો અને ભગિનીઓનાં દુઃખો તરફ લક્ષ નહીં આપીએ તો તેઓની અને તે સાથે ધર્મની ઉન્નતિમાં ખામીનો દોષ આપણી ઉપરજ છે. આપણું શ્રેય આપણેજ કરવાનું છે.

આજિવિકા પ્રાપ્તિનો પ્રશ્ન દિનપર દિન કેટલો બધો ગંભીર અને મુશ્કેલીભર્યો થતો જાય છે તે આપણને સારી રીતે જાણીતું છે; છતાં તે દિશામાં આપણે બાંધવોને સહાય કરવા તરફ પૂરતું લક્ષ અપાતું નથી તે નિર્વિવાદ છે. આપણાં કેટલાં સહધર્મી ભાઇબ્હેનો અન્નવસ્ત્ર વિના તરફડે છે, તેઓના રક્ષણના અભાવે જૈન પ્રજામાં ઘટાડો થતો જ જાય છે. ઉપદેશકો તેમજ સમાજહિતનાં યોગ્ય સાધનોના અભાવે તે છિન્નભિન્ન થતી જાય છે. આપણા બંધુઓને મદદ આપવાથી અન્ય દર્શનીઓ સાથે ભળી જતાં તેઓ અટકશે અને તેઓ સારી લાઇનમાં આવતાં, દેરાસરો વિગેરેની સારી સંભાળ કરી શકાશે. આવી આવી ઉપયોગી બાબતો ઉપર જ્યાંસુધી આપણે લક્ષ ન આપીએ ત્યાંસુધી સમાજવૃદ્ધિની આશા નિરર્થક છે. વાસ્તવિક રીતે કહેતાં પ્રત્યેક શહેરમાં અને ગામમાં એવી એક એક સંસ્થાની આવશ્યકતા છે કે જેનું કર્ત્તવ્ય લાચાર બાંધવોને યથાયોગ્ય સહાયતા આપી તેમનો જીવનવિગ્રહ સફલ કરી આપે.

સમાજની ધર્મવૃદ્ધિમાં અત્યન્ત સહાયક તત્ત્વજ્ઞાની જ્ઞાતા છે. હાલના ઉતરતા કાળમાં પ્રભાવિક આચાર્યોના અભાવે ને ઉપદેશકોની ખામીથી દેશવિદેશમાં વસતા સહધર્મી ભાઈઓને ધર્મથી ભ્રષ્ટ થતા અટકાવવામાં ને જૈનપ્રજામાં વધારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવામાં સારુ જૈન નવયુવાનોની સંખ્યા વધારવાની આવશ્યકતા છે, ને તે દિશામાં આપણું કર્ત્તવ્ય ઓછું મહત્વનું નથી.

બંધુઓ! સમાજસેવાના પ્રશ્નનું મહત્વ આગળ કહ્યું તેમ ઘણુંજ વિશાળ હોવા ઉપરાંત તેની જરૂરીયાત પણ ઓછી નથી. આપણે આગળ જોયું તે પ્રમાણે વ્યક્તિની ઉન્નતિ અને સમાજની ઉન્નતિ માટે સર્વ દિશાઓમાં ગંભીર પ્રયત્નો થવાની જરૂરીયાત પણ જેટલી મોટી છે, તેજ પ્રમાણે તેને અંગે કર્મચારીઓની સંખ્યા પણ ઘણીજ મોટી હોવાની જરૂર છે, અને આ કર્મચારીઓ તે સ્વાર્થપ્રેમી નામધારી દોડધામીઆઓ નહીં, પરન્તુ એકનિષ્ઠ અને નિઃસ્વાર્થ પ્રેમવાળી કર્ત્તવ્યપરાયણતાથી પ્રેરાયેલા, કોઈ પણ પ્રકારના વિઘ્નોના ભયથી ન ડરતાં, શાંતચિત્તે અને ઉત્કંઠાથી સમાજસેવા તથા ધર્મસેવા માટે તત્પર થયેલા સમાજના પરમ ભક્ત એવા સેવકો હોવા જોઈએ. આવા પરોપકારી નરવીરો આપણા જૈનસમાજમાં ગણ્યાગાંઠ્યા છે. આપણી જૈનસમાજનો વિસ્તાર જોતાં, તેને અંગે કરવાનાં મહાન પૂર્ણ કર્મોની સંખ્યા જોતાં અને જે દૂર દેશાવરોમાં કાર્યો કરવાનાં છે તે લક્ષમાં લેતાં આપણને સ્પષ્ટ જણાય છે કે જૈન કાર્યવાહકોની સંખ્યા ગણત્રીમાં સેંકડો બલ્કે હજારોથી પણ અધિક હોવી જોઇએ. અત્રે પધારેલી આજની નાનકડી સંખ્યા વર્ષમાં એક બે દિવસ એકત્ર થઈ સંગીન કાર્ય કર્યા વિના વિખરાઈ જાય તો તેથી સમાજ તથા ધર્મસેવાની ફરજ સિદ્ધ થયેલી ગણાય કે નહીં તેનો નિર્ણય આપ જ કરી દેશો. કહેવાનું ખરું તાત્પર્ય એજ છે કે કર્મક્ષેત્ર ઘણું વિશાળ હોવાથી જ્યાં ત્યાં આ ક્ષણે એક એક વ્યક્તિ કામ કરે છે ત્યાં ત્યાં અલ્પ સમયમાં એક એકને બદલે એક એક સો બલ્કે વધુ બાંધવો સ્વયંસેવકો રૂપે કામ કરવામાં રોકાશે ત્યારે જ આ ઉદ્ધારના મહાભારત કાર્યનો કાંઇક ભાગ સિદ્ધ અને ફળીભૂત થયેલો જોવાને આપણે ભાગ્યશાળી થઈશું; નહિતર લાભની આશાઓ પણ સંકુચિત પ્રમાણમાં જ રહેવાની.

ઉપર પ્રમાણે લગભગ સર્વ દિશાઓમાં આપણું અને આપણી સમાજનું શું શું કર્ત્તવ્ય છે, શાની જરૂર છે અને જરૂરીયાતનું મહત્વ કેટલું છે તે અલ્પરૂપે જણાવ્યા બાદ આપણી કોન્ફરન્સે તે તે દિશાઓમાં કરેલા પ્રયત્નો અને તેના પરિણામોની સંખ્યાની સમીક્ષા કરશું.

આપ સાહેબોને મેં આરમ્ભમાંજ કહ્યું છે કે આપણો ઉદય થવા માંડયો છે; નહીંતર આવી સમાજોનું એકત્રપણું કરી સમાજ હેતુઓ માટે યોજનાઓ પર લક્ષ કદાપિ અપાતે નહીં. આપણી કોન્ફરન્સનો આ આજ અગીયારમો ઉત્સવ છે એજ દર્શાવી આપે છે કે આપણી જૈન શ્વેતામ્બરી સમાજના દક્ષ અને વિવેકી અગ્રેસરો સમાજોન્નતિનાં કાર્યમાં કટીબદ્ધ થઈ ચુકયા છે અને આપણા સદ્ભાગ્યે તેમના પ્રશંસનીય પ્રયત્નો અને કાન્ફ્રેન્સની અગત્યતા વર્ષોવર્ષ વિશેષ ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષ દેખાતી જાય છે; ને તેને પરિણામેજ આજે આપણે અત્રે એકઠા થઈ આ-પણી અંતરની ઉર્મીઓ પ્રગટ કરવા શક્તિમાન થયા છીએ. ગયાં દશ સંમેલનોમાં થયેલાં વ્યાખ્યાનો સંભાષણો અને વિવેચનોદ્વારા આપણા પ્રાચીન ગૌરવનું આપ-ણને જ્ઞાન થયું છે, અને દિન પ્રતિદિન અધિકાધિક પ્રમાણમાં સમાજ જનો ઉલટ-ભર્યો ભાગ લેવા આગળ પડતા લાગ્યા છે તે તેનું શુભ ચિહ્ન છે. એ દશ વર્ષમાં થયેલા કાર્યોની સંખ્યા પણ ગણીએ તો ઓછી નથી. ધાર્મિક અને વ્યાવહારિક શિક્ષણના પ્રચારને ઉત્તેજન મળ્યું છે. સ્ત્રી કેળવણી, કન્યા કેળવણી, સાહિત્યોદ્ધાર, સાહિત્ય પ્રચાર એ વિગેરે અનેક સમાજોદ્ધારક વિષયો ઉપર અસરકારક વ્યાખ્યાનો થઈ આપણી ધાર્મિક સંસ્થાઓનાં જીર્ણોદ્ધારો વિગેરે કાર્યો હાથ ધરવામાં આવ્યાં છે. સમાજની નીતિરીતિની સુધારણા તરફ વિશેષ લક્ષ અપાવા લાગ્યું છે. ટુંકામાં કહેતાં આપણી સમાજને લગતા સર્વ પ્રશ્નો ઉપર યથાયોગ્ય મનન આ કોન્ફરન્સે કરેલ છે. આ સર્વ પ્રોત્સાહક શુભ ચિન્હો માટે આપણે તે તે કાન્ફરન્સોના અગ્રે-સર કાર્યવાહકો તથા હિતચિન્તકોના અત્યન્ત આભારી છીએ, અને પ્રભુ પાસે વિનીતભાવે વન્દન કરીએ છીએ કે તેઓમાં જાગૃત થયેલો કાર્યોત્સાહ દિન પ્રતિદિન વૃદ્ધિંગત થઈ તેના અનેકાનેક લાભો આપણને અધિકાધિક પ્રમાણમાં પ્રાપ્ત થાઓ. જે સમર્થ દાનવીર શ્રીમન્તોની નામાવળી આપણને પ્રાતઃસ્મરણીય થઈ છે તે ના-માવળીમાં રોજને રોજ નવા નામો ઉમેરાતા જાઓ. આ આનન્દ ને ઉલ્લાસક પ્રાર-મ્ભમાં પણ જણાવ્યા વિના ચાલે તેમ નથી કે જે કાંઈ થયું છે અને થાય છે તે સર્વ રીતે સંતોષકારક ન કહેવાય.

સામાજિક પ્રશ્નોની વિવેચના વર્ષમાં એકાદ વખત થઈ મંદ પડે તેથી જોઈએ અર્થ સરે નહિ એ દેખીતું છે. ફક્ત એક વર્ષનો ખોરાક પૂરો થવા માટે મેઘવૃષ્ટિ પણ ચાર માસ જેટલી લાંબી હોય છે, તોપછી આપણા આ કાયમના સામાજિક જીવન નિર્વાહને માટે માત્ર એ ત્રણ દીવસની વચનામૃતવૃષ્ટિથી કેમ ચાલે ? બાંધવો તથા ભગિનિઓ ! આપ સર્વેને મારી એજ પ્રાર્થના છે કે આપણી સમાજવૃદ્ધિનું કાર્ય જેટલે અંશે આપણા અગ્રેસરોનું છે તેટલેજ અંશે આપણું પણ છે એમ દૃઢ માનવું. અગ્રેસરોએ દર્શાવેલા માર્ગે કાર્ય કરી તેમના શ્રમને આપણા પ્રદેશોમાં ફળીભૂત કરવાની જવાબદારી આપણા ઉપર ઓછી નથી. મારૂં એવું દૃઢ મન્તવ્ય છે કે અત્ર વિરાજિત દેશવિદેશી સ્વધર્મી ભાઈઓ આપણા પ્રસ્તુત સમારંભના કાર્યવહનનાં શુભ ફળ કૃપા કરી પોતાનાં અન્યત્રવાસી સમ્બન્ધીઓને પહોંચાડે અને તેમને પણ પોતાની માફક આગામી સમારંભોમાં ભાગ લેવાને સમજાવે તો થોડાં જ વર્ષોમાં આપણા પ્રતિનિધિઓની સંખ્યા એટલી વધી જશે કે કોઈપણ એક સ્થળે કોન્ફરન્સ ભરવી અશક્ય ગણાઈ પ્રત્યેક જિલ્લામાં બલ્કે પ્રત્યેક શહેરમાં અને તે પણ એકવાર નહીં પણ અનેકવાર તે ભરવી પડશે, અને વિશેષ પ્રતિભા તો ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવશે કે જ્યારે તે સર્વે કોન્ફરન્સોમાં એકજ દીવસે, એકજ સમયે અને એકજ મહાત્માના વચનામૃતની વૃષ્ટિ સર્વ ભાષાઓમાં ભિન્ન ભિન્ન મુખદ્વારા સેંકડો થા હજારો તો શું બલ્કે લાખો જૈન બાનુ-બહેનીઓ ઉપર વર્ષશે. પ્રભુની પૂર્ણ કૃપાના આવા અત્યન્ત આનન્દોત્સવના શુભ દીવસે ક્યા જૈન બન્ધુના ચક્ષુમાંથી હર્ષાશ્રુ નહિ પડે?

બહેનો તથા ભાઇઓ! મેં આપનો ઘણોજ સમય લીધો છે તેથી આપને પણ કંટાળો ઉપજ્યો હોય તો તેમાં પણ નવાઇ નથી અને તેને માટે ક્ષમાની પ્રાર્થના સાથે મારૂં વિવેચન પૂર્ણ કરતાં ફરી એકવાર હું આપ સર્વને આગ્રહ કરૂં છું કે આપણા સમાજોત્કર્ષ માટે વિશેષ યત્નશીલ થાઓ; એટલુંજ નહીં પરન્તુ પોતાનાં આવાં મંડળોને પણ તેમાં સહાયભૂત થવા પ્રેરણા કરો અને માનવ જીવનનું સાર્થક કરી શ્રેયસ્કર પુન્ય સંપાદન કરો કે જેદ્વારા અધિકાધિક ઉચ્ચ કોટિને પ્રાપ્ત થઇ પોતાની ઇષ્ટ સિદ્ધિના અનુપમ લાભ ભોગવવાને સંપૂર્ણ ભાગ્યશાળી થાઓ. છેવટમાં આપ સજ્જનોએ સમાજના-ધર્મના શ્રેય અર્થે અત્રે પધારવા તસ્દી લઇ જે માન અત્રેના સંઘને આપ્યું છે તે માટે ઉપકાર માની ફરી પ્રેમપૂર્વક આવકાર આપી, કોન્ફરન્સનું કામ નિયમસર ચાલે તે માટે વ્યવહારરીતિએ ચુંટાયેલા પ્રમુખ સાહેબની રીતિસર ચુંટણી કરવા સૂચના કરી વિષયાંતર કહેવાયું હોય તેની ક્ષમા ચાહી બેસી જવા રજા લઉં છું.

ડેલીગેટોને આવકાર આપનારૂં રીસેપ્શન કમીટીના પ્રમુખનું ભાષણ સંપૂર્ણ થતાં રાયસુન્નીલાલજી નાહર બહાદુર કલકત્તા નિવાસીએ ચુંટી કઢાયેલ પ્રમુખ **શેઠ ખેતશીભાઇ ખીઅશી જે. પી.** ને પ્રમુખસ્થાન આપવાની દરખાસ્ત કરી હતી, જેને શેઠ કુંવરજી આણંદજી (ભાવનગર), શેઠ લખમીચંદજી ધીયા (પ્રતાપગઢ), શેઠ મોહનલાલ હેમચંદ (અમદાવાદ), બાબુ દલેલસિંહજી (દિલ્હી) વાળા એ ટેકો આપ્યા બાદ તાળીઓના અવાજ વચ્ચે પ્રમુખ સાહેબે પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું ત્યારબાદ તેઓનું ભાષણ વાંચવામાં આવ્યું હતું, જે આ પ્રમાણે હતું:—

## अगीयारमी श्री जैन श्वेताम्बर कोन्फरन्सना प्रमुख

# शेठ खेतशी खींअशी जे. पी. नुं भाषण.

यद्भक्तेः फलमर्हदादिपदवीं मुख्यं कृषेः सस्यवत् ।
चक्रित्वं त्रिदशेंद्रतादितृणवत् प्रासंगिकं गीयते ॥
शक्तिं यन्महिमस्तुतौ न दधते वाचोऽपि वाचस्पतेः ।
संघः सोऽघहरः पुनातु चरणान्यासैः सतां मन्दिरम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી વીરશાસનરસિક સ્વામીભાઈઓ, તથા વીરશાસન પ્રતિ સહાનુભૂતિ ધરાવતા સદ્‌ગૃહસ્થો !

અગાઉ કદાપિ નહિ જોવામાં આવેલા એવા ખાસ સંયોગો અને વસ્તુસ્થિતિઓ વચ્ચે મળતા જૈન કોન્ફરન્સના આ અગીઆરમા સમ્મેલનના પ્રમુખ તરીકેનું જોખમદારીભર્યું કામ બજાવતા હ્‌મો શ્રી સંઘે મ્હને જે આજ્ઞા કરી છે ત્હેને હું માનપૂર્વક-જો કે મહાન્ જોખમદારીના ભાનને લીધે બ્હીતાં બ્હીતાં-માથે ચ્હડાવું છું અને આપ સર્વનો આભાર માનવા સાથે, મંગળાચરણમાં મ્હેં શ્રી સંઘની જે પ્રાર્થના કરી છે તે પ્રાર્થના પ્રાકૃત શબ્દોમાં ફરીથી કરૂં છું કે, બળવાન્ ઇંદ્ર પણ જેની પ્રશંસા કરે એવી શક્તિ જૈનસમાજમાં ઉત્પન્ન કરવાના આપણા કામમાં આપ મ્હને સહાયભૂત થશો, કે જેથી જૈનસમાજ જગત્‌માં દૈવી પુરૂષોના સમૂહ તરીકેનું પોતાનું મહાન્ સ્થાન પુનઃ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થાય.

સ્વામીભાઈઓ! ચાલુ સંયોગોને હું ખાસ સંયોગો કહું છું ત્હેનાં કારણો છે. આજથી ૧૬ વર્ષ ઉપર ફલોધી મુકામે આ કોન્ફરન્સ પહેલ પ્રથમ મળી ત્યાર પછી મુંબઈ, વડોદરા, પાટણ, અમદાવાદ અને ભાવનગર મુકામે ત્હેની બેઠકો થઇ, જે દરેક પ્રસંગે જૈનસમાજનો ઉત્સાહ ઉત્તરોત્તર વધતો જતો જોવામાં આવ્યો હતો, જો કે તે વખતે પણ જૈનસમાજની આંતરસ્થિતિ તંદુરસ્ત અને બળવાન્ કરવા તરફ પૂરતું લક્ષ અપાઇ શકાયું ન હતું; અને તે પછી પુના, સુલતાન અને સુજાનગઢ શહેરમાં કરાયેલા સમ્મેલનોમાં તો બહુધા ઉત્સાહની પણ ન્યુનતા દૃષ્ટિગોચર થઇ હતી. કાન્ફરન્સ આફિસ પોતે કહી ચુકી છે કે સુજાનગઢની બેઠક પછી તો કોન્ફરન્સ ભયંકર બીમારીમાંથી પસાર થતી હતી. સુભાગ્યે મુંબઈના સુશિક્ષિત વર્ગને તે અણીના વખતે સન્મતિ સૂઝી અને પરિણામે દશમી કોન્ફરન્સ મુંબઈમાં બોલાવી ને તેઓએ મજબૂત બંધારણ રચ્યું અને એ રીતે કોન્ફરન્સની પ્રગતિના ઇતિહાસમાં નવું પ્રકરણ આરંભાયું. તથાપિ આ ૧૬ વર્ષના તબક્કામાં એક બુદ્ધિશાળી, સંપીલો અને સમૃદ્ધિવાન્ જનસમૂહ જે પ્રગતિ કરી શકે તેવી પ્રગતિ આપણે નથી કરી શકયા, એ સત્ય આપણે ખુલ્લા દિલથી સ્વીકારવું જોઇશે અને આપણી પ્રગતિને બાધા કરનારાં તત્ત્વો શોધી દૂર કરવાનો વિવેક પણ આપણે આદરવો જોઇશે. પ્રથમ તો હું ધારૂં છું કે જ્ઞાતિઓ, સંઘો અને સાધુ-મુનિરાજો તરફની તકરારો આપણી ઇહલૌકિક પ્રગતિમાં ડખલ ન કરવા પામે એવી કાળજી રાખવામાં આપણે બેદરકારી રાખી છે; બીજું લક્ષ્મી અને વિદ્યાના સંયોગ વગર કોઇ મહાન્ કાર્ય બનવું સંભવતું નથી એ વ્યવહારૂ સિદ્ધાંત સતત્ દૃષ્ટિ સમક્ષ રાખવાનું આપણાથી બની શક્યું નથી; અને ત્રીજું ઘણાં કામોમાં આપણી અતિ મર્યાદિત સંઘશક્તિ વ્હેંચી નાખવા કરતાં થોડાં જ પણ તાત્કાળિક જરૂરનાં કામો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં સઘળી શક્તિનો વ્યય કરવાની પદ્ધતિ હજુ સુધી આપણે અંગીકાર કરી શક્યા નથી. આ મુખ્ય કારણોને લીધે સંઘની પ્રગતિ માટે જોઇતાં સાધનો મેળવવામાં અને જોઇતી પ્રવૃત્તિઓ કરવામાં ગોકળગાયની ગતિથી વધારે ગતિ આપણે કરી શક્યા નથી. વળી વિદ્યાવૃદ્ધિને અંગે 'એજ્યુકેશન બોર્ડ' ની સુન્દર યોજના કરવા છતાં એ સૌથી વધારે જરૂરના કાર્યને પણ અત્યારસુધીમાં પૂરતી તાકાદ મળી શકી નથી. જે વખતે પારસી કોમ અને લુહાણા કોમ દરવર્ષે હજારો નહિ પણ લાખો રૂપિયાના ફંડ વિદ્યાપ્રચાર માટે કરી શકી છે, તે વખતે-લડાઈના અને અસાધારણ આવકના ખાસ તબક્કામાં પણ-તે કોમો કરતાં સંખ્યા અને સાધનમાં ચ્હડીઆતી એવી આપણી કોમની કોન્ફરન્સ વિદ્યાવૃદ્ધિ જેવા સર્વોપરી આવશ્યકતા ધરાવતા કામ માટે કાંઈ પણ સંગીન કરી શકી નથી એ શું આપણી નિષ્ફળતા સિવાય બીજું કાંઇ સૂચવી શકે છે ? મ્હારા માનવંતા બન્ધુ શ્રીયુત ગુલાબચન્દજીએ ગઇ સાલમાં વાંચેલો કોન્ફરન્સનો રિપોર્ટ બોલે છે કે " કેળવણી પાછળ ૧૯૬૦ થી ૧૯૭૧ સુધીમાં—૧૧ વર્ષના અરસામાં—રૂા. ૩૦ હજાર ખર્ચવામાં આવ્યા છે. " આપણી આ સ્થિતિ આપણને સાફ કહી આપે છે કે આપણે રોગી યા ભયાનક સ્થિતિ વચ્ચે પસાર થઈએ છીએ.

પરન્તુ આખી દુનિયામાં યુદ્ધે નવો જુસ્સો ઉત્પન્ન કર્યો છે. બહુરંગી હિન્દી પ્રજાએ સેંકડો વરસની આલસ્ય, કુસંપ અને બેદરકારીની બેડીઓ તોડી સ્વરાજ્યની જબ્બર લડત ચલાવવા માંડી છે. કલકત્તા શહેર આજે પ્રવૃત્તિ અને શક્તિની આગ વરસાવી રહ્યું છે. આ ઉત્સાહનો શુભ ચેપ જૈન ભાઇઓને પણ લાગે એ અસંભવિત નથી. કલકત્તાના આપણા જૈન ભાઇઓએ કોન્ફરન્સની મન્દ દશા અને સમસ્ત દેશની ઉગ્ર પ્રવૃત્તિનો ખ્યાલ તથા મુકાબલો કરી કોન્ફરન્સને અહીંજ આમંત્રણ આપ્યું એ બહુ ડહાપણભર્યું પગલું ભરેલું છે, અને મ્હને વિશ્વાસ છે કે હિન્દસ્વરાજ્યનાં અમૂલ્ય રત્નો તુલ્ય પ્રજાકીય આગેવાનોએ પોતાના પ્રખર વિચારોનાં જે આન્દોલનો આ ભૂમિપર અત્યારે ફેલાવ્યાં છે ત્હેની અસરથી ત્હમો સર્વ બન્ધુઓ જરૂર ઐક્યબળ, ધનબળ, અને વિદ્યાબળ એકઠું કરશો. હિન્દના ઉદ્ધારનાં આન્દોલનો આ ભૂમિ પરથી સર્વત્ર ફેલાય છે એ કાંઇ નવાઇની વાત નથી; આ તેજ ભૂમિ છે કે જ્યાં ભૂતકાળમાં ઘણાખરા તીર્થંકરો અને તત્ત્વજ્ઞાનીઓ પાક્યા હતા, જેમણે પોતાનાં તેજસ્વી કીરણો આખા હિન્દ પરજ નહિ પણ દુનિયા પર પ્રસરાવ્યાં હતાં. તેજ ભૂમિ પર અને ઉત્સાહપૂર્ણ ખાસ સંયોગોમાં આપણે એકઠા મળ્યા છીએ, તો શું આપણે આપણા ઇતિહાસમાં એક નવું અને અભિમાન લેવા યોગ્ય પ્રકરણ ઉમેરવાને કોશીશ નહી કરીશું ? આ પ્રશ્નોનો ઉત્તર હું કે કોઇ એક વ્યક્તિ આપી શકે નહિ-સઘળી વ્યક્તિઓના સમૂહ અથવા શ્રીસન્ઘે પોતે જવાબ આપવાનો છે, અને મ્હેં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંગળાચરણમાં શ્રી સંઘનેજ દુ:ખહરનાર અને પવિત્ર કરનાર દેવ તરીકે સમ્બોધી પ્રાર્થના કરી છે; કારણકે સંઘબળ (Collective Strength) એજ હરકોઇ સમાજની મુક્તિનો મન્ત્ર છે અથવા શાસનરક્ષક દેવ છે. ગૃહસ્થો! હું એક વ્યાપારી છું અને ત્હમે જાણો છો તેમ વ્યાપારીનાં ખાસ લક્ષણ એ હોય છે કે (૧) ચોતરફની સ્થિતિ અને રૂખનો બારીકાઇથી વિચાર કરવો, (૨) કલ્પના અને સિદ્ધાન્તો કરતાં હકીકતો અને આંકડાઓ ઉપર વધારે ધ્યાન આપવું, અને (૩) આકસ્મિક નફાથી ફુલાઇ ન જતાં તથા નુકશાનથી નાસીપાસ ન થતાં હિંમતથી આગળ ને આગળ વધવા મથવું. અને હું માનું છું કે કોઇ પણ કોમ, સમાજ કે દેશની આબાદી માટે આથી વધારે સારો અને વ્યવહારૂ માર્ગ બીજો ભાગ્યેજ હોઇ શકે. વ્યાપારમાં કવિતા કે કલ્પનાના કુદકા કામે લાગતા નથી, અને દેવોની પ્રાર્થના મદદગાર થતી નથી; પરન્તુ જેને લુખ્ખી હકીકતો ( Dry facts ) અને ગણત્રીઓ ( Figures ) કહેવામાં આવે છે તે ઉપર પુરતું ધ્યાન આપી પ્રકાશિત ભવિષ્યની આશાએ અશ્રાન્ત શ્રમ સેવ્યા કરવાની રીત જ કામ લાગે છે, અને એટલા માટે મ્હારા દીલોજાન સ્વામીભાઇઓ! હું ત્હમોને મીઠી વાતો, કલ્પનાઓ અને હવાઇ તરંગો ન આપી શકું અને એક વ્યાપારી તરીકે લુખ્ખી હકીકતો અને કંટાળાભર્યા આંકડાને રસ્તે દોરી જાઉં તો મ્હને ક્ષમા કરશો.

## પ્રગતિનો મૂળ મંત્ર–' જીવતી શ્રદ્ધા. '

જેમ જૈન સમાજ, તેમજ જૈન કાન્ફરન્સ પણ, અત્યાર સુધીમાં સારી પ્રગતિ કરી શકી નથી; ત્હેનું મુખ્ય કારણ મ્હને જીવતી શ્રદ્ધા ( Living Confidence ) ની ખામી લાગે છે. ક્રિયાકાણ્ડ વિગેરે ઉપર જે શ્રદ્ધા રાખીએ છીએ તે જાતની શ્રદ્ધાની હું અત્યારે વાતો કરતો નથી, પણ; "હું પ્રતિદિન આગલ વધતો, અનન્ત શક્તિ પ્રાપ્ત કરવાની શકયતાવાળો જ્ઞાનમય આત્મા છું" એવી શ્રદ્ધા તરફ હું ત્હમારૂં લક્ષ ખેંચું છું, માન્યતાની નહિ, પણ જીવતી શ્રદ્ધાની તરફ હું ત્હમારૂં ધ્યાન ખેંચું છું આપણા શરીર, ઘરસંસાર, વ્યાપાર, રાજકીય પ્રવૃત્તિ, સંઘ, ગુરૂ આ દરેક બાબતપર વિચારવાનો કે કામ કરવાનો પ્રસંગ આવતાં આ શ્રદ્ધા આપણા હૃદયમાં જીવતી જાગતી બેઠેલી હોવી જોઇએ. જે ઘરસંસારથી, જે મેળાવડાથી, જે સુધારાથી, જે ગુરૂથી, જે ક્રિયાકાણ્ડથી, જે રાજકીય હીલચાલથી આપણે આપણા અને આપણી આસપાસના આત્માને જરા પણ વિકસાવી ન શકીએ તે ઘરસંસાર, તે વ્યાપાર, તે મેળાવડો, તે સુધારો, તે ગુરૂ, તે ક્રિયાકાણ્ડ અને તે રાજકીય હીલચાલ નકામી છે, નહિ ઇચ્છવાયોગ્ય છે, જડવાદ છે; પછી ભલે ત્હેનો બાહ્ય દેખાવ ગમે તેટલો મોહક હોય અને દેખીતો લાભ ગમે તેટલો મ્હોટો હોય. 'જીવતી શ્રદ્ધા' ના આ એકજ પાયા ઉપર આપણી સઘળી વ્યક્તિગત તેમજ

For Private And Personal Use Only

સામાજિક પ્રવૃત્તિઓ થવી જોઇએ છે. જો એ ભાવના આપણા હૃદયમાં વાસ કરે અને જાગતી જ્યોત ફેલાવે તો આપણા વેપારીઓ સોના-રૂપાના ઢગલા એકઠા કરી ખુશી થવા માટે નહિ અને માનચાંદ મેળવવા કે ભાષણોના ભભકા કરવા ખાતર નહિ પણ પોતાની વિદ્યાથી આત્મપ્રકાશ વધારી તે વધેલી શક્તિવડે વધારે આબાદ રીતે સમાજને સહીસલામત રસ્તે દોરવા ખાતર વિદ્યાભ્યાસ કરશે, અને આપણા સાધુમુનિરાજો એક ગચ્છ કરતાં બીજો ગચ્છ કે એક સાધુ કરતાં બીજા સાધુ ચ્હડીઆતા છે તેવો દેખાવ કરવા માટે નહિ પણ આત્માની અનન્ત શક્તિઓનું એકીકરણ કરવાને ત્યાગી આશ્રમ મદદગાર છે એમ જાણી તે એકીકરણ કરાયેલી શક્તિઓવડે સમાજને ઉંચે લઇ જવા ખાતરજ સાધુ બનશે. જો આ જાતના જુસ્સા-આ જાતની જીવતી શ્રદ્ધા-ની ત્હમને કિંમત સમજાય તો કોન્ફરન્સની અને તે સાથે ખાસ જૈન સમાજની ઉન્નતિને મુદ્દલ વિલંબ લાગે નહિ; કારણ કે તે શ્રદ્ધાને પરિણામે સમાજમાં વાનપ્રસ્થાશ્રમનો પુનરૂદ્ધાર થશે અને અમુક ઉમર પછી આમદાનીનો લોભ ન કરતાં રીટાયર થયેલા ફતેહમંદ વેપારીઓ, ડાકટરો, વકીલો અને પેન્શન લઇ સરકારી નોકરીમાંથી રીટાયર થયેલા અમલદારો પોતાના લાંબા વખતના જીવનકલહના પરિણામે મળેલા અનુભવ અને લાગવગ સમાજસેવામાં સમ્પૂર્ણતઃ અર્પણ કરવા બહાર પડશે. કોઇપણ કોમની આબાદી માટે આવા અનુભવીઓની આખી સેવાઓ સિવાય ચલાવી શકાયજ નહિ. ખુંચખાંચ શોધવા માટે, કટોકટીના પ્રસંગે રસ્તો કરી આપવા માટે, યુવાનોમાં ઉત્સાહ પ્રેરવા માટે, શ્રીમન્તોપર લાગવગ ચલાવવા માટે, સરકારમાં કોમી અવાજ ઉઠાવવા માટે, આવા 'અર્ધ સાધુ' ની-ખાનગી પ્રવૃત્તિથી રીટાયર થઇને જાહેર જીંદગી અર્પણ કરવાનું 'વૃત્ત' લઇ બેઠેલાઓની હૈયાતી વગર કોઇ સમાજ આગળ વધી શકે નહિ. ઈતિહાસપ્રસિદ્ધ પ્રાચીન સ્પાર્ટનોની જાહોજલાલી ત્હેમના વૃદ્ધ સલાહકારો અને સ્વયંસેવકોનેજ આભારી હતી, કે જે વૃદ્ધોની સલાહ અને આજ્ઞાને માથે ચ્હડાવવામાં યુવાન ટોળું હંમેશ ગર્વ માનતું. આપણા માનવન્તા સ્વયંસેવકો સદ્દગત શેઠ પ્રેમચન્દ રાયચન્દ, શેઠ કેશવજી નાયક, શેઠ લાલભાઇ દલપતભાઇ, વિગેરેની સેવાઓ આપણે કોઇ દિવસ ભૂલી શકીશું નહિ; તેઓનાં નામો આજે પણ અન્ધારી રાત્રી વચ્ચે તારાઓની પેઠે પ્રકાશી રહ્યા છે. સ્વર્ગસ્થ રાયબહાદુર બાબુ બદ્રીદાસજી સાહેબ, કે જેમના સ્વર્ગવાસની નોંધ લેતાં મ્હને ઘણું દુઃખ થાય છે, ત્હેમણે પણ કોમી સેવાઓ દ્વારા પોતાનું નામ આપણા વચ્ચે અમર કર્યું છે. આ સર્વની ખાલી પડેલી જગાઓ પૂરવા માટે હવે આપણને લોકમાન્ય ગોખલે અને મહાત્મા ગાન્ધી જેવા થોડાએક વાનપ્રસ્થાશ્રમી અર્ધસાધુઓ ( Missionaries ) ની જરૂર છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વ્યવસ્થાપૂર્વક કામ કરનારા ‘ સેવકો ’ બહાર પડો !

ત્યારે કોન્ફરન્સને ફત્તેહમંદ અને કોમને આબાદ કરવીજ હોય તો મ્હેં હમણાં કહ્યું તેવા કામ કરનારાઓએ બહાર પડવું જોઇએ છે. ત્હેમને લોકો પોતાના સાચા ‘ આગેવાન ’ માનશે, જો કે તેઓ તો પોતાને ‘ સમાજસેવક ’ તરીકે ઓળખાવવામાંજ સંતોષ માનશે. બાર મહીને કે બે વર્ષે મળવાથી થોડાએક ભાષણોથી કે હજાર–બે હજાર રૂપીઆ એકઠા કરવાથી કાંઇ સમાજનું હિત સાધી શકાશે નહિ. બધા ધંધા અને ઘરજંજાળ છોડી સમાજસેવાનેજ પોતાનો ધંધો બનાવનાર થોડાએક પુરૂષોએ તો અવશ્ય બહાર પડવું જોઇએ છે અને ત્હેમણે એક ઉંચા પગારના સુશિક્ષિત સેક્રેટરીની સહાયથી આખો દિવસ કોન્ફરન્સનુંજ કામ કર્યા કરવું જોઇએ છે. ( ૧ ) સમાજની સેવા એ પોતાનીજ સેવા છે એવી શ્રદ્ધા સાથે સમાજસેવા કરવાની ‘ આગ ’ હોવી એ ‘ સેવકો ’ અથવા આગેવાનોનું પહેલું લક્ષણ હોવું જોઇશે, (૨) પોતાના સમાજની સ્થિતિ અને આસપાસની દુનિયાની સ્થિતિનો મુકાબલો કરી શકવા જેટલું ખુલ્લું દીલ હોવું એ બીજી યોગ્યતા છે, (૩) સમાજપર અસર પાડી શકે એવી સ્થિતિ ( Social Status ) અને ઇચ્છાશક્તિ ( Will-Power ) હોવી એ ત્રીજી લાયકાત છે અને ( ૪ ) સમાજહિતમાં પોતાના સઘળા લાભો અને જરૂર પડે તો લોકપ્રિયતાને પણ હોમવા તૈયાર હોવું એ ચોથી લાયકાત છે. આવા સમાજસેવકો અર્ધો ડઝન પણ જો આપણે મેળવી શકીએ તો મ્હને વિશ્વાસ છે કે જૈન જગત્‌નું કલ્યાણ કરવામાં દશ વર્ષથી વધારે વખત ભાગ્યેજ લાગે; કારણ કે ધનનું સાધન આપણા સમાજમાં સદ્‌ભાગ્યે પુરતું છે, દયાની લાગણી પણ પણ બીજી કોમોના મુકાબલે પ્રબળ છે, સામાન્ય અક્કલમાં પણ આપણે ઉતરતા નથી–માત્ર આપણામાંના દરેકના વિશ્વાસપાત્ર બની શક્તિઓનું કેન્દ્રસ્થાન કોન્ફરન્સ બને એવી પદ્ધતિસરની મહેનત લેનારા સ્વયંસેવકો અથવા આગેવાનોની જ ખામી છે, કે જેઓ હજારો મોતીને સાંકળનાર દોરી તરીકે ઉપયોગી થઇ પડે.

## કામની શરૂઆત ક્યાંથી થવી જોઇએ.

બંધુઓ ! આપણે જ્યારે વાતો કરવા બેસીએ છીએ ત્યારે એક પણ વાતને છોડતા નથી. બાળલગ્ન, વૃદ્ધવિવાહ, ફજૂલ ખર્ચ, કજોડાં આદિ અનેક હાનિકારક રીવાજોની આપણે દર મહાસભા વખતે અને દર મીટીંગ વખતે પોકો મુકીએ છીએ, અથવા દૈવને પ્રાર્થના કરીએ છીએ કે આ વસ્તુસ્થિતિને સુધારવા કૃપા કરે. રોદણાં રોવાં અને પારકી આશા રાખવી એ બન્ને નિર્બળતાનાં ચિન્હો છે. વીરભક્તો ! આપણાં પોતાનાં જ દુઃખ કાપવામાં આપણે ગતિમાન નહિ થઇએ તો બીજાનાં દુઃખ કાપવાનું આપણાથી બનશે જ કેમ ? અને સુભાગ્યે દેખાતી હજારો પ્રકારની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખામીઓ આપણે ધારીએ છીએ તેટલી અભેદ્ય નથી. માત્ર એકજ પ્રયાસથી–બુદ્ધિના વિકાસ ભાવથી–તે સર્વ અજ્ઞાનજન્ય બલાઓ આપોઆપ દૂર થાય તેમ છે. બુદ્ધિના વિકાસ માટે કેળવણીનો પ્રચાર એ રાજમાર્ગ છે; પરંતુ એ પાછળ આપણે સાચા દીલથી કદી લાગ્યા જ નથી. આ વીસમી સદીમાં જ્યારે યુરોપ–અમેરીકા વીમાનની ઝડપથી આગળ વધે છે અને આપણી હિન્દી કોમો પૈકીની કેટલીક કોમો ઘોડાગાડીની ઝડપથી આગળ વધે છે, ત્યારે આપણે હજી ખટારામાં જ પડ્યા રહ્યા છીએ અને તે ખટારો પણ આગળ વધે છે કે પાછળ કૂચ કરે છે ત્હેનું આપણને ભાન નથી. આપણા ૧૦૦૦ ભાઇઓ પૈકી ૪૫૬ માત્ર લખી વાંચી જાણે છે, અને અંગ્રેજી શિક્ષણ તો ૧૦૦૦ માં ૨૦ ને જ મળે છે, જ્યહારે બ્રહ્મોસમાજી વર્ગમાં દર ૧૦૦૦ પુરૂષોમાં ૭૩૬ લખી વાંચી જાણે છે અને ૬૮૨ અંગ્રેજી જાણે છે. આપણી આ નામોશીભરી અજ્ઞાન દશા તરફ આપણું લક્ષ સૌથી પહેલું જવું જોઇએ છે. પ્રાથમિક શાળાઓ કે સ્કુલો અને કોલેજો આપણે બીજી કોમોથી જૂદા પડીને સ્થાપવી એ મ્હને જરૂરનું લાગતું નથી. હિન્દી પ્રજા સાથે મળીને સાર્વજનિક પ્રાથમિક શાળાઓ અને હાઇસ્કુલો સ્થળે સ્થળે સ્થાપવામાં આપણે મદદગાર થવું જોઇએ છે અને તે ઉપરાંત આપણું પોતીકું લાખો રૂપિયાનું ફંડ કરીને જૈન વિદ્યાર્થીઓને સ્કોલરશીપો આપી અભ્યાસ વધારવાની સગવડ કરી આપવી જોઇએ છે. તમામ મ્હોટાં મ્હોટાં શહેરોમાં જૈનના ત્રણે ફીરકાના વિદ્યાર્થીઓને સાથે રહીને અભ્યાસ કરવાની સગવડ મળે એવાં વિદ્યાર્થીગૃહો અથવા બોર્ડીંગહાઉસો સ્થાપવાં જોઇએ છે. હાલ ચાલતાં સઘળાં બોર્ડીંગહાઉસો સઘળા ફીરકા માટે ખુલ્લાં મુકવાં જોઇએ છે; તેમજ સઘળા બોર્ડીંગહાઉસોની સુંદર વ્યવસ્થા માટે એક સુશિક્ષિત અનુભવી ઇન્સ્પેક્ટર નીમાવો જોઇએ છે. આ બધી યોજના મ્હોટા પાયા ઉપર અને લાખોના ખર્ચે થવી જરૂરની છે. આજે વ્યાપારમાં પણ અંગ્રેજી જ્ઞાનની પહેલી જરૂર પડે છે. મુસાફરીમાં એ ભાષાનું જ્ઞાન જરૂરનું થઇ પડયું છે, વકીલાત–વૈદું–નોકરી અને રાજકીય પ્રવૃત્તિમાં એના સિવાય ચલાવી શકાતું જ નથી. વળી યુદ્ધે ઉત્પન્ન કરેલી પરિસ્થિતિઓથી હિન્દ આખી દુનિયા સાથે વધારે સંબંધમાં–સ્પર્ધામાં આવ્યું છે અને આવશે. આ સંયોગોમાં માતૃભાષાના જ્ઞાન સાથે અંગ્રેજી ભાષાનું જ્ઞાન લગભગ દરેક માણસે મેળવવું જરૂરનું છે અને તેવી જાતના ભાષાજ્ઞાન ઉપરાંત ધંધાનું જ્ઞાન મેળવવું એ વળી બીજો પ્રશ્ન છે. ધંધાની હરીફાઇ દિન પ્રતિદિન તીવ્ર થતી જાય છે. જીવનકલહ વધારે ને વધારે ઉગ્ર બનતો જાય છે. યુદ્ધે યુરોપને પહોંચાડેલા નુકશાનનો લાભ લઇ જાપાન વ્યાપારને એક હાથ કરવા લાગ્યું છે અને હિન્દ ત્હેના કુદરતી સાધનોના ખજાના છતાં મ્હોં વિકાસી બેસી રહ્યું છે. સરકારની મદદના અભાવ માટે આપણે જો બૂમો પાડીને જ બેસી રહીશું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો સો વર્ષે પણ ન મળી શકે એવી તક ગુમાવી બેસીશું. આવે વખતે જૈનકોમે તેમજ દરેક સમજદાર કોમે નાત, ધર્મપંથો અને લોકરીવાજના ઝગડાને એક બાજુ રાખી પોતપોતાથી બને તેટલો પ્રયત્ન લાખો કરોડો રૂપિયા એકઠા કરી વ્યાપાર–હુન્નરની ખીલવટ પાછળ વગર વિલંબે લાગી જવું જોઇએ છે. પ્રોફેસર બોઝની મહાન્ યોજના દેશને ખરેખર આશિર્વાદરૂપ થઈ પડશે; તાતાનું લોખંડ અને બેન્કિંગને લગતું સાહસ પણ એવું જ ઉપકારી થઇ પડશે. હવે દરેક કોમે પોતાનાં સંતાનોને જરૂર જેટલું અંગ્રેજી ભાષાનું જ્ઞાન આપ્યા બાદ આવાં ખાતામાં શિખવા મોકલવાં જોઇએ છે. અગર વ્યાપારમાં પાવરધા કરવા જોઇએ છે. આમ થવા માટે દરેક કોમે લાખો રૂપિયાનું ખર્ચ કરવા તૈયાર રહેવું જોઇએ છે. મ્હને ભય છે કે પશ્ચિમના જડવાદની અસર આપણા યુવાનોને પોતાના ધર્મ તથા જ્ઞાતિ તરફ બેદરકાર બનાવવામાં પરિણમી છે અને હજી જો આપણે તે યુવાનોને મદદ કરવા બહાર નહીં પડીએ તો આપણી સાથે જોડાઇ રહેવાને ત્હેમને મુદ્દલ આકર્ષણ થશે નહિ. તેઓમાં આપણા ધર્મ કે સમાજ પ્રત્યે આદર અને મ્હારાપણાની લાગણી ત્હારે જ આવી શકે કે જ્યારે આપણે ત્હેમનો હાથ પકડી ત્હેમને અજ્ઞાન અને ભૂખમરામાંથી બચાવવા તૈયાર છીએ એવું ત્હેમને બતાવી શકીએ. ત્હમે ત્હમારા તાનમાં મસ્ત રહી ત્હેમને વિસારશો, તો સ્વાભાવિક રીતે જ તેઓ ત્હમને અને પરિણામે ત્હમારા સમાજ તથા ધર્મને પણ વિસારશે જ. કેળવાયેલાઓ મ્હોટે ભાગે કોમ કે ધર્મથી અતડા રહેતા જોવામાં આવ્યા હોય તો ત્હેનો દોષ શ્રીમંત અને આગેવાન વર્ગ ઉપર સહીસલામતીથી મૂકી શકાય, કે જેમણે પોતાની કોમના નિર્ધન પણ વિદ્યારસિક સંતાનોને અભ્યાસના સાધનો માટે પ્રેમપૂર્વક પોતાની પાસે બોલાવવાની દરકાર કરી નથી અને ગમે તેમ ભીખ માંગી પોતાનું ફોડી લેવા દીધા છે. શું જૈન વ્યાપારીઓ, ધારાશાસ્ત્રીઓ, જામેલા ડાકટરો અને મોટા પગારના અમલદારો અકેક બબ્બે જૈન વિદ્યાર્થીને ન નિભાવી શકે? અને એમ થાય તો શું દરવર્ષે હજાર વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ આપવાનું મુશ્કેલ છે? આ સ્થળે મ્હને 'વિદ્યોત્તેજક ફંડ'ના જન્મદાતા મુનિશ્રીની ઉદારચિત્તતા યાદ આવે છે અને તે સાથે જ ખટપટ અને બેદરકારીએ તે ઉપકારી ખાતાને બાલ્યાવસ્થામાં જ સુવાડી દીધાનું દુ:ખભર્યું સ્મરણ થઇ આવે છે. ન્હાના કોળીએ વધારે જમાવાની પદ્ધતિથી ચાલતા એવાં ખાતાંઓને જો દરેક સશક્ત જૈન બન્ધુ સ્કોલરશીપો આપી મદદ કરે તો દરેક પ્રાંતના અને દરેક ફીરકાના જૈન વિદ્યાર્થીઓને આગળ વધવાનું ઘણું જ સૂગમ થઇ પડે.

## વિદ્યાપ્રચાર માટે બીજા સરલ રસ્તા.

શ્રીમંતો તરફની મદદ ઉપરાંત વિદ્યાપ્રચાર માટે લાયક ગણાતી પણ નજીવી પરંતુ સહાનુભૂતિસૂચક મદદ મેળવવાની તજવીજ કરવી જરૂરની છે, અને તે માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોન્ફરન્સ 'સુકૃત ભંડાર ફંડ'ના નામે માથાદીઠ ચાર આના ઉઘરાવી ત્હેનો અડધો ભાગ કેળવણીના પ્રચારમાં ખર્ચવાનું રાખ્યું છે તે બહુ દુરંદેશીભર્યું પગલું છે. ખરૂં છે કે અત્યારસુધી આપણે એ રસ્તે અતિ નિર્માલ્ય રકમ મેળવી શકયા છીએ. પરંતુ એક તરફથી થોડાએક મુનિરત્નો આ બાબતમાં સ્થળે સ્થળે ઉપદેશ કરવાની કૃપા કરે તથા બીજી તરફથી થોડાએક દરેક ગામ અને શહેરના ઉત્સાહી યુવાનો પોતપોતાના ગામમાંથી 'સુકૃતભંડાર ફંડ' ઉઘરાવી લેવાની વર્ષમાં એકજ મહીનો કોશીષ કરે તો દરવર્ષે હજારો રૂપિયા આ ખાતે મળી શકે તેમ છે. સાધુવર્ગ અને યુવાનવર્ગમાં માત્ર ઉત્સાહ પ્રેરવાની જ જરૂર છે અને તે માટે નિયમિત પત્રવ્યવહાર અને મુસાફરી દ્વારા શુભ વાતાવરણ ફેલાવી શકે તેવા કાર્યદક્ષ એસીસ્ટંટ સેક્રેટરીની અનિવાર્ય જરૂર રહે છે. 'સુકૃતભંડાર ફંડ' સિવાય વિદ્યાપ્રચારના પવિત્ર મીશનની સફળતા માટે બીજા પણ વ્યવહારૂ રસ્તા હૈયાતી ધરાવે છે. શારદાપૂજન, મહાવીર જયંતિ તથા સંવત્સરી–આ ત્રણ તહેવારો એવાં છે કે જે પ્રસંગે ગરીબ જૈન પણ કાંઇક દાન કરવા સ્વાભાવિક રીતે પ્રેરાય છે. આ દાનની ઇચ્છાને વધારે પ્રબળ કરવી અને ત્હેને એકજ દિશા તરફ વાળવી એટલુંજ માત્ર કરવાનું રહે છે. વિદ્યા પ્રચારમાં દાન દેવું એજ ખરૂં શારદાપૂજન છે અને જ્ઞાનના સાગર મહાવીર પિતાના જન્મ અને મોક્ષની ખુશાલી મનાવવાનો પણ એજ સર્વોત્તમ માર્ગ છે એમ જો હજારો પેંફલેટો દ્વારા, જાહેર પેપરોદ્વારા, સાધુ–મહાત્માઓના ઉપદેશદ્વારા અને કોન્ફરન્સના ઉપદેશકો દ્વારા જૈનસમાજને ઠસાવી શકીએ તો તે ન્હાની ન્હાની રકમમાંથી દરવર્ષે હજારો રૂપિયાનું સાધન વિદ્યાપ્રચાર માટે અવશ્ય મેળવી શકાય.

## કેળવણી અને કોન્ફરન્સની ફત્તેહ માટે કેળવાયેલાઓની સામેલીઅતની જરૂર.

પરન્તુ ઘણું કામ કેળવાયેલા વર્ગે ઉપાડી લેવું જોઇએ છે. શેઠિયા વર્ગે અને સાધુવર્ગે સમાજ અને ધર્મને આજ સુધી ટકાવી રાખ્યો છે. ત્હેમણે પોતાથી બનતું પોતાની રીતે કર્યું છે. દેશ કાળ બદલાયા છે, અને નવી રીતે અને નવે રસ્તે કામ કરવાની જરૂર છે એમ કેળવાયેલો વર્ગજ પોકાર કરે છે તો શામાટે પોકાર કરીને તેઓ બેસી રહે છે? કોન્ફરન્સ એ નામ નવા જમાનાને અનુસરવાની હિમાયત કરનાર કેળવાયેલા વર્ગે જ પાડયું છે, છતાં કોન્ફરન્સ અને તે દ્વારા સમાજની ઉન્નતિ માટે કેળવાયેલો વર્ગે અભિમાન લેવા યોગ્ય કામ બજાવ્યું નથી એમ તેઓ પોતે સ્વીકારશે. એક કોન્ફરન્સથી બીજી કોન્ફરન્સ વચ્ચેના વખતમાં જાહેર પેપરોમાં લખાણો કરીને તથા રજાના દિવસોમાં મુસાફરી કરીને ભાષણોદ્વારા લોકમત કેળવવાનું તથા કેળવણી ફંડ માટે બનતી મદદ મેળવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવાનું કામ તેઓએ હાથ ધરવું જોઇએ છે. "જૈન એજ્યુકેશન બોર્ડ" સાથે ચાલુ પત્ર વ્યવહાર કરી તે સંસ્થાના ચાલકોની મુશ્કેલીઓથી જાણીતા થઇ હેને દૂર કરવાના રસ્તા સૂચવવાનું તથા બની શકે તો તેની મુશ્કેલીઓ દૂર કરવાની જાતે કોશીષ કરવાનું કામ પણ હેમણે જ બજાવવું જોઇએ છે. પોતે યથાશક્તિ રકમ આપી બીજાઓના દીલ ઉપર, કેળવણીથી માણસ કેટલી સેવાભાવવાળો બની શકે છે તે બતાવી, દાખલો બેસાડવાનું કામ પણ તેઓનું જ છે.

## આપણી સંખ્યામાં થતો જતો ભયંકર ઘટાડો.

હવે હું એક ઘણા જ ખેદજનક અને નહિ છોડી શકાય એવા વિષય ઉપર આવીશ. ઉન્નતિ-ઉન્નતિની બૂમો વર્ષો થયા આપણે પાડતા આવ્યા છીએ, પરન્તુ એવી બૂમોને પરિણામે આપણી સંખ્યા વધવાને બદલે ઘટવા પામી છે તે તરફ આપણે બહેરા કાન કરતા આવ્યા છીએ. ઇ. સ. ૧૮૯૧ માં હિન્દમાં કુલ જૈનોની સંખ્યા ૧૪૧૬૬૩૮ હતી, ૧૯૦૧ માં (આપણી કોન્ફરન્સના જન્મની લગભગમાં) તે સંખ્યા ઘટીને ૧૩૩૪૧૪૦ સુધી આવી હતી, અને ત્રણે જૈન ફીરકાની કોન્ફરન્સોના પુર તંદુરસ્ત જમાનામાં તે સંખ્યા વધવા તો શું પણ કાયમ રહેવાને બદલે ૧૯૧૧ માં ૧૨૪૮૧૮૨ જેટલી સંખ્યા પર આવી ગઇ હતી; મતલબ કે જે ૧૦ વર્ષના જમાનાને આપણે ઉદયનો જમાનો માનીએ છીએ તે જમાનામાં તો લગભગ લાખ માણસો આપણામાંથી ઓછા થયા છે. એટલુંજ નહિ પણ પહેલા કરતાં ઘટાડાનું પ્રમાણ પણ વધતું ગયું છે. બૌદ્ધો, ક્રિશ્ચિયનો, શિખો, મુસલમાનો અને પારસીઓમાં સંખ્યા જ્યારે વધતી ગઈ છે અને વિશાળ હિંદુકોમમાં ૩·૧૦ ટકા જેટલો ઘટાડો થતો ગયો છે, ત્યારે આપણામાં ૬·૪ ટકા જેટલો ઘટાડો થતો ગયો છે. આથી સમજાશે કે આપણે ઘણાજ ભયંકર અને ખાસ સંયોગો વચ્ચે પસાર થઇએ છીએ, અને પારસી, શિખ કે હિન્દુ કોમ પણ જાગવામાં અને સુધારા કરવામાં પ્રમાદ કરશે તો હેમને એટલો ભય નથી કે જેટલો આપણને છે. માટે આપણે આ વધતા જતા વિનાશનું મૂળ કારણ નિષ્પક્ષપાત અને નિડર રીતે શોધવું જોઇએ છે. હવાપાણી, શરીર બંધારણ વિગેરે બાબતમાં આપણે બીજી હિન્દીપ્રજા જેટલી જ સગવડ-અગવડ ધરાવીએ છીએ. ગરીબાઇ કાંઇ બીજી કોમો કરતાં આપણામાં વધારે નથી, તો પછી બીજી હિન્દી કોમો કરતાં આપણા ઘટાડાનું પ્રમાણ એટલું મ્હોટું આવવાનું કારણ શું ? હું ધારું છું કે આપણા આજના સમાજવ્યવહારમાં જ એ રોગનાં મૂળ છે. રોટી-બેટી વ્યવહારમાં આપણે ઘણા સંકુચિત દૃષ્ટિવાળા બની ગયા છીએ અને હેને પરિણામે અયોગ્ય લગ્નો અને વિધવા તથા વિધુર વધી પડ્યાં છે. મરણસંખ્યામાં તેથી વધારો થતો જાય છે અને યુવાન છતાં જેમને અવિવાહિત જીંદગી ફરજીયાત રીતે ગાળવી પડે છે તેઓ ઉત્પા-

For Private And Personal Use Only

દ્દ થઇ શકતા નથી. આ પ્રમાણે મરણના પ્રમાણમાં આજની રૂઢીએ વધારો કર્યો છે અને જન્મના સંભવ ઘટાડ્યા અને બહારની સંખ્યા આપણામાં દાખલ કરવાનું બ્હાપણ તો આપણે ઘરેણે જ મૂક્યું છે! બહારનાઓને દાખલ કરવાની વાત તો દૂર રહી પણ જૈનધર્મ પાળનારા લોકો સાથે પણ પ્રાંતભેદ, જાતિભેદ અને ફીરકાભેદને લીધે આપણે લગ્નવ્યવહાર કરતા નથી ! વધારે શું કહું ? એકજ ધર્મ અને એકજ જાતિ છતાં સાથે બેસીને જમવામાં પણ આપણે વટલાઈ જઇએ છીએ ! ત્હમે કહેશો કે આપણે સુધર્યા, ડાહ્યા થયા, પણ મ્હને ભય લાગે છે કે સુધરવાને બદલે આપણે બગડતા તો નથી જતા ? આપણા વિદ્વાન્ મહાત્મા શ્રી આત્મારામજી મહારાજ આપણને જણાવે છે કે, આપણા પૂર્વજો હિન્દુઓએ સ્થાપેલા જ્ઞાતિભેદને મચક આપતા નહિ અને ધર્મના ધોરણ પરજ સમાજ રચતા તથા સંખ્યાબળ અને ઐક્યબળ જમાવતા. તેઓ કહે છે કે શ્રી મહાવીર પ્રભુની પછી ૭૦ વર્ષે આપણા મહાન્ ગુરૂશ્રી રત્નપ્રભસૂરિએ સુતાર, ક્ષત્રિય, વણિક અને બ્રાહ્મણ કોમોનાં ૧૮૦૦૦ ઘરોને જૈન બનાવીને તેઓ વચ્ચે રોટીવ્યવહાર જોડ્યો હતો અને એ રીતે જૈનસમાજ રચ્યો હતો. તેવીજ રીતે શ્રી હરિભદ્રસૂરિએ, તેમજ લોહાચાર્ય અને જીતસેન આચાર્યે પણ રજપુત, સુતાર વિગેરે હજારો લોકોને જૈન બનાવી પરસ્પર રોટી-બેટીવ્યવહાર કરાવ્યો હતો. ખુદ શ્રીમદ્ આત્મારામજી મહારાજ પોતે કહે છે કે–"જૈનશાસ્ત્રમાં તો જે કામ કરવાથી ધર્મમાં દૂષણ લાગે તે વાતની જ મના છે; બાકી તો લોકોએ પોતપોતાની રૂઢીઓ માની લીધી છે. આજે પણ કોઇ સર્વ જાતિઓને એક કરે તો તેમાં કાંઇ હરકત નથી." મધ્યકાલિન હિન્દુ ધર્મગુરૂઓએ જ્ઞાતિ-ઉપજ્ઞાતિની બેડીઓ જડીને હિન્દીસમાજને જે નિર્માલ્યતાનું ભૂત વળગાડ્યું હતું તે ભૂતને આપણા વ્યવહારકુશળ અને ઉદારચિત આચાર્યોએ ધાર્મિક ઐક્યતાના મંત્રથી દૂર કર્યું હતું, અને તે છતાં આજે આપણે એવા નિર્માલ્ય બન્યા છીએ કે જ્ઞાતિ–પેટાજ્ઞાતિના ભૂતને તાબે થઇ ગયા છીએ. આ ભૂતે આપણી કેવી દશા કરી છે ત્હેનું ભયંકર ચિત્ર હું ત્હમારા નજર આગળ મૂકવાની રજા લઇશ. ઇ. સ. ૧૯૧૧ ની સાલમાં જૈનકોમમાં ૬૪૩૫૫૩ પુરૂષો હતા, જેમાંના ૩૧૭૧૧૭ કુંવારા હતા, અને ૬૦૪૬૨૬ સ્ત્રીઓ પૈકી ૧૮૧૭૦૫ કુંવારી હતી. આમાંથી બાળક અને વૃદ્ધ–એટલે સન્તાન પેદા કરવાને અયોગ્ય વ્યક્તિઓની સંખ્યા બાદ કરીએ તો, એટલે કે ૨૦ અને ૪૫ વર્ષની વચ્ચે ૨૩૩૦૩૫ પુરૂષોમાં ૫૬૬૧૨ કુંવારા અને ૧૫ થી ૪૦ વર્ષની વચ્ચે ૨૫૨૮૫૪ સ્ત્રીઓમાં ૫૯૨૮ કુંવારી હતી. મ્હોટી ઉંમરની આટલી બધી કન્યાઓ કુમારી રહેવાનું એકજ કારણ છે, અને તે એ કે, ન્હાની ન્હાની જ્ઞાતિઓને લીધે વર મળી શક્યા નહોતા. ૫૫ જૈન જ્ઞાતિઓ તો ૧૦૦ થી પણ ઓછાં ઘર સાથે બેટીવ્યવહાર કરે છે ! આમાં સંખ્યા ઘટતી હોય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો આશ્ચર્ય પામવા જેવું શું છે ? ઉપર આપેલા આંકડા પરથી જણાશે કે પરણવા યોગ્ય ઉમરની ૫૯૨૮ કુમારિકાથી થવી જોઇતી મનુષ્યવૃદ્ધિ આપણે ગુમાવીએ છીએ, એટલુંજ નહિ પણ બીજી રીતે પણ નુકશાન ચાલુ રહે છે. નાની નાતોને લીધે કજોડાં, કન્યાવિક્રય વિગેરે થવા પામે છે અને પરિણામે વિધવાનું પ્રમાણ વધી પડયું છે, એટલે સુધી કે ઇ. સ. ૧૯૨૧ માં ૬ લાખ સ્ત્રીઓમાં ૧॥ લાખ વિધવાઓ હતી, મતલબ કે ૨૫ ટકા જેટલું વિધવાનું પ્રમાણ હતું, જે દેશની તમામ કોમોના વિધવાના પ્રમાણ કરતાં ઘણુંજ વધારે છે. આટલી બધી વિધવાઓના શાપ સામે કઈ કોમ તરી શકવાની હતી ? ખેદની વાત તો એ છે કે ૨૦ થી ૪૦ વર્ષની વયની બે લાખ સ્ત્રીઓમાં લગભગ અડધા લાખ સ્ત્રીઓ વિધવા હતી, જે વૃદ્ધવિવાહ અને સંકુચિત પેટાજ્ઞાતિઓનુંજ પરિણામ છે. આ આંકડા ઉપર આપણે એમને એમ પડદો નાખી શકીએ તેમ નથી. આ પ્રશ્ન પર આપણા સમાજે શાન્તિથી વિચાર કરવાની હજી સુધી તક લીધી નથી એ આપણું કમનશીબ છે. બધી કોમો કરતાં વધારે ભયંકર સ્થિતિમાંથી આપણી કોમ પસાર થતી હોવાથી આપણે આ ગિના અટકાવવા માટે બધા કરતાં વધારે દુરંદેશીથી અને વધારે હિમ્મતથી કામ લેવાની જરૂર છે. રસ્તો સહેલો છે, પણ રૂઢી કે જે ખોખું પહેરીને સમાજને ડરાવે છે, ત્હેના પંઝામાંથી છૂટવું મુશ્કેલ છે. લગ્નની વિવિધ પ્રણાલિકાઓ સહભોજન ઈત્યાદિ બાબતો માત્ર સામાજિક વિષય છે, નહિ કે ધાર્મિક; માટે એમાં ધર્મલોપનો 'હાઉ' મનાવનારાઓ સાથે શાંત રીતે દલીલ કરીને સમાજને વિનાશથી બચવાના રસ્તા ખુલ્લા કરી આપવા જોઇએ છે. સ્વામીવાત્સલ્ય ભોજનનો અર્થ આજે ભૂલાઈ ગયો જણાય છે. જૈનધર્મ પાળતા વણિક પાટીદાર ભાવસાર વિગેરે તમામ ભેગા બેસી જમે એ રીવાજ આજ કેટલાક પોતાને સુધરેલા નહિ કહેવડાવતાં ગામોમાં આબાદ ચાલ્યો આવે છે! પણ સુધરેલા કહેવાતાઓએ પણ સ્વામીવાત્સલ્યની જગ્યાએ આભડછેટની પધરામણી કરી છે ! આ છે આપણું સુધારાનું ચિન્હ ! શું આપણે કલ્પિત ભેદો તથા શાસ્ત્રવિરૂદ્ધ વહેમો અને બેડીઓને છોડી આપણા સમાજના પ્રતિદિન થતા વિનાશને રોકવાની તાકીદ કરવી જોઈતી નથી? સ્વામીભાઇઓ! આ સવાલો પર ઉંડો વિચાર કરવા, નિડરપણે જાહેરમાં ઉહાપોહ કરવા અને વ્યવહારૂ રસ્તા યોજવા હું ત્હમોને આગ્રહપૂર્વક અરજ કરૂં છું.

## ઐક્યના વ્યવહારૂ માર્ગો.

આત્મબંધુઓ ! આજની રાજકીય સ્થિતિ વચ્ચે આપણે ઐક્ય વગર જીવી શકવાના નથી એ તો નિર્વિવાદ છે. રોટી-બેટી વ્યવહારની આડખીલો ધીમે ધીમે નહિ પણ ત્વરાથી દૂર કરવાની કોશીશ કર્યા વગર અને નિરૂત્પાદક સ્ત્રી-પુરૂષોની ભયંકર સંખ્યામાં ઘટાડો કરવાની યોજના વગર જૈનસમાજને ટકાવવાનું કામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શક્યકેવળ નહિ પણ મ્હને તો અશક્ય લાગે છે. અને જૂદા જૂદા જૈન ગચ્છોની માન્યતા તરફ મતસહિષ્ણુતા વગર પણ આપણે આપણું જીવન ટકાવી શકવાના નથી. માન્યતાઓ અને ક્રિયાભેદોને આગળ કરી આપણા વચ્ચે વેરઝેર ઉત્પન્ન કરાવનારાઓને—પછી તે ગૃહસ્થ હો વા ત્યાગી હો—આપણે મજબુત હાથથી દાબી દેવાં જોઇએ છે. જૈનસમાજના એકીકરણમાં આડખીલરૂપ થઇ પડનાર સિવાય બીજા તમામ તરફ આપણે મતસહિષ્ણુતા બતાવવી જોઇએ છે, પણ આપણી હૈયાતીના મૂળમાં અને તે પણ ધર્મનાજ નામે—કુઠાર મારનાર કલહપ્રેમીઓને આપણે ઉત્તેજન આપવું જોઇતું નથી કે ઉત્તેજન મળવા દેવું જોઇતું નથી. આ કામ માટે એક ઉદાર વિચાર ધરાવતું સાપ્તાહિક કે દૈનિક પત્ર ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં અને તે પણ નામ માત્રની કિંમતથી પ્રગટ થાય અને લોકમત કેળવે, એમ હું અન્તઃકરણથી ઇચ્છું છું. વળી દરેક જૈન સભાઓ, એસોસીએશનો અને મંડળોનાં દ્વાર જૂદા જૂદા પ્રાંત અને ગચ્છના જૈનો માટે ખુલ્લાં થવાં જોઇએ છે. મંદીરો અને ધાર્મિક ખાતાંઓની તપાસણી માટે કોન્ફરન્સ ઓફિસ તરફથી ઇન્સ્પેકટરો નિમાયા છે તે કામ બહુ દુરંદેશીભર્યું થયું છે, પણ તે ઇન્સ્પેકટરોએ એક પણ ખાતાને તપાસવાનું છોડી દેવું જોઇતું નથી અને એક પણ સાર્વજનિક ખાતાનો વહીવટ અમુક શહેરની જ કે અમુક ગચ્છની જ વ્યક્તિઓના હાથમાં રાખવાની રીત વધારે વખત ચાલુ રહેવા દેવી જોઇતી નથી; પરંતુ પ્રતિનિધિત્વનું બહોળું ધોરણ કરવાની ફરજ પાડવી જોઇએ છે; કે જેથી સઘળાઓ તેમાં રસ લેતા બને અને ખાતું વધારે દેખીતું અને વધારે મજબુત બનવા પામે. ધાર્મિક ઝગડા આ જમાનામાં ચલાવી શકાય તેમ નથી એ તરફ હું તમારૂં ખાસ લક્ષ ખેંચવા માંગું છું. શિખરજી, મક્ષીજી વિગેરે તીર્થોને લગતા ઝગડા જિનદેવના ભક્તો વચ્ચે જ થવા પામે અને એકજ પિતાના બે પુત્રો એકબીજા સામે યુદ્ધમાં જોડાય એ આપણા સામાજિક બળ અને આર્થિક બળ તેમજ ધર્મભાવનાને વિનાશક છે અને હરકોઇ રીતે અટકાવવા યોગ્ય છે. આપણી કોમ વ્યાપારી કુનેહ માટે પ્રસિદ્ધ છે, તો શું આપણે પરસ્પર એકઠા મળી આપણા વાંધાઓનો નીકાલ અંદરો અંદર ન કરી શકીએ? કેટલાક સુજ્ઞ સજ્જનોએ આ રસ્તે લોકમત કેળવવા ભગીરથ પ્રયાસ થોડું થયાં સેવવા માંડ્યો છે; પરન્તુ જ્યાંસુધી બન્ને ફીરકાની કોન્ફરન્સ જેવી વજનદાર સંસ્થાઓ વચ્ચે પડીને સુલેહ કરાવવા બહાર ન પડે ત્યાંસુધી છુટક છુટક વ્યક્તિઓના પ્રયાસ ફત્તેહમન્દ થાય એવો સંભવ બહુ થોડા છે.

ગૃહસ્થો! હું હવે તમને વધારે વખત રોકવા માંગતો નથી. ચાલુ દેશ—કાળમાં જે સાર્વભૌમ અગત્યની બે બાબતો પર ભાર મૂકવાની અનિવાર્ય જરૂર હતી તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ બાબતો—ઐક્યબળ અને વિદ્યાબળ ઉપર જ મેં મારૂં કથન ગોંધી રાખવા કાળજી રાખી છે. હું જાણું છું કે શાસ્ત્રોદ્ધાર, જીવદયા, સાધુસુધારણા, જીર્ણોદ્ધાર ઈત્યાદિ અનેક બાબતો પર બોલવાની જૈન કૉન્ફરન્સોના પ્રમુખોની રૂઢી છે, કે જે રૂઢીને હું માન આપી શક્યો નથી, પરંતુ હું 'ઉપયોગિતા' (Utility) ના સિદ્ધાન્તનો શ્રદ્ધાળુ હોઈ તાત્કાળિક જરૂરીઆતોને જ વળગી રહ્યો છું અને તેમ કરવામાં કોઈને મારી ભૂલ થતી જણાતી હોય તો ક્ષમા ચાહી માત્ર એક જ મુદ્દાપર થોડું બોલી મારૂં કથન ખતમ કરીશ.

## હિન્દુ યુનિવર્સિટી અને જૈનો

કેળવણીના ક્ષેત્રમાં એક આવકારદાયક પ્રગતિ–'હિન્દુ યુનિવર્સિટી' ના રૂપમાં કરી શકવા માટે હું સમસ્ત હિન્દુ કોમને મુબારકબાદી આપું છું અને દેશકાળને અનુસરતી એ શરૂઆતને હું સંપૂર્ણ વિજય ઇચ્છું છું; તે સાથે વખતસરની સૂચના કરી લેવાની મારી ફરજ અદા કરીશ કે બીજી હિન્દુ કોમોની સાથે જૈનસમાજે પણ એ સંસ્થાને પોતાની માની ગર્વ લેવો જોઈએ છે, અને તેને પૂરતી સહાય આપવી જોઇએ છે; તેમજ એ યુનિવર્સિટીએ પણ બુદ્ધિબળ અને હૃદયબળના ચમત્કારિક ખજાના તુલ્ય જૈન સાહિત્યના અભ્યાસ માટે કરવી જોઇતી દરેક સગવડ ખરા દીલથી કરવી જોઇએ છે.

છેવટે સદ્‌ગૃહસ્થો! તમોએ મને આપેલા પ્રમુખપદ માટે તથા શાન્તિ અને ધીરજથી લાંબો વખત મને સાંભળવાની કરેલી મહેરબાની માટે હું તમારો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું અને વિનંતિ કરૂં છું કે જે 'જીવતી શ્રદ્ધા' નો ઈસારો મારા ભાષણની શરૂઆતમાં હું કરી ગયો છું તે જીવતી શ્રદ્ધા દીલમાં રાખીને, કોન્ફરન્સમાં રજુ થતાં પ્રશ્નોનાં નિરાકરણ શુદ્ધ ચિત્તે અને બુદ્ધિપૂર્વક કરશો. અને તમારો ઉદય તમારા હાથેજ થવાનો છે એ વાત ધ્યાનમાં રાખી જરૂરી કાર્યો અને આવશ્યક સુધારા ઉપર વગર વિલંબે લાગી પડશો, કે જેથી શાસનનાયક દેવ પણ તમારી તે શુભ પ્રવૃત્તિ જોઇ પ્રસન્ન થઇ તમારામાં વધુ અને વધુ શક્તિ પ્રેરશે અને તમને સ્વપરનું કલ્યાણ સાધવામાં નિપુણ બનાવશે.

ઉપર પ્રમાણેનું પ્રમુખનું ભાષણ વંચાઈ રહ્યા બાદ કોન્ફરન્સ તરફ સહાનુભૂતિ બતાવનારા તારો તથા કાગળો વાંચી બતાવવામાં આવ્યા હતા, અને કોન્ફરન્સના જનરલ સેક્રેટરી શેઠ કલ્યાણચંદ સોભાગચંદે કોન્ફરન્સનો રીપોર્ટ રજુ કર્યો હતો, જેના ઉપરથી શેઠ કુંવરજી આણંદજીએ કોન્ફરન્સે અત્યાર સુધી કરેલાં કાર્યો ઉપર લંબાણથી વિવેચન કર્યું હતું. ત્યાર બાદ કોન્ફરન્સના નિયમાનુસાર સબજેક્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કમીટી સુંટી કાઢવામાં આવી હતી, અને કોન્ફરન્સના પ્રથમ દિવસનો મેળાવડો વિસર્જન કરવામાં આવ્યો હતો.

## બીજો દિવસ.

તા. ૩૧–૧૨–૧૯૧૭. માગશર વદ ૩–રવિવાર.

કોન્ફરન્સના બીજા દીવસની બેઠક પણ તા. ૩૧–૧૨–૧૯૧૭ ના રોજ બપોરે બાર વાગે રાય બદ્રીદાસજી મુકીમ બહાદુરના બગીચામાં ખાસ તૈયાર કરવામાં આવેલા મંડપમાં પ્રથમ દિવસના જેટલીજ હાજરી અને ઉત્સાહથી ભરવામાં આવી હતી. બીજા દિવસની બેઠકમાં લોકમાન્ય શ્રીયુત્ તીલક, મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી, સર કૈલાસચંદ્ર બોસ, જાણીતા રા. વિભાકર, બારીસ્ટર-એટ-લૉ વિગેરેએ હાજરી આપી કોન્ફરન્સના કાર્યના ઉત્સાહમાં બહુ વૃદ્ધિ કરી હતી. પ્રમુખ સાહેબ વખતસર પધારતાં મંડપમાં બીરાજેલા સર્વે ગૃહસ્થોએ ઉભા થઇ તેમને માન આપ્યું હતું અને તાળીઓના અવાજથી તેમને વધાવી લેવામાં આવ્યા હતા. સર્વે પધારેલા ગૃહસ્થો યોગ્ય જગ્યાએ ગોઠવાઇ જતાં કોન્ફરન્સના બીજા દિવસના કાર્યની શરૂઆત કરવામાં આવી હતી. પ્રથમ મધુર સંગીત વાદ્યથી મંગળાચરણનાં ગાયનો ગાવામાં આવ્યાં હતાં જે આ પ્રમાણે હતાં:—

### બીજા દિવસનાં મંગળાચરણનાં ગાયનો.

### स्तुति.

શ્રી મહાવીર સ્મરો, શાન્તિઃ શાન્તિ વરો, શ્રી મહાવીર ( ૨ )
શાસનદેવ સહાયક થાજો, વિજય વિજય સદ્ભાવ ભરો—શ્રી૦ ૧
સંઘતણા સરદાર સુશીલા, અભિનન્દન સ્વીકાર કરો—શ્રી૦ ૨
જ્ઞાન કળાથી નિપુણ બનાવી, બાળ યુવક ઉત્સાહ ભરો—શ્રી૦ ૩
અખીલ અવનીમાં વીરશાસનનો, જય મંગળ સૂર નાદ કરો—શ્રી૦ ૪
જયવંતા શાસન સરદારો, કોન્ફરન્સનું અમર ચહો—શ્રી૦ ૫

—અમૃતલાલ માવજી શાહ.

### ॥ શ્રી ॥

દયામયી જિનધર્મ હૈ, દયા ધરમકો સાર;
દયા બિના સદ્ગતિ નહીં, જાનત હૈ સંસાર. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિના જ્ઞાન નહીં હોત હૈ, જીવ અજીવ વિચાર;
યાતેં જિનવરને કહ્યો, જ્ઞાન મુક્તિ દાતાર. ૨
માનકચન્દ બિન જ્ઞાનકે, ક્રિયા કરો હજાર;
રૂલે યોંહી સંસારમેં, કભી ન ઉતરો પાર. ૩
સબ શ્રી સંઘ મિલકે કરો, વિદ્યાકા પ્રચાર;
મહિમા હો જિન ધર્મકી, હોય સમાજ સુધાર. ૪

—માણિકચન્દ શેઠ.

## ॥ શ્રી ॥

શ્વેતામ્બર કોન્ફરન્સના મુબારક હો મુબારક હો,
ગ્યારહવાં જલસે શાહાના મુબારક હો મુબારક હો;
દિપાના વીરશાસનકા ધર્મકી ઉન્નતિ કરના,
ધર્મબીરોંકા યહાં આના મુબારક હો મુબારક હો.
સાંસારિક ધાર્મિક નૈતિક સુધારોંકા સદા કરના,
કૌમકો રાહ પર લાના મુબારક હો મુબારક હો;
બઢાના જ્ઞાનકા સંગમેં હોના પ્રચાર વિદ્યાકા,
કોલેજ સ્કુલ ખુલવાના મુબારક હો મુબારક હો.
સ્વધર્મી ભાઈયોંકો નીંદ ગફલતસે જગા દેના,
ધર્મકે રસ્તે બતલાના મુબારક હો મુબારક હો;
મિટા દેના હરએક ઝગડા બઢાના સંપકા સંગમે,
બુરી રસ્મોંકા ઉઠજાના મુબારક હો મુબારક હો.
નિરાશ્રિત જો કિ ભાઇ ઔર બહિનો હૈ યથાશક્તિ,
મદત ઉન સબકો પહુંચાના મુબારક હો મુબારક હો;
જીર્ણ શાસ્ત્રોંકા લિખવાના ઔર તીર્થો પર નજર કરના,
જિર્ણ ઉદ્ધાર કરવાના મુબારક હો મુબારક હો.
હરજગહ જાકે ઔર સતશાસ્ત્રકા ઉપદેશ કર કરકે,
શ્રી જિનધર્મ ફેલાના મુબારક હો મુબારક હો;
જો તુમ શ્રી વીરકે હો વીર બાળક વીરતા તુમકો,
ધરમ કામોંમેં દિખલાના મુબારક હો મુબારક હો.
જો જારી હો રહી હૈ જૈનમેં મિત્થ્યાતકી રસમેં,
સબોંકા બંધ કરવાના મુબારક હો મુબારક હો.

For Private And Personal Use Only

સભી કૌમેં હૈ અપની ઉન્નતિકી ફિક્રમેં ઇસ દમ,
સબોંકે આગે બઢ જાના મુબારક હો મુબારક હો;
શ્વેતામ્બર જૈન જો હૈં સારે સી ઔર સુરૂપોંકો,
ધર્મ શિક્ષાકા દિલવાના મુબારક હો મુબારક હો.
બઢે જિન ધર્મકી મહિમા સુધારા કૌમકા હોવે,
કરના કોન્ફરન્સ સાલાના મુબારક હો મુબારક હો;
ઘડી ધન્ય આજકી ધન્ય દિન હૈ આજકા માનક,
સબોંકો મિલકે યહ ગાના મુબારક હો મુબારક હો.

—માણિકચન્દ શેઠ.

ઉપર પ્રમાણેનાં મંગળાચરણ ગવાઈ રહ્યા બાદ પ્રમુખસાહેબ તરફથી નીચેનાં ત્રણ ઠરાવો શરૂઆતમાં રજુ કરવામાં આવ્યા હતા.

## ઠરાવ ૧ લો—રાજ્યભક્તિ.

આ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ નામદાર શહેનશાહ પંચમ જ્યોર્જ અને મહારાણી ભારતેશ્વરી મેરી તરફ પોતાની સંપૂર્ણ રાજ્ય ભક્તિ પ્રદર્શિત કરે છે, અને તે બંને દીર્ઘાયુષી થાઓ તેવી પ્રાર્થના કરે છે; વળી યુરોપમાં જે અતિ દારૂણ સંગ્રામ ચાલે છે અને જેનાથી ઘણી નુકશાની થઈ છે તે સંગ્રામ શિઘ્ર શાંત થાઓ તેવી પોતાની ઇચ્છા પ્રગટ કરે છે.

## ઠરાવ ૨ જો—નામદાર હિંદી પ્રધાનને સ્વાગત.

હિંદના સ્ટેટ સેક્રેટરી નામદાર રાઈટ ઓનરેબલ મી૦ મોંટેગ્યુ, કે જેઓ ભારત સામ્રાજ્યની શાસન સુધારણા માટે અત્રે પધારેલા છે, તેમનું આ કોન્ફરન્સ ખરા અંતઃકરણથી સ્વાગત કરે છે, અને તેમની મારફત હિંદુસ્તાનની સઘળી આશાઓ સંપૂર્ણ રીતે સફળ થાઓ એવી પ્રાર્થના કરે છે.

## ઠરાવ ૩ જો—શોક પ્રકાશ.

આ કોન્ફરન્સ કલકત્તાના અમૂલ્ય રત્ન, સર્વ સન્માનિત, અને દ્વિતીય જૈન કોન્ફરન્સના માનનીય પ્રમુખ કલકત્તાનિવાસી રાય બદ્રીદાસ મુકીમ બહાદુરના દીલગીરી ભરેલા મૃત્યુ માટે પોતાનો આંતરિક શોક પ્રદર્શિત કરે છે, અને તેમના સમસ્ત કુટુંબ પરિવાર તરફ પોતાની સહાનુભૂતિ પ્રકાશિત કરે છે.

ઉપરોક્ત ત્રણ ઠરાવો પ્રમુખ તરફથી રજુ કરવામાં આવ્યા હતા, અને તે સર્વાનુમતે પસાર થયા પછી યોગ્ય સ્થળે તે ઠરાવોની ખબર તાર મારફતે મોકલવાની પ્રમુખને સત્તા આપવામાં આવી હતી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઠરાવ ૪ થો–હિંદુ યુનિવર્સીટી અને જૈન કોમ.

બનારસમાં હાલમાં સ્થપાયેલ હિંદુ યુનિવર્સીટીમાં જૈન વિદ્યાર્થીઓની પણ સારી સંખ્યા થશે એવી આશા રહે છે; તેથી આ કોન્ફરન્સ હિંદુ યુનિવર્સીટીના કાર્યવાહકોને નિવેદન કરવાની આ તક લે છે કે જ્યારે હિંદુ યુનિવર્સીટીનો અભ્યાસક્રમ નિયત કરવાનો સમય આવે ત્યારે હિંદુધર્મના પઠનક્રમની સાથે જૈનધર્મના ગ્રંથોને પણ ઉચિત સ્થાન તેમણે આપવું. તે કાર્યને માટે ફંડ વિગેરેની યોજના કરવા અને સ્કોલરશીપો વિગેરે આપવાનો પ્રબંધ કરવા જૈન કોમના જે મેમ્બરો તેની કમીટીમાં દાખલ થયા છે તેમને સંપૂર્ણ રીતે સહાયતા આપવાની જૈન શ્રીમંતોને આ કોન્ફરન્સ સૂચના કરે છે.

દરખાસ્ત મુકનાર—શા. મકનજી જુઠાભાઈ મહેતા–મુંબઇ.

અનુમોદન આપનાર—બાબુ રાજકુમારસિંહજી–કલકત્તા.

ઉપરનો ઠરાવ કોન્ફરન્સ સમક્ષ મૂકાતાં અને બહુ દલીલ પૂર્વક તેની જરૂરીઆત સમજાવતાં તે વખતેજ યુનિવર્સીટીમાં જૈન અભ્યાસક્રમ માટે એક જગ્યા ગોઠવવા સારૂ સુમારે લાખ રૂપિયાનું ફંડ થયું હતું, જેનું વિગતવાર લીસ્ટ અમોએ પ્રાંતભાગમાં આપેલું છે.

આ વખતે **મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીએ** પધારી જૈન કોમમાં ઐક્ય સાચવી રાખવાની જરૂરીઆત, અંદર અંદર મતભેદ રાખવો તે પણ હિંસા છે, તેથી મતભેદ દૂર કરી સલાહસંપથી વર્તવાની સૂચના કરવાવાળું બહુ સુંદર ભાષણ કર્યું હતું. ત્યારબાદ નીચેનો પાંચમો ઠરાવ રજુ કરવામાં આવ્યો હતો.

## ઠરાવ ૫ મો–ધાર્મિક શિક્ષણ.

આપણી જૈન સમાજમાં ધર્મશિક્ષણનો વિશેષ અભાવ થતો જાય છે એમ આ કોન્ફરન્સને અનુભવ ઉપરથી જણાય છે, અને ધર્મની પુષ્ટિ તથા વિસ્તારને માટે ધર્મશિક્ષણની ખાસ આવશ્યકતા આ કોન્ફરન્સ સ્વીકારે છે. તેથી નીચે લખવામાં આવેલા ઉપાયો શિઘ્ર અમલમાં મૂકવાની દરેક શ્વેતામ્બર જૈન બંધુને આ કોન્ફરન્સ વિનંતિ કરે છે.

(૧) પ્રત્યેક ગામ અગર શહેરમાં ધર્મશિક્ષણને માટે પાઠશાળા અને પુસ્તકાલય વિગેરે સ્થાપિત થાય અને તે સુવ્યવસ્થિત રીતે ચાલે તેવી યોજના કરવી.

(૨) ધાર્મિક શિક્ષણને માટે પ્રાકૃત અને સંસ્કૃત ગ્રંથોના સરલ ભાષામાં મૂળ સહિત ભાષાંતરો પ્રગટ થાય તેવો પ્રબંધ રચવો.

(૩) ધાર્મિક શિક્ષણને માટે સારા લાયક પુરૂષ અને સ્ત્રી માસ્તરોની ખાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવશ્યકતા છે, તેથી જૈન યુવાનો અને સ્ત્રીઓ પ્રાકૃત અને સંસ્કૃત જ્ઞાન વિશેષ પ્રમાણમાં લે તેવો બંદોબસ્ત કરવો.

દરખાસ્ત—શેઠ અમરચંદ ઘેલાભાઈ-ભાવનગર.

અનુમોદન—પંડિત હંસરાજજી-અમૃતસર.

દ્વિ૦ અનુમોદન—રા. હીરાચંદ લીલાધર ઝવેરી-જામનગર.

## ઠરાવ ૬ ઠ્ઠો-પ્રાકૃત ભાષાનો ઉદ્ધાર.

આપણા શાસ્ત્રો પ્રાય: માગધી ભાષામાંજ રચાયેલ હોવાથી તેના શિક્ષણની જરૂરીઆત છે, તેથી તેના શિક્ષણની વૃદ્ધિ તથા તેનાં રક્ષણ માટે આ પ્રમાણે કરવાની આવશ્યકતા આ કોન્ફરન્સને જણાય છે.

(૧) પ્રાકૃત ભાષાનો અભ્યાસ સરલ થઇ શકે તે માટે જે પ્રાકૃત ભાષાનો કોષ તૈયાર કરાવવાનો વિચાર પ્રથમ થયેલો છે તેને જલદીથી અમલમાં મૂકવા માટે અને તે કોષ જલદી બહાર પાડી શકાય તે માટે સર્વે જૈન બંધુઓનું આ કોન્ફરન્સ ખાસ લક્ષ ખેંચે છે અને તે તરફ સર્વનું આકર્ષણ કરે છે.

(૨) પ્રાકૃત ભાષાનું સરલ વ્યાકરણ તૈયાર કરવાની શિઘ્ર જરૂરીઆત આ કોન્ફરન્સ સ્વીકારે છે અને તે વિષયમાં અધિક પ્રયાસ કરવાની આવશ્યકતા જણાય છે.

(૩) જૈન પાઠશાળા અને વિદ્યાશાળાઓમાં પ્રાકૃત ભાષાનું ખાસ શિક્ષણ દેવાનો પ્રબંધ કરવાની જરૂર છે, તેથી આ કોન્ફરન્સ તેના કાર્યવાહકોને તે બાબતની ખાસ સૂચના કરે છે.

(૪) હિંદુસ્તાનની જૂદી જૂદી બધી યુનિવર્સીટીઓમાં પ્રાકૃત ભાષા અન્ય ભાષાઓની જેમજ જૈન વિદ્યાર્થીઓ બીજી ભાષા તરીકે લઈ શકે તે માટે પ્રયાસ કરવાનો દરેક જૈન વિદ્વાન્ અને દરેક જૈન સંસ્થાને આ કોન્ફરન્સ આગ્રહ કરે છે; કલકત્તા યુનિવર્સીટીએ તેના અભ્યાસક્રમમાં પ્રાકૃત ભાષા દાખલ કરીને જૈન કોમ ઉપર ઉપકાર કર્યો છે તેની આ કોન્ફરન્સ નોંધ લે છે અને તેનો ઉપકાર માને છે; અને બીજી યુનિવર્સીટીઓને તેનું અનુકરણ કરવાનો આગ્રહ કરે છે, અને આ ઠરાવની એકેક નકલ જાહેર પત્રોમાં છપાવવાની અને તે ઠરાવની એકેક નકલ કલકત્તા યુનિવર્સીટી અને બીજી યુનિવર્સીટીના કાર્યવાહકોને મોકલવાની ભલામણ કરે છે.

દરખાસ્ત—પંડિત હરગોવિંદદાસ-કલકત્તા.

અનુમોદન—રા. મનસુખલાલ રવજીભાઇ મહેતા-મુંબઇ.

વિશેષ „ —પંડિત વૃજલાલજી-બનારસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઠરાવ ૭ મો—જૈન સાહિત્ય પ્રચાર.

૧ જૈન સિદ્ધાંતો તથા ગ્રંથો બહાર પાડવામાં અને જૈન સાહિત્યનો પ્રચાર કરવામાં જે જે પૂજ્ય મુનિ મહારાજાઓ તથા પુસ્તક પ્રકાશક સંસ્થાઓ અને વિદ્વાનો પ્રયત્ન કરી રહ્યાં છે તેઓ સર્વને માટે આ કોન્ફરન્સ પોતાનો અંતઃકરણપૂર્વક સંતોષ જાહેર કરે છે, અને તે સર્વને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે કે સસ્તા સાહિત્યની વૃદ્ધિ માટે તેઓએ ખાસ વ્યવસ્થા કરવી, કે જેથી જૈન સાહિત્યનો વિશેષ પ્રચાર થઇ શકે.

૨ જૈનોનું પ્રસિદ્ધ અને અત્યુત્તમ પ્રાચીન સાહિત્ય જેની અંદર રહેલું છે એવા જૈન ભંડારો, કે જે હજુ સુધી બંધ પડેલા છે તેને ઉઘડાવવા—તેમાંના ગ્રંથો બહાર કઢાવવા અને તે ગ્રંથોનો માનવ સમાજ વિશેષ અને શિઘ્ર લાભ લઇ શકે તેવો પ્રબંધ કરવો. તે ગ્રંથો ભંડારોમાં ગુપ્ત રહેવાથી નષ્ટપ્રાયઃ થઈ જવાની ભીતિ રહે છે, તેથી આ કોન્ફરન્સ તેવું બને તે પહેલાં જ તે ભંડારોના અગ્રેસરોને સમયાનુકૂળ પ્રાર્થના કરે છે, અને આશા રાખે છે કે તે ગ્રંથો જલદીથી જ પ્રકાશમાં લાવવામાં આવશે, અને છપાવીને બહાર પાડવામાં આવશે. પાટણ, જેસલમેર, ખંભાત, અમદાવાદ, લીંબડી વિગેરે સ્થળોનાં ભંડારોના કાર્યવાહકોનું આ વિષય ઉપર ખાસ લક્ષ ખેંચવામાં આવે છે. પ્રાચીન જૈન સાહિત્યના પ્રચાર માટે શ્રીમાન્ ગાયકવાડ સરકારને આ કોન્ફરન્સ અંતઃકરણ પૂર્વક ધન્યવાદ આપે છે.

૩ સ્વ. શેઠ અમરચંદ તલકચંદે જૈન સાહિત્યને માટે મુંબઇ યુનિવર્સીટીમાં ખાસ સ્કોલરશીપ દેવા માટે રકમ અર્પણ કરેલી છે, તેજ પ્રમાણે બીજી યુનિવર્સીટીઓમાં પણ જૈન સાહિત્ય માટે સ્કોલરશીપો આપી શકાય તેવી રકમો અર્પણ કરવા માટે શ્રીમંતોને આ કોન્ફરન્સ આગ્રહ કરે છે.

દરખાસ્ત—શેઠ કુંવરજી આણંદજી ભાવનગર.

( આ દરખાસ્ત મૂકતાં કરેલું ભાષણ પ્રાંત ભાગમાં આપેલું છે. )

અનુમોદન—શેઠ લખમીચંદજી ધીયા. પ્રતાપગઢ.

વિશેષ—બાબુ અચળસિંહજી. દિલ્હી.

,, —,, શેઠ વીરજી ગંગાજર મુંબઈ.

## ઠરાવ ૮ મો—પ્રાચીન શિલાલેખોનો ઉદ્ધાર.

આ કોન્ફરન્સ પ્રાચીન શિલાલેખોનો સંગ્રહ કરવાની ખાસ આવશ્યકતા સ્વીકારે છે; કારણકે તે શિલાલેખો દ્વારા જૈનધર્મનાઇતિહાસ ઉપર બહુ અજવાળુ પડવાનો સંભવ રહે છે. આ ઉદ્દેશ અમલમાં લાવવા માટે નીચે લખેલા ગૃહસ્થોની એક કમીટી નીમવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રા. રા. દોલતચંદ પુરૂષોત્તમ બરોડીયા. બી. એ.
રા. રા. સિ. ડી. દલાલ. એમ. એ.
રા. રા. કેશવલાલ પ્રેમચંદ મોદી. બી, એ. એલ, એલ, બી.
રા. રા. બાબુ ઉમરાવસિંહજી ટાંક. બી, એ. એલ, એલ, બી. વકીલ—ચીફ કોર્ટ.
રા. રા. ડાહ્યાભાઈ પ્રેમચંદ મોદી. વકીલ.
રા. રા. બાબુ પૂરણચંદજી નહાર. એમ, એ. બી, એલ.

આ કાર્યમાં દરેક જૈન બંધુઓને તેમને સંપૂર્ણ સહાયતા આપવાનો, જ્યાં જ્યાં પ્રાચીન ભંડારો અને શિલાલેખો હોય ત્યાં ત્યાંની યાદી તેમના ઉપર મોકલવાનો અને તેની નોંધ લેવાવાળા ગૃહસ્થોને અડચણ અગર રોકાવટ નહિ કરવાનો આ કોન્ફરન્સ આગ્રહ કરે છે.

આ ઠરાવ પ્રમુખ તરફથી રજુ કરવામાં આવ્યો હતો.

## ઠરાવ ૯ મો—સ્ત્રીશિક્ષણ.

જૈનસમાજમાં સર્વત્ર સ્ત્રીશિક્ષણનો વિશેષ પ્રચાર થાય તે માટે નીચેના ઉપાયો ધ્યાનમાં લેવાની આ કોન્ફરન્સ આવશ્યકતા સ્વીકારે છે.

૧ પ્રત્યેક જૈને પોતાની પુત્રીઓને ઓછામાં ઓછું પ્રાથમિક શિક્ષણ તો અવશ્ય આપવું.

૨ જેનાથી બની શકે તેણે પોતાની પુત્રીઓને માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ પણ અવશ્ય આપવું, અને કન્યાઓ રાજીખુશીથી તે શિક્ષણ લઈ શકે તે માટે તેમનાં વિવાહ અને લગ્ન નાની ઉમરમાં ન કરવાં.

૩ જે જે સ્થળોમાં જૈનોની વસ્તી સારી સંખ્યામાં હોય અને જ્યાં સાર્વજનિક કન્યાશાળા ન હોય ત્યાં ત્યાં તે સ્થળનાં જૈન મહાશયોએ પોતાની કન્યાશાળા સ્થાપવાનો બંદોબસ્ત કરવો તે ઉચિત અને જરૂરનું છે.

૪ મોટી ઉમરની શ્રાવિકાઓ બપોરના બે પહોરના ફુરસદના સમયમાં વ્યવહારોપયોગી સામાન્ય જ્ઞાન લઇ શકે તે માટે દરેક સ્થળે એવા ખાસ વર્ગો ઉઘાડવાની જરૂરીઆત છે કે જે ખાસ વર્ગોમાં આરોગ્યવિદ્યાના મૂળતત્ત્વો, માંદાઓની માવજત અને અકસ્માત:વખતે તાત્કાળિક ઇલાજો તથા ભરત—શિવણકામ વિગેરેનું શિક્ષણ આપવામાં આવે.

૫ જૈન કન્યાશાળા અગર શ્રાવિકાશાળાઓને માટે સ્ત્રી શિક્ષકો તૈયાર કરવાને માટે આ વાત ખાસ જરૂરની છે કે શ્રાવિકાઓ અને ખાસ કરીને વિધવાઓને ફીમેલ ટ્રેઇનીંગ કોલેજોમાં અધિક પ્રમાણમાં દાખલ કરાવીને શિક્ષણ લેવરાવવું, અને આવી રીતે અભ્યાસ કરવાની ઉત્સાહી સ્ત્રીઓને જે જે પ્રકારની આવશ્યકતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તે આવશ્યકતા સ્કોલરશીપો વિગેરે આપી પુરી કરવાની જરૂરીઆત તરફ આ કોન્ફરન્સ સર્વનું લક્ષ ખેંચે છે.

દરખાસ્ત—રાજા વિજયસિંહજી બહાદુર–અજીમગંજ.

અનુમોદન—શા. રા. વીરજી રાજપાળ માસ્તર–મુંબઇ.

આ ઠરાવ વખતે લોકમાન્ય મહાત્મા તીલકની પધરામણી થઇ હતી, અને તેઓએ તાળીઓનાં અવાજ વચ્ચે ઉભા થઇ બહુ સુંદર શબ્દોમાં જૈનીઝમનો આ દેશ સાથેનો સંબંધ–જૈનમાં ઐક્યની જરૂરીઆત વિગેરે બાબતો ઉપર વિવેચન કર્યું હતું.

## ઠરાવ ૧૦ મો–સહધર્મીઓને સહાય.

અશક્ત, નિરૂદ્યમી, દુર્દશાગ્રસ્ત ભાઇઓ તથા આશ્રયહીન વિધવાઓ અને બાળકોની સ્થિતિમાં સુધારો કરવા માટે તેઓ પોતપોતાનો નિર્વાહ સારી રીતે કરી શકે તેવી રીતનો બંદોબસ્ત કરવાનો, બાળાશ્રમ, વિધવાશ્રમ, વિગેરે સંસ્થાઓ સ્થાપન કરવાનો તથા તેવી સંસ્થાઓને હરેક રીતે મદદ કરવાનો જૈન શ્રીમંતોને આ કોન્ફરન્સ ખાસ આગ્રહ કરે છે.

આ ઠરાવ પ્રમુખ તરફથી રજુ કરવામાં આવ્યો હતો.

## ઠરાવ ૧૧ મો–સંપ (ઐક્યતા).

આ કોન્ફરન્સ સમગ્ર જ્ઞાતિ અને સંઘ સમુદાયમાંથી તથા સમગ્ર જૈન કોમમાંથી કુસંપનો નાશ થાય અને સંપનો વિશેષ પ્રચાર થાય તેની આવશ્યકતા સ્વીકારે છે અને અંદર અંદરના કુસંપનો ત્યાગ કરવાની અને ગચ્છના કદાગ્રહ છોડવાની અને ઐક્યતા કરવાની પ્રત્યેક ગામ અને શહેરના સંઘોને આ કોન્ફરન્સ ખાસ ભલામણ કરે છે.

આપણી આપણી જ્ઞાતિ અને તીર્થોના ઝઘડાઓનો લવાદી મારફત નીકાલ કરવાનું આ કોન્ફરન્સ ખાસ પસંદ કરે છે; કારણકે તેવી રીતે લવાદી મારફત ઝઘડાઓનો નીકાલ થવાથી જૈનકોમની લાખો રૂપિયાની નકામી બરબાદી થતી અટકી શકે છે.

આ ઠરાવ પ્રમુખ તરફથી રજુ કરવામાં આવ્યો હતો.

ઉપર પ્રમાણેના ઠરાવો પસાર કરવામાં આવ્યા પછી કોન્ફરન્સનું બીજા દિવસનું કાર્ય સંપૂર્ણ કરવામાં આવ્યું હતું, અને કોન્ફરન્સની બેઠક ત્રીજા દિવસ ઉપર મુલતવી રાખવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન કળા વિધાનમાં કુશળ, બનજો સર્વે વીર;
આશીર્વચન હમારાં એ છે, વધાવે અમર ધીર રે—ભલે—૬
—અમૃતલાલ સાવજી શાહ.

## नाटककी चाल.

શ્રી વીર જિનેશ્વર, જગ પરમેશ્વર, તારેશ્વર સુખકારી;
શાસન નયિક, શિવ સુખદાયક, લાયક પરઉપકારી. ૧
વીતરાગ આળેશ્વર ઇશ્વર, ભવિક જીવ હિતકારી;
નાથ નિરંજન, મુનિ મન રંજન, ભંજન કર્મ કરારી. ૨
કરૂણાસાગર, જગત ઉજાગર, શિવપદકે દાતારી;
અન્તર્યામી દિલ વિસરામી, ખામી બહુ ગુણ ધારી. ૩
અધમોદ્ધારન જગજનતારન, તારન બિરૂદ તિહારી;
દાસ માનક અરદાસ કરત હૈ, શ્રી સંઘ મંગળકારી. ૪
—માનેકચન્દજી શેઠ.

આ ગાયનો ગવાઇ રહ્યા બાદ કોન્ફરન્સનું કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં પ્રમુખ સાહેબ તરફથી નીચે પ્રમાણેનો ઠરાવ રજુ કરવામાં આવ્યો હતો.

## ઠરાવ ૧૨ મો—જૈન પર્વ.

કલકત્તામાં જૈન ભાઈઓની વસ્તી ઘણી છે, અને વ્યાપારીઓમાં પણ તેમની પંક્તિ ઉંચી છે, તેથી આ કોન્ફરન્સ બંગાળ સરકારને ખાસ પ્રાર્થના કરે છે કે જૈનોનાં એક પ્રસિદ્ધ પર્વ—કાર્તિક શુકલ પૂર્ણિમાને સરકારે જાહેર તહેવાર તરીકે મંજુર કરવો અને પ્રતિવર્ષ તે દિવસ રજાના દિવસ તરીકે પળાવવો, કારણ કે તે દિવસે કલકત્તા શહેરમાં બહુ મોટો ધાર્મિક મહોત્સવ થાય છે, એટલે કે શ્રી જિનેશ્વર દેવનો આડંબરથી વરઘોડો નીકળે છે, અને તે મહોત્સવમાં બધા જૈન ભાઈઓ સામેલ રહે છે. આ ઠરાવની એક નકલ બંગાળાની સરકારને મોકલી આપવી.

વળી મહાવીર જયંતિ (ચૈત્ર શુદિ ૧૩) અને ભાદરવા શુદિ ચોથ અગર પાંચમ જેને આપણે સંવત્સરી પર્વને નામે ઓળખીએ છીએ તે બંને દિવસો આખા હિંદમાં જાહેર તહેવાર તરીકે સરકારે ઠરાવવા. આ ઠરાવની એકેક નકલ દરેક સ્થાનિક સરકારને અને એક નકલ હિંદી સરકારને મોકલવાની પ્રમુખસાહેબને મંજુરી આપવામાં આવે છે.

## ઠરાવ ૧૩ મો—શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડે શિક્ષાપ્રચારને અંગે આજસુધી જે જે પ્રયાસ કર્યા છે તે માટે આ કોન્ફરન્સ પોતાનો સંતોષ જાહેર કરે છે, અને નીચે લખેલાં કાર્યો તેણે કરવાની કોન્ફરન્સ આવશ્યકતા સ્વીકારે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ૧ ) જે જે સ્થળોએ જૈન બાળકો માટે ધાર્મિક અગર વ્યવહારિક શિક્ષણ દેવાને વાસ્તે પાઠશાળા અગર વિદ્યાશાળા વર્તમાનમાં મોજુદ હોય તે સર્વની પરીક્ષા લેવી, અને જ્યાં તે શાળાઓ તુટી ગઇ હોય અગર અવનત થઇ હોય ત્યાં સુધારો કરવો, અને જ્યાં તેવી પાઠશાળા અગર વિદ્યાશાળાનો અભાવ હોય ત્યાં શિઘ્રતાથી તેવી શાળાઓ સ્થપાય તેવો પ્રબંધ કરવો.

( ૨ ) જૈન વિદ્યાર્થીઓ પાઠશાળા અગર વિદ્યાશાળામાં એક સરખી પ્રણાલીએ શિક્ષણ લઇ શકે તે માટે વાંચનમાળા-ટેક્સ્ટબુકો ખાસ તૈયાર કરાવવી, પ્રતિવર્ષ તે ક્રમ પ્રમાણે સર્વત્ર એક સાથે અભ્યાસ કરતા સર્વ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવી, અને પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો ( સર્ટીફીકેટસ ) અને પારિતોષિક આપવાનો પ્રબંધ કરવો.

( ૩ ) જીવવિચાર, નવતત્ત્વ, દંડક, ક્ષેત્રસમાસ, સંગ્રહણી, કર્મગ્રંથ અને પ્રતિક્રમણ વિગેરે સર્વ વિષયો પર સરલ ભાષામાં અર્થ સહિત પુસ્તકો છપાવવાનું જે કાર્ય શરૂ કરવામાં આવ્યું છે, તે શિઘ્રતાથી સંપૂર્ણ થાય તેવો પ્રબંધ રચવો.

( ૪ ) વિદ્યાર્થીઓને માટે જૈન બોર્ડીંગમાં છાત્રવૃત્તિઓ ( સ્કોલરશીપો ) તથા પુસ્તકોની સહાય મળે તેવો પ્રબંધ રચવો.

( ૫ ) તીર્થસ્થાનોની રસીદબુકોમાં બીજાં ખાતાંઓ સાથે શ્રી જૈન કોન્ફરન્સ કેળવણી ફંડનું ખાતું દાખલ કરવા માટે શ્રી તારંગાજી તીર્થનાં કાર્યવાહક મહાશયોએ જે પ્રબંધ કર્યો છે તે માટે આ કોન્ફરન્સ તેમને ધન્યવાદ આપે છે, અને બીજાં તીર્થના ટ્રસ્ટીઓ અને કાર્યવાહકો પણ તેવી રીતની કલમ દાખલ કરવાનો પ્રબંધ રચે તેવી યોજના કરવાની બોર્ડને સૂચના કરે છે.

(૬) શિક્ષણની ઉન્નતિ તથા વિશેષ પ્રચાર માટે લોકલ સબ કમીટીઓ સ્થાપવાની આ કોન્ફરન્સ જરૂરીઆત જુએ છે. આ સબ કમીટીઓ સ્થાનિક શિક્ષણ અને અન્ય ઉન્નતિનાં કાર્યો માટે બંદોબસ્ત કરે અને સ્થાનિક ફંડ વિગેરે કરીને તે કમીટીઓ તેના ખર્ચનો નિર્વાહ કરે. આ કમીટીઓ પ્રતિવર્ષ કોન્ફરન્સના એજ્યુકેશન બોર્ડ મારફત કોન્ફરન્સમાં તેનો હિસાબ મોકલે. કોન્ફરન્સની એજ્યુકેશન બોર્ડ કોઇ પણ ખર્ચાદિના સંબંધમાં પ્રબંધ કરે તો સબ કમીટીઓએ તેની સૂચના પ્રમાણે વર્તવું. આ લોકલ સબ કમીટીઓની નિયમાવળી અને સ્થાનાદિક એજ્યુકેશન બોર્ડે નિયત કરવા.

જે કોઇ જૈન બંધુ પ્રતિ વર્ષ રૂા. ૫) આ બોર્ડમાં ફંડ તરીકે આપશે તેને એજ્યુકેશન બોર્ડના મેંબર ગણવામાં આવશે, અને જેઓ એક સાથે શરૂઆતમાં રૂા. ૧૦૦) ની રકમ આપશે તેને બોર્ડના લાઇફમેંબર ગણવામાં આવશે. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાર્ડ મેંબરોને એજ્યુકેશન બોર્ડનાં મત-વોટ દેવાનો અધિકાર આપવામાં આવે છે, અને જ્યારે જનરલ એજ્યુકેશન બોર્ડ મુંબઇમાં મળે ત્યારે ત્યાંના મેંબરોને ૨૫ મેંબરોની એક કાર્ય કરનારી મેનેજીંગ કમીટી નીમવાની સત્તા આપવામાં આવે છે. આ મેનેજીંગ કમીટી એજ્યુકેશન બોર્ડનું કાર્ય કોન્ફરન્સના આગામી અધિવેશન સુધી કરશે. જે બોર્ડના લાઇફ મેંબરો હશે તેઓને મેનેજીંગ કમીટીના એક્સ-ઓફીશીઓ મેંબર ગણવામાં આવશે.

દરખાસ્ત—રા. મોહનલાલ હલીચંદ દેશાઇ-મુંબઇ.

અનુમોદન-બાબુ મહારાજસિંહ બહાદુર-અજીમગંજ.

વિ૦ „ શાહ. અમૃતલાલ માવજી.

## ઠરાવ ૧૪ મો-જૈનોની સંખ્યામાં વૃદ્ધિ કરવાની જરૂરીઆત.

(૧) જે ભાઇઓએ પોતાનો અસલ જૈનધર્મ છોડીને અન્ય ધર્મનો સ્વીકાર કર્યો હોય તેમને પુનઃ પાછા જૈનધર્મમાં સામેલ કરવાનો પ્રયત્ન કરવો.

(૨) જૈનધર્મ તરફ રૂચિ ધરાવનારા ઉંચી જ્ઞાતિવાળા આર્યો આપણા જૈનધર્મમાં દાખલ થાય તે માટે પ્રયત્ન કરવો.

(૩) જે જે વિષયોને લીધે શારીરિક આરોગ્યતા સારી રહે તે તે વિષયોનું જ્ઞાન જૈનકોમમાં વિશેષ ફેલાય તેવો પ્રયાસ કરવો.

(૪) બહુ વસ્તીવાળા અને મોટા શહેરોમાં ગરીબ અને મધ્યમ વર્ગના જૈન ભાઇઓ માટે ખાસ કરીને સસ્તા ભાડાની ચાલીઓવાળી ઇમારતો બનાવવાની જૈન શ્રીમંતોની ફરજ તરફ તેમનું આ કોન્ફરન્સ ખાસ લક્ષ ખેંચે છે.

(૫) જૈન ભાઇઓમાં મૃત્યુનું પ્રમાણ અધિક વધી જવાથી તે બાબતનો અને મૃત્યુ પ્રમાણ ઓછું થાય તે બાબતનો વિચાર ચલાવવા સુજાનગઢ કોન્ફરન્સમાં જે કમીટી નીમવામાં આવી હતી તે કમીટીનો રીપોર્ટ ૧૦ મી કોન્ફરન્સના રીપોર્ટમાં છાપીને બહાર પાડવામાં આવેલ છે, તેના તરફ જૈનસમાજનું ધ્યાન ખેંચવામાં આવે છે, અને તદનુસાર ભારતવર્ષના બીજા ભાગો માટેનો રીપોર્ટ તૈયાર કરવા માટે આ કોન્ફરન્સ તે કમીટીને આગ્રહ કરે છે.

દરખાસ્ત—શેઠ લલ્લુભાઇ કરમચંદ-મુંબઇ.

અનુમોદન—રા. રા. નાગજીભાઇ ગણપત-કલકત્તા.

વિ૦ „ રા. રા. નગીનચંદ પુનમચંદ નાણાવટી-પેથાપુર.

## ઠરાવ ૧૫ મો-સામાન્ય અને વ્યાપારી શિક્ષણ.

આપણી જૈન કોમમાં એક પણ અશિક્ષિત જૈન ન રહે તે માટે ખાસ પ્રયત્ન

For Private And Personal Use Only

કરવા સારૂ નીચે લખેલી યોજના ઉપર સમસ્ત જૈન બંધુઓનું આ કોન્ફરન્સ ખાસ ધ્યાન ખેંચે છે.

(૧) પ્રત્યેક ગામ અને નગરના અગ્રેસર જૈન ભાઈઓએ તે તે સ્થળના જૈન વિદ્યાર્થીઓ સરલતાથી વ્યાપારી શિક્ષણ પ્રાપ્ત કરી શકે તેને માટે તેવાં પુસ્તક વિગેરેનાં અનુકુળ સાધનો, તેમને જલદીથી મેળવી આપવાનો પ્રબંધ રચવો.

(૨) કેટલાંએક એવા દ્રષ્ટાંતો પણ માલૂમ પડે છે કે સારા વિદ્યાર્થીઓને પણ યોગ્ય સાધનને અને આધારને અભાવે શિક્ષણક્રમ વચમાંજ છોડી દેવો પડે છે. આવા વિદ્યાર્થીઓને જરૂરનો આધાર દઇને તેનો અભ્યાસ આગળ વધારી શકાય તેવી વ્યવસ્થા કરી શકે તેવી સંસ્થાઓની જરૂરીઆત આ કોન્ફરન્સ સમજે છે.

(૩) અત્યારના સમયને અનુકૂળ ઉપસ્થિત જૈન કોમનો વ્યાપારી દરજ્જો ટકી રહે તેટલા માટે ધર્મને હાનિ ન પહોંચે તેવા ઉપાયો યોજવા તરફ જૈન ભાઈઓનું આ કોન્ફરન્સ ખાસ ધ્યાન ખેંચે છે.

(૪) સમસ્ત જૈન ભાઇઓની આ ફરજ છે કે જે જે ઉચિત વ્યાપાર તેમના હાથમાં હોય તે તે વ્યાપારો પાશ્ચાત્ય વ્યાપારી શૈલી પ્રમાણે દિન પ્રતિદિન વધારવાનો પ્રયત્ન કરવો અને જૈન યુવાનોને તે તે ધંધાનું શિક્ષણ મળે તેવા હેતુથી તેમને પોતાના વ્યાપારમાં સામેલ કરવા અને હુંશિયાર કરવા.

(૫) હુન્નર અને કળાઓમાં જેઓ બહુ આગળ વધ્યા છે તેવા પાશ્ચિમાત્ય દેશનું અનુકરણ કરીને આપણા દેશમાં પણ નવી કળાઓ–ઉદ્યોગો દાખલ થાય તે માટે નવાં હુન્નરો, કારખાનાંઓ, ઉદ્યોગો શીખવવાની નિશાળો વિગેરે ખોલવાનો જૈન શ્રીમંતોને આ કોન્ફરન્સ આગ્રહ કરે છે. તે કારખાનાઓમાં જેમ બને તેમ વધારે પ્રમાણમાં જૈન યુવાનોને દાખલ કરવા, કે જેથી તેઓ તેનો સારો લાભ લઈ શકે.

દરખાસ્ત—શે. રા. હીરાચંદ લીલાધર ઝવેરી–અમદાવાદ.

અનુમોદન—બાબુ દયાલચંદજી ઝવેરી–આગ્રા.

વિશેષ „—શે. શે. જીવરાજ દેવજી મોતા–મુંબઇ.

આ ઠરાવ વખતે સુપ્રસિદ્ધ પંડિત મદનમોહન માલવિયા કોન્ફરન્સમાં પધાર્યા હતા, અને તેઓએ બહુ સુંદર અને અસરકારક શબ્દોમાં ભાષણ કર્યું હતું. જે ભાષણ ઉપયોગી અને મનન કરવા લાયક હોવાથી અને પછવાડેના ભાગમાં તે પ્રગટ કરેલ છે.

## ઠરાવ ૧૬ મો–શ્રી સુકૃતભંડાર ફંડ.

(૧) આ કોન્ફરન્સ દ્રઢતા અને આગ્રહપૂર્વક સર્વને અપીલ કરે છે કે દરેક શ્રાવક અને શ્રાવિકાએ કમમાં કમ ચાર આના તો દરવર્ષ અવશ્ય શ્રી સુકૃત ભંડાર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફંડમાં આપવા, કારણકે કોન્ફરન્સના નિભાવનો અને તેણે શરૂ કરેલાં કાર્યોના નિવાહનો આધાર તેના ઉપરજ છે.

(૨) જે જે સ્થળોનાં સંઘોએ પરિશ્રમ લઈને આ ફંડ એકઠું કરી કોન્ફરન્સમાં તેની રકમ મોકલાવી છે તે સર્વ સંઘોનો આ કોન્ફરન્સ ઉપકાર માને છે.

(૩) સં. ૧૯૭૪ ની સાલ માટે શ્રી સુકૃતભંડાર ફંડની રકમ પોતપોતાનાં ગામમાં એકઠી કરી કોન્ફરન્સની મુંબઈની વડી શાખા તરફ મોકલી આપવાની દરેક ગામ અગર શહેરના સંઘોને આ કોન્ફરન્સ વિનંતિ પૂર્વક આગ્રહ કરે છે, અને જે જે ગામો અગર શહેરોમાં આ ફંડ ઉઘરાવવાની શરૂઆત હજુ સુધી ન થઈ હોય તે તે સ્થળે જલદીથી આ ફંડ માટે પ્રયાસ કરવાની ત્યાંના અગ્રેસરોને આ કોન્ફરન્સ સૂચના કરે છે.

દરખાસ્ત—શેઠ લાલભાઇ કલ્યાણભાઈ–વડોદરા.

અનુમોદન—રા. મુળચંદ આશારામ વૈરાટી–અમદાવાદ.

## ઠરાવ ૧૭ મો—જીવદયા.

'अहिंसा परमो धर्मः' 'यतो धर्मस्ततो जयः'

આપણા ધર્મનો સર્વોપયોગી આ પ્રથમ સિદ્ધાંત છે, તેથી આ કોન્ફરન્સ આજના આ મેળાવડામાં અત્યારે હાજર રહેલા સર્વ સજ્જનોને આ સિદ્ધાંત તેના યથેષ્ટ સ્વરૂપમાં જેમ વધારે ફેલાય તેમ કરવાની પ્રાર્થના કરે છે, અને તેવા વિશેષ પ્રચાર માટે નીચેના ઉપયોગી ઉપાયો સર્વને નિવેદન કરે છે.

( ૧ ) સર્વ જીવોની રક્ષા કરવી અને તેની હિંસા થતી અટકે તેવા પ્રયત્ન કરવા.

( ૨ ) પાંજરાપોળના કાર્ય કરનારાઓની બેદરકારીથી પાંજરાપોળોમાં મુંગાં પ્રાણીઓ જે જે દુઃખો સહન કરે છે તે અટકાવવાનો બંદોબસ્ત કરવો.

( ૩ ) મનુષ્યના ખોરાક માટે અને ધર્મના નામથી જે પશુવધ થાય છે તથા ફેશન વિગેરેને અંગે નિરપરાધી અને મુંગા પ્રાણીઓ ઉપર જે નિર્દયતા વાપરવામાં આવે છે તેનો અટકાવ થાય તેવા બનતા પ્રયત્નો કરવા.

( ૪ ) જાનવરોના શારીરિક અવયવોથી બનતી કચકડાની ચીજોના અને તેની પાંખ, ત્વચા અને વાળ વિગેરેથી બનતી અન્ય વસ્તુઓના ઉપયોગને છોડી દઇને તેને બદલે તેવી નિર્દોષ ચીજો વાપરવી.

( ૫ ) ખાસ કરીને કલકત્તામાં અને બંગાળ, પંજાબ વિગેરે પ્રાંતોના શહેરોમાં રસ્તાઓ ઉપર કસાઇની જે દુકાનો ખુલ્લી રાખવામાં આવે છે, તે દુકાનોમાં વધ કરેલાં જનાવરોનાં શરીરો ખુલ્લાં લટકાવવામાં આવે છે; એથી ખાસ કરીને જૈન ભાઇઓના ચિત્ત બહુજ કલેશિત થાય છે, અને સર્વ રહેવાસીઓની તંદુરસ્તીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાનિ પહોંચવાનો પણ પૂરતો સંભવ રહે છે, તેથી તેવી દુકાનો જાહેર રસ્તાઓ ઉપરથી દૂર કરાવવા આ કોન્ફરન્સ બંગાળાના ગવર્નરને અને બીજા બીજા પ્રાંતના ઉપરી અધિકારીઓ તથા મ્યુનીસીપાલીટીના પ્રમુખ સાહેબોને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

( ૬ ) આ કાર્યના સંબંધમાં ધુલીયાની પ્રાણીરક્ષક સંસ્થા અને મુંબઈના શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ વિગેરે સંસ્થાઓ જે કાર્યો કરે છે તેમાં આ કોન્ફરન્સની સંપૂર્ણ સંમતિ છે અને બીજાં પણ આવાં જે જે મંડળો જીવદયાનાં કાર્યો કરવામાં સર્વદા તત્પર રહે છે તે સર્વને માટે આ કોન્ફરન્સ સહર્ષ ધન્યવાદ પ્રગટ કરે છે.

દરખાસ્ત—રા. રા. હાથીભાઈ કલ્યાણજી.
અનુમોદન—મી૦ બી. એન. મૈસરી.
વિ૦ ,,—મી૦ શામજી લાડકા

## ઠરાવ ૧૮ મો—હાનિકારક રિવાજ.

આપણી જ્ઞાતિઓમાં આજ કાલ કન્યાવિક્રય, બાળલગ્ન, વૃદ્ધવિવાહ, વેશ્યાનાચ, મૃત્યુ પછી અધિક શોક કરવો, મૃત્યુ પાછળ જમણવાર, મિથ્યાત્વીનાં પર્વોની માન્યતા, એક સ્ત્રીની હૈયાતીમાં બીજી સ્ત્રી કરવી, આતશબાજી-દારૂખાનું છોડવું વિગેરે જે જે હાનિકારક કુરિવાજો-કુરીતિઓ પ્રચલિત થઇ ગઈ છે તે સર્વને સર્વથા છોડી દેવાનો સર્વ જૈન બંધુઓને આ કોન્ફરન્સ આગ્રહ કરે છે.

જે જે જ્ઞાતિઓ અને કોમોએ એવા એવા કુરિવાજો છોડવાના ઠરાવો કર્યા છે અને તે ઠરાવોને અમલમાં મૂકયા છે તે સર્વને આ કોન્ફરન્સ ધન્યવાદ આપે છે અને તેવી બાબતોનો રીપોર્ટ કોન્ફરન્સ ઓફીસ ઉપર મોકલી આપવાનું તેમને નિવેદન કરે છે.

આ ઠરાવ પ્રમુખ સાહેબ તરફથી મૂકવામાં આવ્યો હતો.

## ઠરાવ ૧૯ મો—શ્રી ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

દરેક ધાર્મિક ખાતાંઓના હિસાબ ચોખા રાખવાથી અને તે સારી વ્યવસ્થામાં રાખવાથી તે તે ખાતાંઓમાં આમદાનીની વૃદ્ધિ થાય છે, તેથી તેવાં દરેક ખાતાંના હિસાબો તૈયાર રાખવાની અને પ્રતિવર્ષ છપાવીને બહાર પાડવાની આવશ્યકતા આ કોન્ફરન્સ સ્વીકારે છે. વળી કોન્ફરન્સ તરફથી નિમવામાં આવેલા હિસાબપરીક્ષકોને તેમના હિસાબો બતાવવાનો તે સર્વ ખાતાના કાર્યવાહકોને આ કોન્ફરન્સ આગ્રહ કરે છે. વળી તેવાં કાર્યોમાં સહાય આપવા પ્રત્યેક સ્વધર્મી ભાઈઓનું આ કોન્ફરન્સ ધ્યાન ખેંચે છે. જેવી રીતે જે ઉદ્દેશથી આ ઠરાવ કરવામાં આવે છે, તેવી રીતે તે અમલમાં મૂકી શકાય, ધર્માદા દ્રવ્યની રક્ષા થાય અને ધારેલ ઉદ્દેશની સફળતા થાય તેટલા માટે જ્યાં જ્યાં શ્રીસંઘના નામથી જે જે સંસ્થાઓ હોય તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ સંસ્થાઓના હિસાબ પ્રગટ કરવા માટે આ કોન્ફરન્સ તે તે સંસ્થાના કાર્યવાહકોને આગ્રહ કરે છે. જે જે ધાર્મિક ખાતાંઓના કાર્યવાહકોએ પોતાના હિસાબો બતાવ્યા છે તથા છપાવી બહાર પાડ્યા છે તે સર્વને આ કોન્ફરન્સ તરફથી ધન્યવાદ આપવામાં આવે છે.

આ ઠરાવ પ્રમુખ સાહેબ તરફથી રજુ કરવામાં આવ્યો હતો.

## ઠરાવ ૨૦ મો–જીર્ણ મંદિરોદ્ધાર.

પ્રાચીન જૈન મંદિરોનો ઉદ્ધાર કરવાની આવશ્યકતા આ કોન્ફરન્સ સ્વીકારે છે; તેને માટે ઘણું દ્રવ્ય એકઠું કરવાની જરૂર છે. તેથી મોટાં મોટાં મંદિરોનાં ટ્રસ્ટીઓને સૂચના કરવામાં આવે છે કે પોતપોતાના પ્રાંતમાં જે જે સ્થળોએ જીર્ણ મંદિરોનાં ઉદ્ધારની જરૂર હોય ત્યાં ઉદ્ધાર કરવાનો તેમણે બનતો પ્રયાસ કરવો. અને કોન્ફરન્સના પ્રો. સેક્રેટરીઓએ તે બાબતની દેખરેખ રાખવી; અને મોટાં મોટાં મંદિરોનાં ટ્રસ્ટીઓ સાથે મળી જીર્ણોદ્ધાર માટે મદદ મેળવવાની બનતી તજવીજ કરવી. મારવાડ, રાજપુતાના, મેવાડ, માળવા વિગેરે ભાગોનાં મંદિરોના ઉદ્ધારની ખાસ જરૂરીઆત છે. તેને માટે તે ભાગોના પ્રો. સેક્રેટરી શ્રીયુત્ શેઠ લક્ષ્મીચંદજી ઘીયા તથા શ્રીયુત્ શેઠ ચંદનમલજી નાગોરીને તે બાબતમાં સતત્ પરિશ્રમ કરવાની આ કોન્ફરન્સ ભલામણ કરે છે.

આ ઠરાવ પ્રમુખ તરફથી રજુ કરવામાં આવ્યો હતો.

## ઠરાવ ૨૧ મો કોન્ફરન્સનું બંધારણ.

દશમી કોન્ફરન્સમાં જે બંધારણનો ઠરાવ નક્કી કરવામાં આવ્યો છે તેજ બંધારણ કાયમ રાખવામાં આવે છે, અને બીજી 'કાર્ય વિસ્તાર' ની કલમમાં આટલો વધારો કરવામાં આવે છે કેઃ—

" જ્ઞાતિ, સંઘ, મહાજન અગર પંચનાં તકરારી અને વિવાદગ્રસ્ત પ્રશ્નો આ કોન્ફરન્સ કદી પણ હાથ ધરશે નહિ. "

"સ્ટેન્ડીન્ગ કમીટીનાં મેમ્બરોને 'સુકૃત ભંડાર ફંડ' અવશ્ય આપવું પડશે."

આ ઠરાવ પણ પ્રમુખની તરફથી રજુ કરવામાં આવ્યો હતો.

---

ઉપર પ્રમાણે ઠરાવો પસાર કરવાનું કામ સંપૂર્ણ થયા બાદ કોન્ફરન્સના બંધારણ અનુસાર કાયમના કામકાજ માટે સ્ટેન્ડીન્ગ કમીટીની નીમનોક કરવામાં આવી હતી, જેની અંદર પ્રથમ કરતાં માત્ર ચાર પાંચ નામોમાં જ ફેરફાર કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ જનરલ સેક્રેટરી ને આ. જનરલ સેક્રેટરીઓની નીમનોક નીચે પ્રમાણે જાહેર કરવામાં આવી હતી.

શેઠ હીરજીભાઈ ખેતશી-મુંબઇ. રેસીડેન્ટ જનરલ સેક્રેટરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઝવેરી લાલભાઈ કલ્યાણભાઈ–વડોદરા. જનરલ સેક્રેટરી.
રા. રા. ગુલાબચંદજી ઢઢા–જયપુર. „
બાબુસાહેબ બહાદુરસિંગજી સીંગી–અજીમગંજ „
બાબુસાહેબ રાજકુમારસિંહજી–કલકત્તા આ. જ. સેક્રેટરી.
ઝવેરી હર્કેલસિંહજી–દીલ્હી. „
શા. કુંવરજી આણંદજી–ભાવનગર. „
શા. બાલચંદ હીરાચંદ–માલેગામ. „

ત્યારબાદ પ્રોવીન્શીયલ સેક્રેટરીઓની નીમનોક પણ જાહેર કરવામાં આવી હતી. તેની અંદર પણ માત્ર બે ચાર નામનો જ ફેરફાર કરવામાં આવ્યો હતો.

આટલું કાર્ય થઇ રહ્યા બાદ પ્રમુખ સાહેબ તરફથી સર્વ હકીકતનો સાર સમજાવનારૂં અને તેમના તરફની છેવટની સખાવતોના લીસ્ટવાળું વિદ્વત્તા ભરેલું ભાષણ વાંચવામાં આવ્યું હતું.

## શેઠ ખેતશી ખીઅશીનું છેલ્લું ભાષણ.

પ્રિય સ્વામિભાઈઓ !

કોન્ફરન્સની ત્રણ દિવસની બેઠક હવે પૂરી થઇ છે અને આપણે બીજી બેઠકમાં ભેગા મળીએ તે પહેલાં મારે છેવટના બે બોલ કહેવા જોઇએ છે. આપ ભાઇઓએ આ મહાસભાનું પ્રમુખપદ મને આપીને મને જે મોટું માન આપ્યું છે તે માટે હું ખરા દીલથી આપ સાહેબોનો ઉપકાર માનું છું. આ માન હું આખી જીંદગી સુધી જીગરમાં જાળવી રાખીશ અને એ માનને લાયક બનવાની હું હમેશ કોશીશ કરીશ. હું સારી રીતે સમજું છું કે એક કોમના પ્રમુખ થવામાં એટલી મોટી જોખમદારી છે કે એ પદને શોભાવવા માટે આખી જીંદગી સુધી સમાજસેવક બની રહેવું જોઇએ, તેથી એ મુજબ શ્રી સંઘની સેવા કરવામાં મારાથી બનતું કરીને હું તમારા માનને લાયક બનવા કોશીશ કરીશ.

સજ્જનો ! મને એ જોઇને સંતોષ થયો છે કે મારા પ્રથમના ભાષણમાં સૂચના કર્યા મુજબ તમોએ સંપ અને વિદ્યાવૃદ્ધિ એ બે મહાન્ અગત્યના વિષયો ઉપર પૂરતું ધ્યાન આપી કિંમતી ઠરાવો કર્યા છે, એટલુંજ નહિ પણ વિદ્યાવૃદ્ધિને અંગે એક મોટું ફંડ હિંદુ યુનિવર્સીટી માટે કરીને તમારી લાગણી કાર્યમાં બતાવી આપી છે. આવીજ રીતે ખરૂં વિચારવાની અને ખરૂં કરવાની રીત દર કોન્ફરન્સ વખતે ચાલુ રાખશો તો જરૂર સંઘની ઉન્નતિ તાકીદે થશે. સંપની બાબતમાં તમે જે ઠરાવ કર્યો છે તે માટે હું તમોને મુબારકબાદી આપું છું. તમોને ખાત્રી થશે કે લોકમાન્ય તીલક, મહાત્મા ગાંધી અને ઓનરેબલ મદનમોહન માલવીયાજી જેવા દેશરત્નો તમારી સમક્ષ પધારીને સમસ્ત જૈન કોમમાં એકતા કરવા માટે ઉપદેશ આપી ગયા છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અંદરઅંદરના કલેશને તીલાંજલી આપવાનો આગ્રહ કરી ગયા છે. શાણા માણસો માટે ઇશારો માત્ર બસ છે. મોટા પુરૂષોનાં વચનને માથે ચડાવે તેજ સુખી થશે. હું માત્ર એટલુંજ કહી શકું, કારણ કે મને તમારી બુદ્ધિ અને ભલાઇમાં વિશ્વાસ છે અને મને ખાત્રી છે કે આપણે કલકત્તા છોડીએ તે પહેલાં આપણા સંપના ઠરાવને તથા ત્રણે મહાપુરૂષોની સલાહને અમલમાં મૂકવાનું વ્યવહારૂ પગલું ભરવાનું ડહાપણ આપ જરૂર બતાવશો જ. સંપ ચાહનારે છૂટછાટ જરૂર મૂકવી જોઇએ. એક વેંત નમશે તો બીજો હાથ નમશે. દીલ સાફ હોય ત્યાં ટંટો ઉભો રહી શકે જ નહિ.

સજ્જનો ! કોન્ફરન્સના બંધારણમાં પણ તમો સારૂં કામ કરી શક્યા છો, તે માટે તમને મુબારકબાદી આપતાં હું નમ્રતાપૂર્વક અરજ કરૂં છું કે, હવે જ્યારે કોન્ફરન્સના ઇતિહાસમાં સુધારણાનું નવું પાનું આપણે આ વખતે શરૂ કરી દીધું છે ત્યારે તે પાનું ઉંચામાં ઉંચા કામોથી પૂરૂં ભરવું એ કોન્ફરન્સના કાર્યાધિકારીઓનું ખાસ કર્ત્તવ્ય છે.

એક કોન્ફરન્સના વખતથી બીજી કોન્ફરન્સના વચલા વખતમાં આંદોલન અને ઉત્સાહપૂર્વક કામ કરવા પર ધ્યાન આપવા મારી ખાસ નમ્ર વિનંતિ છે. અને પ્રતિનિધિ સાહેબોને પણ મારી વિનંતિ છે કે આ કોન્ફરન્સના વિજય કે પરાજયના યશ અને અપયશમાં તમારો ભાગ છે તે ભૂલશો નહીં. તમારે દૂરથી જોયા રહેવાનું નથી પણ જે ઠરાવો તમારી સંમતિથી આજે થયા છે તે ઠરાવોનો અમલ કરવામાં કોન્ફરન્સ ઓફીસને તમારે સતત મદદ કરવાની છે એ વાત કદાપિ ભૂલશો નહિ.

છેવટે કલકત્તા તથા બંગાળના શ્રી સંઘે થોડા વખતમાં જે મોટી તૈયારીઓ કરી છે અને સઘળાઓની જે ઉત્તમ પરોણાગત કરી છે તે માટે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું, તેવીજ રીતે વોલંટીઅરોએ બજાવેલી કિંમતી સેવાની નોંધ લેવા પણ હું બંધાયલો છું.

કલકત્તા તથા બંગાળના શ્રી સંઘની ખાનદાની, યોગ્યતા અને વિવેક જોઇ હું ઘણો ખુશી થયો છું. આટલા દિવસ સુધી આવા સજ્જનોના સહવાસમાં આવી શકયો નહોતો તેટલી મારી પુણ્યાઇની ખામી માનું છું. આથી કલકત્તાના જૈન બંધુઓ સાથે મારો ગાઢ સંબંધ બંધાયો છે અને હું ઇચ્છું છું કે તે સંબંધ કાયમ રહે. આ પ્રસંગે કલકત્તા તથા બંગાળના પ્રેમી જૈન બંધુઓની મારા પ્રત્યેની વિશ્વાસની લાગણીઓમાં શ્રદ્ધા રાખીને હું તેઓ પ્રત્યે એક નમ્ર સૂચના કરી લેવાની રજા લઇશ. આ જીલ્લામાં જૈન સંખ્યા પ્રમાણમાં થોડી છે એવા વખતમાં વિલાયતમાં જઈ આવેલા નાહટા અને દુધેડીઆ જેવા બે માનવંતા ખાનદાન કુટુંબોના પુત્રોને જૈન સમાજ ગુમાવી બેસે એ નહિ ઇચ્છવાજોગ છે. દીલ અને વિચારોને ઉદાર રાખી એ બે કુટુંબો સાથે સઘળી જાતનો સંબંધ ફરી જોડવાથી જૈન

For Private And Personal Use Only

સમાજની ખોળામાં વધારો થશે. સારા સારા માણસોની આપણે અવગણના કરીશું તો આપણી સંખ્યા અને બળ ઓછાં થશે, માટે આપ બુદ્ધિશાળી અને પ્રેમી સજ્જનોને એક બંધુ તરીકે મારી અરજ અને સૂચના છે કે આ બાબતમાં મોટું દીલ રાખી તથા જમાનો વિચારી તથા આપણી હાલની ટુંકી સંખ્યાનો ખ્યાલ કરી મ્હેં કહેલાં બે ખાનદાન કુટુંબોને પોતાના બનાવી લેશો.

છેવટમાં ગૃહસ્થો તમોએ મારા પ્રમુખપદ નીચે કિંમતી કામ કરીને મને જે માન આપ્યું છે તેની ખુશાલીમાં નીચે મુજબ તુચ્છ સખાવતો જાહેર કરતાં મને હર્ષ થાય છે. ( સખાવતનું લીસ્ટ મળી ન શકવાથી દાખલ કરી શક્યા નથી. )

સદરહુ સખાવતની અંદર હિંદુ યુનિવર્સીટી ફંડમાં તેઓ સાહેબે જાહેર કરેલી રકમમાં રૂ. ૨૫૦૦) નો ઉમેરો કરીને એકંદર રૂ. ૧૫૦૦૦) આપ્યા હતા. કલકત્તા ખાતે એક ધર્મશાળા, ઉપાશ્રય, લાઇબ્રેરી વિગેરેની ગરજ પૂરી પાડે તેવું મકાન બંધાવવામાં રૂા. ૨૫૦૦૦) આપવાની ઉદારતા બતાવી હતી. એ કાર્યમાં બીજા કચ્છી ગૃહસ્થો તરફથી રૂ. ૩૦૦૦૦) લગભગની રકમ થવાથી એકંદર એ કાર્ય માટે રૂ. ૫૫૦૦૦) થયા હતા. ઉપરાંત પ્રમુખ સાહેબે પરચુરણ સખાવતો સુમારે રૂ. ૨૦૦૦૦) ની જાહેર કરી હતી. આ ભાષણ સાંભળીને શ્રોતાઓનાં દિલ બહુજ પ્રસન્ન થયા હતા.

ત્યારબાદ પરસ્પરનો આભાર માનવાનું ખાસ ફરજવાળું પરંતુ હર્ષની ઉમીંઓના ઉછાળાવાળું કાર્ય શરૂ થયું હતું. પ્રથમ કલકત્તા જેવા દૂર પ્રદેશમાં તસ્દી લઇને પધારેલા ડેલીગેટોનો શેઠ રામચંદ જેઠાભાઇએ ઘણા લાગણીવાળા શબ્દોમાં આભાર માન્યો હતો. તેના પ્રત્યુત્તરમાં શા. કુંવરજી આણંદજીએ ડેલીગેટો તરફથી બંગાળા અને કલકત્તાના શ્રીસંઘનો તેમણે કરેલા અપૂર્વ સત્કાર અને સગવડને અંગે આભાર માન્યો હતો અને વોલંટીયરોએ બજાવેલી અપૂર્વ સેવા માટે પણ ઘણા ઉચ્ચ શબ્દોમાં આભાર માન્યો હતો. ત્યારબાદ બાબુસાહેબ રાયકુમારસિંહજીએ વોલંટીયરોનો, દરેક કમીટીના પ્રમુખ, સેક્રેટરી વિગેરે ગૃહસ્થોનો, રીપોર્ટ માટે રોકાયેલા વર્તમાન પત્રોના એડીટરોનો અને અન્ય સહાયકોનો આભાર માન્યો હતો. ત્યારબાદ પોતાનો બગીચો આ શુભ કાર્ય માટે વાપરવા આપવાને અંગે બાબુ સાહેબ રાય બદ્રીદાસજી બહાદુરના સુપુત્રોનો આભાર માનવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રમુખસાહેબ તરફથી વોલંટીયરોને આપવા માટે તૈયાર કરાવેલા ચાંદો પધારેલા ગૃહસ્થોના હર્ષનાદ વચ્ચે એનાયત કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ ઘણા વર્ષ કોન્ફરન્સનું કામ કરીને રીટાયર થયેલા ઝવેરી કલ્યાણચંદ સોભાગચંદનો તથા બાબુ સાહેબ રાયકુમારસિંહજી વિગેરે અન્ય સેક્રેટરીઓનો આભાર માનવામાં આવ્યો હતો. પ્રાંતે ઘણા મધુર અને અંતઃકરણની લાગણીવાળા

શબ્દોમાં પ્રમુખસાહેબને આભાર બાબુસાહેબ રાજાવિજયસિંહજી બહાદુર દુધેરી-આએ માન્યો હતો અને પછી પ્રમુખસાહેબને હારતોરા તાળીઓના હર્ષનાદ વચ્ચે એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રમાણે કાર્યની સમાપ્તિ થતાં કોન્ફરન્સને બરખાસ્ત કર્યા અગાઉ પ્રમુખસાહેબ પોતે પોતાના હર્ષોદ્ગાર પ્રકટ કરવા માટે ઉભા થયા હતા અને સ્વમુખે નીચે પ્રમાણેનું ભાષણ કર્યું હતું, જે શ્રોતાઓએ એકચિત્તે સાંભળ્યું હતું.

પ્રમુખસાહેબ બોલ્યા કે—"મારા વહાલા બંધુઓ ! મને જ્યારે આ કામ સોંપવાનું ઠર્યું અને હું જ્યારે અત્રે આવવા નીકળ્યો ત્યારે મને બહુ ચટપટી થતી હતી, અને કલકત્તા ન જોયેલ હોવાથી ત્યાંની સખત ઠંડીની વાતો સાંભળીનેજ હું ધ્રુજતો હતો; પરંતુ અત્રે આવ્યા પછી પૂર્વ પુણ્યના યોગે અને આપ સૌ ભાઇઓની સંપૂર્ણ લાગણી અને સહાયથી મને મારૂં કામ આનંદરૂપ થઇ પડ્યું છે અને ઠંડીએ પણ મહેરબાની રાખી છે. અને મારા ભાઇઓએ સાથે રહી મારૂં કામ સરલ કરી આપી મને જશ અપાવ્યો છે તે માટે આપ સર્વનો અંતઃકરણથી આભાર માનું છું.

આપણી કોમમાં જૈન રાજાઓ છે તે મને અત્યારસુધી ખબર નહોતી; તે આજે જોઇ મને અનહદ ખુશાલી થઇ છે અને તેમની લાગણી, ધર્મપ્રેમ અને નમ્રતા જોઇ હું તો દીંગજ થઇ ગયો છું. રાજાઓને આપણે ઇચ્છીએ છીએ અને તેમનાથીજ આપણા ધર્મનો ઉદય છે એમ પાછલા દૃષ્ટાંતોથી ખાત્રી થાય છે તો આ શુભ લાગણીનું સારૂં ફળ જરૂર જોઇશું. હું તો તેમની લાગણી અને સરસરાથી એટલો ખુશી થયો છું કે મહીના સુધી અહીંજ રોકાઇ રહું તેમ મન થાય છે. પણ નીકટના સગામાં શુભ પ્રસંગે જલદી જવાનું હોવાથી તે મજા વધારે નહિ લઇ શકવા માટે લાચાર છું.

આ પ્રસંગે શેઠ કુંવરજીભાઈના પરિચયથી મને લાગ્યું છે કે આવા મેળાવડાથી આંતરમેલ ધોવાઈ સ્નેહ વધે છે. તેઓએ અને બીજાઓએ આ પ્રસંગે પરસ્પર પ્રેમ જગાડ્યો છે તેથી તેનું શુભફળ આપણે જોઇશું તેમ મને વિશ્વાસ છે. હું માનું છું કે કુંવરજીભાઈ આપણી કોમમાં નેતા છે ને તે ધારે તો સૌને ખરી વસ્તુ સમજાવી શકે તેમ છે તો તેઓની સંપની પ્રકૃતિનો વધુ ઉપયોગ કરશે તેમ મને વિશ્વાસ છે. તેમને એક વખત કહેવાયેલા કઠણ વચનો માટે હું મિચ્છામી દુક્કડ આપું છું.

છેવટ આપ ભાઇઓ પ્રત્યે મારી બુઢી અવસ્થાને લઇ ઉતાવળથી કંઈ બોલાયું હોય કે અવિનય થયો હોય તો તે માટે હું અંતઃકરણથી માફી માગું છું.

ત્યારબાદ શેઠ કુંવરજી આણંદજીએ પ્રત્યુપકાર માનતાં કોમમાં પરસ્પર સંપ વધે અને આંતરમળ ધોવાઈ જાય તેવો પ્રસંગ જોવાને દરેક યત્ન કરવા અંતઃકરણથી વચન આપ્યું હતું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારબાદ જૈન શાસનનો જય બોલી સભાજનોના હર્ષનાદ વચ્ચે પ્રમુખ સાહેબે કોન્ફરન્સની ૧૧ મી બેઠકનો મેળાવડો બરખાસ્ત કર્યો હતો.

---

હિંદુ યુનિવર્સીટી માટે થયેલાં ફંડનું લીસ્ટ અહીં આપવું હતું, પરંતુ તે તૈયાર થઈને નહીં આવી પહોંચવાથી આપી શકયા નથી.

---

## કલકત્તા ખાતે મળેલી અગિયારમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સમાં દેશરત્ન પંડિત મદનમોહન માલવીયાએ આપેલું ભાષણ.

વિદ્યાના પ્રચાર સંબંધી તમે જે ઠરાવ પસાર કર્યો છે તેથી જોવાય છે કે અત્રે જે ભાઈ બહેનો છે તે સર્વ તેનું ગૌરવ સમજે છે. જો કે ભારતમાં જૈનોનું સંખ્યા પ્રમાણ ( દળ ) બહુ નથી છતાં તેમનું ધર્માભિમાન–દ્રવ્ય-ચળવળ-લાગણી વગેરે ઉન્નતિનાં તત્ત્વ વિશેષ છે તેજ તમારૂં ગૌરવ સૂચવે છે. હિંદમાં ધર્માભિમાન માટે ખરો આગ્રહ થોડામાં છે અને ખાસ કરીને હિંદમાં સર્વત્ર તેવું જોવાય છે ત્યારે ફક્ત જૈન માટે તેમ નથી એ ખુશી થવા જેવું છે.

આપનું દળ ( સંખ્યા પ્રમાણ ) થોડું છતાં બળ વધુ છે; તેના સદુપયોગથી ગવર્નમેંટ દ્વારા જોઈતી સગવડ ન મળે તો પણ તમારી કોમમાં એક પણ જૈન બાળક કે બાળીકા અભણ ન રહે તેમ તમે કરી શકો તેમ છો.

ઉન્નતિનું મૂળ વિદ્યાજ છે, એ ખરૂં છે; પરંતુ ધર્મદ્વારાજ વિદ્યા, રૂપ, શૌર્ય, કુલીનત્વ, રાજ્ય, સ્વર્ગ, મોક્ષ એ સર્વે પ્રાપ્ત થઇ શકે છે. જો તમે ધર્મનું રક્ષણ કરવા ચાહતા હો તો ઉચ્ચ કોટીનાં સર્વ શિક્ષણનો પ્રચાર ધર્મને સાથે રાખીનેજ તમારે કરવો જોઇએ.

તમારા પાસે શાસ્ત્રભંડાર મોટો છે, તમારા ગ્રંથ સંસ્કૃત અને પ્રાકૃતમાં છે. તે જોવા અને તેના ભાષાંતરો કરવા વિદ્યાભ્યાસની જરૂર છે.

તમારે જેમ બાર વ્રત છે તેમ એક એ પણ વ્રત લ્યો કે હું એક બાળક કે બાળીકાને મારા ખર્ચે શિક્ષણ દઇશ; કેમકે એ વ્રત બારે વ્રતમાં સમાઈ જાય છે અને તેના ઉપરજ ઉદયનો સર્વ આધાર છે.

તમારૂં દળ કમ હોવાથી સંગઠન થવું સહેલું છે. તમે પ્રત્યેક ગામવાર લીસ્ટ કરી જૈનના દરેક બાળક બાળીકા કયાં, શું અને કેવી રીતે ભણે છે તેની નોંધ લેવાનું કરો અને તે દ્વારા ખરી સ્થિતિ જાણીને જેને જરૂર હોય તેને પુસ્તક, દ્રવ્ય કે અનાજ વિગેરે જોઇતી દરેક મદદ પૂરી પડે તેમ કરો. ત્યારે જ શિક્ષણનો હેતુ સાધી શકાશે.

ગૃહસ્થો ! જેમને પુત્ર કે પુત્રી નથી તેને તે મેળવવા મોહ થાય છે, પરંતુ પૃથ્વીની સંપત્તિ કે ચક્રવર્ત્તિની સત્તાથી પણ તે પ્રાપ્ત થઇ શકે તેમ નથી; કેમકે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્તા ઇશ્વરી નિયમને આધીન છે. એટલે સંતતીનું મૂલ્ય અમાપ છે. દુનિયાના દરેક વિજ્ઞાની, દાક્તરો કે પ્રોફેસરો મળીને હજી એક પણ જીવ ઉત્પન્ન કરી શકયા નથી, તો તમારી જ્ઞાતિના બાળક બાળકીને તમારે અણુમૂલ ધન સમજવું જોઇએ. માતા જે પ્રેમથી બાળકને ગોદમાં લે, અને પિતા જે વાત્સલ્યથી બાળક તરફ દૃષ્ટિ કરે ને તેને ખરૂં સુખ માને–તે સુખ એજ જગતમાં સૌથી મોટામાં મોટી શાંતિ છે એમ માને તો પછી તમારામાં ધર્મપ્રેમ છે તેથી જ્ઞાતિના બાળકોને જોઇ તમને પ્રેમ થવો જ જોઇએ. યાદ રાખશો કે પ્રેમને વિસ્તારવાથી તમારામાં રહેલા પ્રેમનો ખજાનો ઘટવાનો નથી, પરંતુ ઉલટો પ્રેમ તો પરિવર્તનથી વધી શકે છે, તમે તમારા બાળકો તરફ જે પ્રેમ દર્શાવો તે ખરૂં કહો તો સ્વાર્થી પ્રેમ છે, ત્યારે સ્વકોમના સંતાનો તરફનો પ્રેમ નિઃસ્વાર્થ પ્રેમ છે, અને મેં કહ્યું તેમ બાળક બાળીકા હોવાં એ પરમેશ્વરની શક્તિમાં છે, તેથી તમારૂં કર્તવ્ય છે માટે જ્ઞાતિના એકેક બાળકને શિક્ષણ આપવાને સૌ વ્રત લેશો તો પછી આગળ તે પ્રેમ લંબાશે.

અંગ્રેજી માટે ગવર્મેન્ટે શિક્ષાનો ક્રમ શરૂ કર્યો ત્યારથી આ અમારાં બાળક બાળીકા આચાર–ધર્મભ્રષ્ટ થવા લાગ્યા, દેવભક્તિ ભૂલી ધર્મગુરૂનો અનાદર કરતાં શીખ્યા અને નવા ગુરૂ સ્થાપવા લાગ્યા. અનાચાર આદિ અધર્મનું જોર વધતું ચાલ્યું. આ જોતાં તમે ધાર્મિકશિક્ષાનો ઠરાવ કર્યો છે તે જોઇ હું ખુશી થાઉં છું. જેને ધર્મમાં વિશ્વાસ–શ્રદ્ધા નથી તે દેશ કે ધર્મનો ઉદ્ધાર કરી શકશે નહિ, માટે તમે તેવા વિચારને વળગી રહી તેને પુષ્ટ બનાવો અને તમારા સિદ્ધાંતો અન્યને પણ સમજાવો.

વ્યાપારીશિક્ષણ સંબંધે તમે જે ઠરાવ કર્યો છે તે પણ બહુ જરૂરનો છે. અત્યારે મોટરગાડી ટ્રામ વિગેરે દોડદોડ ચાલી રહી છે, તેમાં કોણ આગળ નીકળશે તે જોવાનું છે. હાથધકાની ગાડીથી ઘોડા ને તેથી મોટર આગળ દોડે છે. વિદ્યા એજ મોટર છે; પણ વિદ્યાનો અર્થ એમ, એ. બી, એ. કે વકીલ, બારીસ્ટરમાં નથી. ખરી વિદ્યા તો આપણી પ્રાચિન છે તેજ છે.

માટીમાંથી સોનું બનાવનાર આપણે જોઇએ છીએ. હિંદભુમિમાં અનેક ખનીજ, વનસ્પતિ આદિ પદાર્થો ઉત્પન્ન થાય છે અને તે પરદેશ જઇ બીજું રૂપ કરી આવી અમૂલ્ય મૂલ્યે અંકાય છે. તે શું આપણે કરી શકીએ નહિ ? એ વિચારોથી જ બનારસમાં હિંદુ યુનિવર્સીટી ખોલી છે. બીજા દેશની ભાષાદ્વારા તે કાર્ય થતું નથી, તેથી સરલતાથી અત્રે સાયન્સ, વિજ્ઞાન અને વ્યાપારનું શિક્ષણ આપી દેશનું ધન વધી શકે તેવો યત્ન કરવાનો છે. હું તેના માટે ભિક્ષા માગું છું પણ તે માત્ર એમ, એ. કરવા માટે નહિ પણ તેની સાથે અમારૂં જાતિ ધન વધારે અને સ્વબળ ઉત્પન્ન કરે તેવા યુવકો પકાવવા માટે યત્ન કરૂં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનરૂપી ધન તો ધર્મજ્ઞાનથીજ પ્રાપ્ત થાય છે તેમ મારૂં માનવું છે, તેથી આપણી હિંદુ યુનિવર્સીટીમાં ધાર્મિક શિક્ષણ દાખલ કર્યું છે. મેં આજસુધી શીવ તથા વીરને બીજા ભાવથી જોયા નથી, કેમકે મારા નિવાસ પ્રાંતમાં હિંદુ અને શ્રાવકમાં ખાનપાન ને વિવાહસંબંધ થાય છે, તેથી તેવી ધાર્મિક ભિન્નતાની મને ખબર નહોતી. પરંતુ મારા મિત્ર માણેકચંદજી વિગેરે જેઓ આ યુનિવર્સીટીની કમીટીમાં છે, તેમના તરફથી આવી દલીલ લાવવામાં આવી અને તમોને ધર્મપર તેમજ મંદિરપર પ્રેમ છે તો તમારા પ્રેમમાં મને પણ પ્રેમ છે. વળી તે માટે મદદ મળી છે અને શિક્ષણક્રમ માટે કમીટી નીમી છે તો તે સર્વ થશે.

જર્મનીમાં કેમેસ્ટ્રી કોલેજની ઇમારતમાં એક કરોડ રૂપીઆ ખર્ચ થયો છે. તે તેમનો વિદ્યાપ્રેમ અને રાજ્યઆશ્રયનો પુરાવો છે. આપણા દેશમાં કાચી ધાતુ બની બીજા દેશમાં જઇને ત્યાંથી રૂપાંતર કરી મોકલે છે. એકના સોળગણાં દામ લે છે એવી લાખો વસ્તુ છે, તેથી જો આપણા બાળક કેમેસ્ટ્રી શીખે તો લાખોગમે દ્રવ્ય દેશમાં જ ઉત્પન્ન કરી શકે. અમે તેવી કોલેજ માટે યત્ન કરવા ચાહીયે છીયે ને તમો સૌ ભાઇઓની મદદથી તે થશે એમ આશા રાખીએ છીએ.

જો કે હજુ આપણા દેશ માટે તેવી ઘણી સંસ્થાની જરૂર છે, તેથી એક જણે કે વળી બીજા પ્રાંતોમાં તેવી સંસ્થાઓ ઉભી કરો. જો કે આવા શિક્ષણ માટે જાપાન અમેરીકા વિગેરે દેશમાં આપણાં બાળકો જાય છે, પરંતુ જ્યાં પૂર્વકાળથી વિદ્યા છે તેના બાળકો બીજા દેશમાં શિક્ષા લેવા જાય અને પોતાના દેશમાં સાધન ઉત્પન્ન ન કરે તે ખેદની વાત છે.

આ યુનિવર્સીટીમાં તમારા માટે જેટલો ખાસ લાભ મેળવવા ધારશો તેટલો મળશે. છાત્રાલય વચ્ચે મંદિર બનાવી બાળકોની દૃષ્ટિ નિરંતર ધર્મશ્રદ્ધામાં ટકી રહે તેમ કરીશું અને તમે સ્કોલરશીપો સ્થાપીને સગવડ વધારશો તો ઘણા રત્નો પકાવી શકશો. કોલેજ લેબોરેટરી વગેરે તરફ પણ ધ્યાન દેશો તો ઠીક છે, અગર નહિં તો ચિંતા નથી, કેમકે જ્યાં તત્ત્વ છે ત્યાંથી તે મળશેજ એમ મને શ્રદ્ધા છે.

જૈનો ખેતીથી ઓછો સંબંધ રાખે છે પણ આધુનિક કાળમાં એગ્રીકલચર કોલેજની તરફ જરૂર ધ્યાન દેવા જેવું છે. કેમકે જમીન નિઃસત્વ થવાથી તેમજ કેળવણીની ખામીથી ઘણા જીવો અન્નપાણી વગર મરે છે, ત્યારે આ શિક્ષણ વડે દેશની પેદાશ બે ત્રણ કે ચારગણી થવાથી તે દુઃખ જશે. ટેકનીકલ-રેલ્વે વગેરે એન્જીનીયરીંગ કામો તથા કોલેજ ઓફ કોમર્સ વિગેરે પણ આ યુનિવર્સીટીમાં રાખેલ છે તે જાણી તમે ખુશી થશો.

જૈનો કેવળ દલાલીનાં કામ કરે છે અને ફક્ત પૈસા મેળવી તેથી સંતોષ માને છે એટલે દરેક જોઇતું કામ વિલાયતની પેઢી મારફત ચલાવવાથી સત્ત્વ તે વિલાયત-

For Private And Personal Use Only

વાળાઓ લે છે ને તમને કુચા આપે છે. વ્યાપારમાં પરાધીનતા શામાટે જોઇએ તે હું સમજી શકતો નથી. જે ચીજો આપણા દેશમાંથી જાય ને ફરી આવે તે અત્રે બનાવવામાં બીક શા માટે રાખવી જોઇએ ?

રાયલીબ્રધર્સ એકલેજ દેશમાં જાળ ફેલાવી ત્યારે શ્રીમાન્ જૈનો એક મંડળદ્વારા તે કાર્ય શું નહિ કરી શકે ?

જાપાનીઓની એ દશા સાઠ વર્ષ ઉપર હતી. અમેરીકનો તેને થપ્પડ મારતા હતા, પરંતુ ઉદ્યોગની ખીલવણીથી આજે ગવર્મેંટ પણ તેને ભાઇબંધ કહે છે. તે વિદ્યાબળ છે. અનેક બેંકો ખોલી તમે આવાં કાર્યો સહેલાઇથી કરી શકો તેમ છો. તમારામાં મોટા મોટા શ્રીમંત છે, છતાં બેંક કયાં છે ? દેશમાં કોણે કયો વ્યાપાર હાથ કર્યો છે? આપણા જહાજો કયાં છે? તમારો તો તારવાનો ધર્મ છે, વળી જેમાં જીવહિંસા નથી ને અનેકને તારીને લઇ જાય છે તે પણ તમે કે અમે કરી શકયા નથી.

તમારી અમારી જાતિમાં એવો કયો બાળક છે કે જે બેંકીંગમાં સમજી શકે? સમાજ શિક્ષીત નથી તેમ સહાયતા પણ નથી, તેથી પાછળ પડતા જઇએ છીએ, તે માટે કોલેજ ઓફ કોમર્સની જરૂર છે, ત્યાં અંગ્રેજીદ્વારા શિક્ષણની જરૂર નથી. સાઠ વર્ષથી અંગ્રેજીદ્વારા જે શિક્ષણ શરૂ થયું છે તે દેશી ભાષામાં અપાયું હોત તો કેટલો લાભ થાત ? પરભાષાથી પિતા પુત્ર ભાષા અને વિચારમાં જુદા પડે છે ને એક ઘરમાં બે પક્ષ પડી જાય છે તેથી હાનિ છે. દેશી ભાષામાં ગેજેટ હોવાથી વેપારની સૌને ખબર પડે; અને દુનિયાને જાણવાથી દેશમાં કેટલો માલ થાય છે ને તે ક્યાં ક્યારે જાય છે તે જાણવાથી વધારે જાગૃતિ થાય.

હું વિશ્વવિદ્યાલયની અપીલ કરવા આવ્યો નથી. મારા મિત્રે કહેવાથી ફક્ત તેનો પરિચય કરાવ્યો છે. બાકી ધન જોશે ત્યારે તમેજ દેશો. યાદ રાખજો કે જેટલું જળ સીંચશો તેટલી વૃક્ષઘટા ફળફુલવાળી ફેલાશે.

તમારામાં દળ કરતાં બળ વધુ છે. રસીના જુથથી બળ વધે છે, પણ તેને સામસામે ખેંચવાથી લાભ નથી. મેં સાંભળ્યું છે કે શ્વેતાંબર દિગંબરમાં સંપ નથી તે જાણી મને દુ:ખ થાય છે. જૈન જાતિમાં આ સ્થિતિ જોઇ શોક થાય છે. પૂજા ઉપાસના તમારી આજ્ઞા પ્રમાણે કરો, પણ વ્યાપાર–ઉદ્યોગ–કેળવણી અને સમાજ ઉત્કર્ષમાં જુદા પડો એ ખેદની વાત છે. તમે બીજાને જિનધર્મી બનાવવા ઠરાવ કરો છો તો જે તમારા છે, જેણે એજ બાર વ્રત, એજ શાસ્ત્રો અને એજ પ્રભુ માન્યા છે તેને જુદા માનશો તો બીજાને કેમ જૈન કરી શકશો ?

અહિંસા એ તમારો અને મારો સિદ્ધાંત છે. હું વૈષ્ણવ છું, મારો વિશ્વાસ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે જીવ માત્રમાં ઇશ્વરનો અંશ છે, તો એક જીવને દુઃખ પહોંચે તો પ્રભુને દુઃખ દેવાનો આપણે ગુન્હો કરીએ છીએ તેમ માનનારા આપણે એક છીએ, છતાં ધર્મને નામે મતભેદથી હિંસા કરવી તે ભૂલ છે.

જે મનુષ્યને જીવ ઉત્પન્ન કરવાને સત્તા નથી તેને જીવ હણવાનો પણ શું અધિકાર છે? તે માટે બહુ ઉપદેશ કરો. અશુદ્ધ ચર્બીથી પણ આત્મા દુખાય છે. જેને શુદ્ધ આહાર મળે તે મોટા ભાગ્યશાળી છે. જેમાં કોઈ જીવને તકલીફ ન પડે તેમ કરવા જીવદયા વિસ્તારણી સભા સ્થાપન કરી લોકોને સમજાવવાની જરૂર છે; અને સ્કુલોમાં પણ એ વાત દાખલ કરી વિદ્યાર્થીને અશુદ્ધ વસ્તુપર ચીડ કરાવવી જોઇએ છે.

તમારા ને હિંદુધર્મમાં ફેર નથી. અહિંસા, બ્રહ્મચર્ય વિગેરે પાંચ યમ બન્નેમાં છે, તો આપણો સંબંધ ન ભૂલાવો જોઇએ. આપણો ઘણો ગાઢ સંબંધ છે અને જગતમાત્રનો પણ સંબંધ છે, તો મતપંથના ભિન્નભાવથી બચો અને બચાવો.

પ્રસ્તાવો પાસ કરી ચાલી જતી કોન્ફરન્સના ચેપથી તમે બચજો ને તે ઠરાવ અમલમાં મૂકવાને મહીને મહીને તેની તપાસ–રીપોર્ટ લેવાનું જારી રાખજો. બાર મહીને જાગવાથી કાર્ય થતું નથી. એક રજીષ્ટર બનાવી જો કોઇ પણ જૈન બાળક ન ભણતો હોય તો તપાસ કરી આગળ વધારવા અને દરેક ઠરાવને ફલીત કરવા નિર્ણય કરશો.

## જૈન સાહિત્યના પ્રચાર વિષે જૈન કોન્ફરન્સમાં રા. કુંવરજીભાઇ આણંદજીએ આપેલું ભાષણ.

જૈનસાહિત્ય સંસ્કૃત, પ્રાકૃત, હિંદી અને ગુજરાતી ભાષામાં ગદ્ય અને પદ્યમાં એટલું બધું વિશાળ છે કે, હાલમાં તેને છપાવીને પ્રકટ કરવાના ચાલતા પ્રયાસ પ્રમાણે સો વર્ષે પણ તે તમામ છપાઈ શકે તેમ નથી. તેથી તેની ગતિમાં વૃદ્ધિ કરવાની જરૂર છે.

જૈનસાહિત્યની અંદર વ્યાકરણ, કાવ્ય, કોષ, અલંકાર, ન્યાય, જ્યોતિષ્ અને ધર્મશાસ્ત્ર–એ સર્વનો સમાવેશ થાય છે અને તે દરેક વિષયના અનેક ગ્રંથો દ્રષ્ટિ-ગોચર થાય છે, કે જેની અંદર બતાવેલી વિદ્વત્તાને માટે હાલના વિદ્વાનો પણ અત્યંત પ્રશંસા કરે છે. કોઈ પણ વિષયમાં જૈનસાહિત્ય નથી એમ નથી. સર્વ વિષયનો એમાં સંગ્રહ છે. નાટક ચંપુ વિગેરેની સંખ્યા પણ પુષ્કળ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મશાસ્ત્રની અંદર કર્મનો વિષય જૈન ગ્રંથકારોએ એટલો બધો સૂક્ષ્મપણે પ્રરૂપ્યો છે કે અન્ય કોઇ પણ દર્શનમાં કર્મનો વિષય તેના શતાંશે પણ પ્રરૂપેલો દૃષ્ટિગોચર થતો નથી. મારા અનુભવમાં એ વિષયના સુમારે લાખ શ્લોકના પ્રમાણવાળા ગ્રંથો આવેલા છે જેથી હું તેની વિશાળતા સમજી શકયો છું. જીવના સંબંધમાં પણ જૈન ગ્રંથકારોએ જે તેના ભેદો અને પ્રકારો બતાવ્યા છે તેવા કોઇ પણ દર્શને બતાવ્યા નથી.

જૈનોનું તત્ત્વજ્ઞાન પણ ઘણું ઉંચા પ્રકારનું છે, તેમજ ઘણું વિશાળ હોવા સાથે તીક્ષ્ણ બુદ્ધિવાળા જ સમજી શકે તેવું છે.

જૈનસાહિત્યની વિશાળતા બતાવ્યા પછી હવે હું તેના પ્રચાર સંબંધી કહીશ. હાલમાં શ્રી આગમોદય સમિતિ, જૈન ધર્મ પ્રસારક સભા, જૈન આત્માનંદ સભા, દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ વિગેરે સંસ્થાઓ તરફથી જૈનસાહિત્ય પ્રકટ કરવાનો પ્રયાસ શરૂ છે. દરવર્ષે સારી સંખ્યામાં ગ્રંથો ને સૂત્રો પ્રકટ થાય છે. પ્રથમ બનારસ પાઠશાળા તરફથી અને ભીમશી માણેક તરફથી એ સંબંધમાં પુષ્કળ પ્રયાસ કરવામાં આવ્યો છે. શેઠ મનસુખભાઈ ભગુભાઇ તરફથી પણ તે સંબંધમાં ઘણો ઉત્તમ પ્રયાસ કરવામાં આવ્યો છે અને ઘણા ઉપયોગી ગ્રંથો બહાર પાડવામાં આવ્યા છે, હાલમાં તે ખાતું શિથિલ પડેલું જણાય.છે. બીજા કેટલાક આજીવિકા નિમિત્તે પણ આ પ્રયાસ લઇ બેઠેલા છે, પરંતુ તેના સંબંધમાં ખાસ કહેવાનું એ છે કે તેઓ કાગળો ને ટાઇપો હલકા વાપરે છે, અશુદ્ધતા દૂર કરવા પૂરતો પ્રયત્ન કરતા નથી અને કિંમત હદ ઉપરાંત રાખે છે. આ ત્રણે પ્રકાર શોચનીય છે, તેથી તેમાં સુધારો થવાની અગત્યતા છે. જૈનસાહિત્ય પ્રકટ કરનાર દરેક સંસ્થાએ કે ગૃહસ્થે તેને જેમ બને તેમ વિશેષ શુદ્ધ કરવા તરફ અને કાગળો ઉંચા વાપરવા તરફ ધ્યાન આપવાની અગત્ય છે. તેવું ધ્યાન નહીં આપનારા અને યથેચ્છ વ્યવસ્થા કરી માત્ર દ્રવ્યજ ઉપાર્જન કરનારાઓને કોઇ પણ પ્રકારનું ઉત્તેજન નહીં આપવાની ખાસ આવશ્યકતા છે.

હવે હું આ ઠરાવની અંદર આવેલા સસ્તી કિંમતે સાહિત્ય પ્રકટ કરવાના વિચારને અંગે કહેવા માગું છું કે સાહિત્યની કિંમત સસ્તી ત્યારેજ રાખી શકાય છે કે જ્યારે તેની સંખ્યાબંધ નકલો ખપતી હોય. વિલાયતમાં જ્યારે એકેક બુકની લાખો નકલો ખપે છે અને સંખ્યાબંધ આવૃત્તિઓ થાય છે ત્યારે તેની કિંમત સસ્તી રાખવામાં આવે છે. અહીં તો એક ગ્રંથની પાંચસો કે હજાર નકલ છપાવવામાં આવે છે, અને તેને પણ ખપતાં પાંચ કે દશ વર્ષ જોઇએ છીએ. આ મારા અનુભવથી સિદ્ધ થયેલી હકીકત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું આપણા વર્ગના શ્રીમંત ગૃહસ્થોને પૂછીશ કે આપ દરવર્ષે જૈન સાહિત્યમાં કેટલા દ્રવ્યનો વ્યય કરો છો ? તો તેનો જવાબ આપતાં તેમને શરમાવું પડશે. જ્યારે આપણો શ્રીમાન્ વર્ગ દર વર્ષે એ સંબંધમાં અમુક દ્રવ્ય વાપરવાના નિર્ણય ઉપર આવશે. અને એકેક ગ્રંથની પાંચ પાંચ હજાર નકલો દર વર્ષે છાપવા માંડશે ત્યારેજ જૈન સાહિત્ય ઘારેલી સસ્તી કિંમતે બહાર પડી શકશે; જો કે હાલમાં કેટલીક સંસ્થાઓ તે બાબતમાં પ્રયત્ન કરી રહેલ છે; પરંતુ તેને શ્રીમંતો તરફના ઉત્તેજનની ખાસ અગત્ય છે. જૈન સાહિત્યના પ્રચારને અંગે જે જે સંસ્થાઓ પ્રયાસ કરી રહેલ છે તેનો આપણે આભાર માનવો ઘટે છે; અને તેઓ પોતાનો પ્રયાસ શરૂ રાખે, વધારે અને અન્ય સંસ્થાઓ પણ તેવો પ્રયાસ શરૂ કરે એવી પ્રેરણા કરવી ઘટે છે.

આપણે યુનિવર્સીટીની અંદર જ્યારે જૈન સાહિત્ય દાખલ કરાવવા પ્રયાસ કરીએ છીએ, કેટલીક યુનિવર્સીટીમાં દાખલ થયેલું પણ છે, ત્યારે તદ્યોગ્ય સાહિત્યના ગ્રંથો આપણે તૈયાર કરાવી છપાવીને બહાર પાડવાની શિઘ્ર આવશ્યકતા છે. કારણકે તેમ થાય તોજ આપણા પ્રયાસની સફળતા થઇ શકે.

હવે છેવટે આપણા પુસ્તક ભંડારોના સંરક્ષકો સંબંધે કાંઇક કહીશ. તેમણે મુસલમાની રાજ્યના વખતમાં અને જ્યારે તેની ઉપર અનેક પ્રકારનો ભય હતો ત્યારે તેનું અત્યંત પ્રયાસવડે રક્ષણ કરેલું છે, તેથી તે બાબત તો તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનવો ઘટે છે; પરંતુ અત્યારે જ્યારે કોઇપણ પ્રકારનો ભય નથી તેવા વખતમાં તેવો અપૂર્વ વારસો છુપાવી રાખવામાં આવે અને તેને શરદીનો કે ઉધેઇનો ભોગ થતો અટકાવવામાં ન આવે તો જેટલું ડહાપણ વાપર્યું છે તેટલીજ હવે અણસમજણ વાપરી ગણાય; માટે તેવા દરેક પુસ્તક ભંડારના રક્ષકોએ પોતાના સંરક્ષણ નીચેના પુસ્તક ભંડારોને એવી સ્થિતિમાં મૂકી દેવા જોઇએ કે જેથી તેનો લાભ જેમ બને તેમ વધારે લેવામાં આવે અને તેમાંનો જરૂરી વિભાગ છપાઇને પ્રકટ કરવાનું પણ સત્વર બની શકે. તેઓને આટલી સૂચના આપીને અને આપણા શ્રીમંતવર્ગને જૈન સાહિત્ય ખરીદ કરવાના સંબંધે ફરીને પ્રેરણા કરીને જૈન સાહિત્યના પ્રચાર સંબંધીની જે દરખાસ્ત મેં આપની પાસે મૂકી છે તે સ્વીકારવાની વિનંતિ કરી હું મારૂં ટુંકું ભાષણ સમાપ્ત કરી બેસી જવાની રજા લઉં છું.

For Private And Personal Use Only